કુમાર


આવતી કાલનાં નાગરિકોનું માસિક

સંસ્થાપક · રવિશંકર રાવળ

બચુભાઈ રાવત

જાન્યુઆરી ૧૯૫૦


અંક ૩૧૩



વેદનામૂર્તિ

ફોટો · જગન મહેતા

અમે, હિંદના લોકો, ગંભીરતાથી હિંદને સર્વોપરી પ્રજાતંત્રી લોકરાજ બનાવવા માટે, અને તેના તમામ નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય મળે, વિચાર તથા વાણીની અને ધર્મ તથા પૂજા-બંદગીની સ્વતંત્રતા મળે, સમાન દરજ્જો અને સમાન તક મળે, તથા વ્યક્તિત્વની શાન અને રાષ્ટ્રની એકતા કાયમ થાય એ રીતે ભ્રાતૃભાવ વધારવા માટે ૧૯૪૯ના નવેમ્બરની ૨૬મી તારીખે આ બંધારણને કાનૂનરૂપ બનાવી, એને મંજૂર કરી અપનાવીએ છીએ.



રાજગૃહ મળીને યુનિયનની પાર્લામેન્ટ બનશે **લોકગૃહ**

રાજગૃહ ૨૫૦ સભ્યોનું બનશે; જેમાં ૨૩૮ સભ્યો પ્રાંતીય ધારાસભાઓ ચૂંટી મોકલશે ને બાકીના ૧૨ પ્રમુખ પોતે નીમશે

લોકગૃહમાં વધારેમાં વધારે ૫૦૦ સભ્યોનું બનેલું હશે, અને તે બધા જનતામાંથી (પુખ્તગતાધિકાર દ્વારા) સીધા ચુંટાઈ આવશે

આ બંને ગૃહો મળીને
પ્રમુખની ચૂંટણી કરશે

એ રીતે ચુંટાએલો પ્રમુખ, ત્યાર બાદ, પોતે એક ઉપપ્રમુખ નીમશે;
અને તે ઉપપ્રમુખને બંને ગૃહોમાંથી પ્રધાનમંડળ રચવાનું કહેશે.
એ પ્રધાનમંડળ લોકગૃહ તથા રાજગૃહ બંનેને જવાબદાર રહેશે.
પ્રમુખની ગેરહાજરી દરમ્યાન, આ ઉપપ્રમુખ, પ્રમુખના જેટલા જ હક્ક ભોગવશે.
ઉપરાંત તે રાજગૃહના સભાપતિપદે બેસશે.
મથાળે જણાવેલા પ્રસ્તાવમાં આ બંધારણનાં બધાં ધ્યેયોનો સમાવેશ કરી લેવાયો છે.

સ્વતંત્ર ભારતની 'યૂનિયન ગવર્નમેન્ટ'ની રચનાનો ચિત્રરૂપ આલેખ : વિસ્તારી લેખ 'માધુકરી'માં જુઓ

કુમાર

જાન્યુઆરી ૧૯૫૦

અંક ૩૧૩

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન. કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૭॥; પરદેશમાં રૂ. ૯॥ અથવા ૧૫ શિલિંગ. છુટક નકલના બાર આના




યુનિવર્સલ પોસ્ટલ યૂનિયન (વિશ્વ-ટપાલ-સંઘ) ની ૭૫મી જયંતી નિમિત્તની વધુ ટિકિટો

મથાળેઃ અમેરિકાએ કાઢેલાં એ પ્રસંગનાં અનેક 'ફર્સ્ટ-ડે કવર' પૈકીનું એક, જેના પરનું તાજમહાલનું ચિત્ર હિંદનું મહત્ત્વ દર્શાવતું હોવાથી નોંધપાત્ર છે; એ કવર પર અમેરિકા સિવાયની બીજી ત્રણ ટિકિટો (સ્થળને અભાવે) મૂકી છેઃ મથાળે માડાગાસ્કરની, નીચે ઓસ્ટ્રેલિયાની (મોટી કરેલી), ને તેને પડખે ડૉમિનિકાની છે; તેની પછીની ચાર આડી ટિકિટોની હાર આઇસલૅન્ડની એ પ્રસંગની ટિકિટોની છે; તેની નીચે જાપાને કાઢેલું 'ફર્સ્ટ-ડે કવર' છે, જેના ઉપર જમણી તરફ મથાળે જાપાનની ટિકિટો તથા તે પરની ખાસ પોસ્ટમાર્ક અકબંધ ઊઠેલી છે. તેને ડાબે પડખે ઇટાલીની ટિકિટ છે અને નીચેની હારમાં ડાબી બાજુ બે સીલોનની ને જમણી બાજુ સ્વીડનની ટિકિટ છે.



હિંદુ સ્થાપત્યના મોંઘેરા રત્ન **ચિતોડના જયસ્તંભ** ઉપરની સમૃદ્ધ શિલ્પરચના

રૂપસુંદર શિલ્પ-સમૃદ્ધિથી હિંદભરના સ્તંભસ્થાપત્યમાં અનન્ય ગણાતો ૧૧૨ ફૂટ ઊંચો ચિતોડનો જયસ્તંભ માત્ર કુતુબ-મિનારથી જ નીચો છે. ૧૪૩૭માં મહારાણા કુંભાએ માળવાના સુલતાન મહંમદ ખિલજી પર મેળવેલા વિજયના પ્રતીક તરીકે તે બંધાયો. એના નવે માળની ચારે બાજુઓ હિંદુ દેવદેવીઓ, ઋતુચક્રો, અસ્ત્ર-શસ્ત્રો, સરિત્સ્વરૂપો, વાદ્યો આદિનાં જે ભરચક શિલ્પસૌંદર્યથી મંડિત છે તેનો માત્ર જે થોડોક ભાગ અત્રે બતાવ્યો છે તે નિઃશંક દર્શાવે છે કે હિંદુ સ્થાપત્યનું એ મોંઘેરું રત્ન છે.



પાનખર ચિત્રકાર · બિહારીલાલ બારભૈયા

કુમાર વર્ષ ૨૭મું · અંક ૧લો
જાન્યુઆરી · ૧૯૫૦

સૂર્યાસ્ત[1]

· દ્રુતવિલંબિત ·

ક્ષિતિજ શૂન્ય સ્મશાન, ચિતા મહીં
તપનનું શબ, કાય જલી રહી.
અગનની ગગને પ્રસરી શિખા,
ક્ષણિક તેજ તણી શું મરીચિકા ?

તિમિરના પટ શ્યામ થકી નિશા
ધુસર, ને ગમગીન બધી દિશા.
મરણ સન્મુખ મૌન જગે ધર્યું,
કુસુકું યે પણ ના પવને ભર્યું.

સગસમી સુનકાર હવે ભીંસે,
નિખિલ શોકનિમગ્ન જહીં દીસે;
પુરવમાં પ્રગટે તહીં તારકો,
સકલના અવ એક જ ધારકો !

*

અવ ન ગોપન, સર્વ અહીં છતા,
અધિક જેહ અકેક થકી થતા !
પણ હશે સહુ અંજલિ સારતા,
હરખનું અથવા સ્મિત ધારતા ?
સકલનું મન કોણ શકે કહી ?
અકલ એક જ એ જ કથા રહી !

નિરંજન ભગત

હે વરમંડો[2] વણનારાં

હે વરમંડો વણનારા !
તારું વિશ્વવણાટ, તારને કોણ અમે ગણનારા ?

તેજતિમિરને ગૂંથી વણ્યો તેં આભ તણો ચંદરવો,
જડચેતનની કોર કરી, મહીં પૃથવીને પટ ધરવો !

વિરાટના હે વણકર, એ અમ અહંકાર ના ગણિયે,
તેં સોંપ્યું તે સાચવવા જો અમે ય થોડું વણિયે.

પાપપુણ્યના વાણાતાણા લઈ વણ્યા તેં વાઘા,
આતમ અંદર, ઉપર આચખું: એથી અળગા આઘા.

વળી ઉપરનું પોત ઠર્યું છે નવનવ ઠામે કાચું,
એ સૌના સાંધણમાં વણવું સૂતર અમારે સાચું.

કરમધરમની કથા અમારે વાણે તાણે વણવી,
ને સોંપ્યું તે સમેટવામાં ઘડી ન તારે ગણવી !

સૂતરને વણતાંવણતાં અભેદને ભણનારા !
હે વરમંડો વણનારા !

નિરંજન ભગત

1\. ગાંધીજીના અવસાન ઉપરનું રૂપક. વચ્ચેની ફૂદડી આગળ જ કાવ્ય સ્વયંપર્યાપ્ત બની રહે છે. પછી-ની છ લીટીમાં એ સૂર્યને સ્થાને પ્રકાશવા મથતા જણાતા તારકો પર કટાક્ષ છે. ૨. વરમંડો=બ્રહ્માંડો.

પોલાદ

· ભુજંગી ·

અમે ખેડવાને ચહ્યું પોષણાર્થે:
રણે ખેલવાને ચહ્યું રક્ષણાર્થે:
સુવર્ણે કહ્યું, હું છું શૃંગાર કાજે;
કહે રૂપું કે ઘંટડી મીઠી બાજે
ઘડો હું થકી તો; મણિ મોતી હીરા
કહે, ભૂષણો કાજ છૈયેં અધીરાં:
ન કોઈ તદા સાથ દેવા જ આવ્યું;
અને આગમાં જ્યાં ખનિજ્બીજું તાવ્યું
ત્યહાં તેની મગ્દૂર મોળી જણાણી:
બહાદૂરી ત્યારે જ તારી પિછાણી.
તને માનવી તેથી બિરદાવી રહીએ,
ચહી, તું સમા સર્વ પોલાદી થૈએ.

સરોદ

સૂકેલા જિંદગી-કાષ્ઠે

સૂકેલા જિંદગી-કાષ્ઠે શારડી કાળની ફરીઃ
જેર જેવી ખજો ઊડી સર્વ શું ધૂળમાં સરી ?

વજલાલ દવે

અસફલ શોધ

· શિખરિણી ·

અહીં આ સંસારે મનુજ જનમીને સતત હું
રહ્યો શોધી ક્યાં યે યદિ લહું મનુષ્યત્વ નમણું
પશુવૃત્તિ હેઠે, અતિ મનુજ-આડંબર તળે:
વૃથા જોકે મારી હજુ સુધી રહી શોધ અપિતુ
રહી શ્રદ્ધા ઊંડી, કદિક કહિં પ્રદ્યોત મળશે
અને શ્રદ્ધાસ્થૈર્યે હૃદય નિજનું સ્વાસ્થ્ય લહશે.

હજી સુધી તો આ જગત મહિં સર્વત્ર નજરે
પડે કૂડા સ્વાર્થો, છલકપટ ને દંભજડતા;
મનુષ્યત્વે મોહ્યું મન ન લહતું ક્યાંય શુચિતા.
જગજ્જીવો કેરા સતત વહતા એ પ્રવહણે
તણાવું ? ખેંચાવું ? જગ-નજરમાં દક્ષ ઠરવું ?
મહા એ દુગ્ધાની જગતજન ખાશે નવ દયા:
દયા તો હું જાતે મુજ હૃદયની ખાઉં અધિકી-
ચહાતું, પસ્તાતું, તદપિ નહિ જે ચાહ તજતું.

અશોક હર્ષ

હિન્દના રાજકારણી ક્ષેત્રમાં કાર્યકરોની પડાપડી હશે, જાહેર જીવનના શોખીનોની સંખ્યા ભલે મોટી હશે, પણ ઇશ્વરની વીણાનું સ્વરહીન, શબ્દહીન મૂગું સગીત જ્યાં નિરંતર બજી રહ્યું છે એવા અદીઠ નેપથ્યમાં સેવા અર્પનારા અતિ વિરલ છે. એવું વિરલ અને ભવ્ય જીવન-સમર્પણ કરનારા આ મૂગા માનવસેવકનું કો જીવતા મહાકાવ્ય સમું જીવન ગુજરાતની કિશોર અને યુવાન પ્રજા માટે આદર્શ બોધપાઠ રૂપ છે.

ગાંધીજીની પછી એમના જેવું જ બીજું પુણ્યશ્લોક આદરણીય નામ આજે હિંદમાં કોઇનું હોય તો તે ઠક્કર બાપાનું. પીડિતો ને પછાતો તથા અંત્યજો ને આદિવાસીઓની સતત ૩૫ વરસની અંધારા ખૂણાની એમની સેવાઓ આગળ હિંદભરનું મસ્તક આજે નમે છે.

સૌરાષ્ટ્રમાં ભાવનગરની લોહાણા જ્ઞાતિમાં માતા મૂળીબાઇને પેટ ૧૮૬૯ની ૨૯મી નવેમ્બરે એમનો જન્મ થયો ત્યારે એમના પિતા શ્રી વિઠ્ઠલદાસ લાલજી ઠક્કર, ત્યાંના વસાણી ફળિયા નામના એક ગંદા લત્તાના બે માળના મકાનમાં રહેતા અને એક જ્ઞાતિબંધુની પેઢીમાં ત્રીસ-પચીસ રૂપિયાના દરમાયાથી ગુમાસ્તી કરતા.

કુટુંબ આર્થિક દૃષ્ટિએ ગરીબ છતાં ખાનદાની અને સંસ્કારિતામાં ચડિયાતું હતું. વિઠ્ઠલદાસ ઠક્કરે એમના સમયની કેળવણી જોતાં ગુજરાતીનું સારું જ્ઞાન લીધેલું ને ધાર્મિક પુસ્તકો તથા છાપાં નિયમિત વાંચતા; અને વહેલી સવારે સ્નાન તથા લાંબી પૂજામાંથી પરવારી વૈષ્ણવ હવેલીએ નિયમિત જતા. ઘરમાં તેમજ બહાર તે કડક શિસ્ત, વ્યવસ્થા તથા નિયમન પાળનારા ને પળાવનારા હતા. કરડાઈની સાક્ષાતમૂર્તિ સમા અને આખા ફળિયાના લોકોને ધ્રુજાવતા એ પિતાનો શિસ્ત અને વ્યવસ્થાનો ગુણ બાપામાં ઊતર્યો છે. એ અવિભક્ત કુટુંબમાં વ્યાપતી અવ્યવસ્થાને પિતા આગ્રહપૂર્વક કાબૂમાં રાખતા. દરેક ચીજને તેના યોગ્ય સ્થાને મૂકતા. વેરણછેરણ પડેલાં સ્ત્રીઓનાં કપડાંને પણ જાતે ઘડી કરી ગોઠવતા; દાદર પાસે પડતા જોડાના ઢગલાને પોતે જ હારબંધ ગોઠવતા અને બાળકે ગંદું કરેલું જાજરૂ પિતા જાતે સ્વચ્છ કરીને ધોઇ નાખતા.

અમૃતલાલને મોટા થતાં સુધી યે નિશાળે જવાનો બહુ કંટાળો! પિતા એમને જાતે કપડાં પહેરાવી, મારપીટ કરી ને ટીંગાટોળી કરાવીને પણ નિશાળે નાખી આવતા. માર્દવરહિત પિતાની આ કરડાઈથી રક્ષણ દેનારી માત્ર માતા મૂળીબાઇની મીઠી ગોદ હતી.

આ પ્રાથમિક અણગમા પછી અમૃતલાલને ગણિતમાં ખૂબ રસ પડ્યો અને તેજસ્વી બુદ્ધિ હોવાથી ઉત્તરોત્તર વધતા જઇને ૧૮૮૫ માં મેટ્રિક પાસ કરીને સર જશવંતસિંહજી સ્કૉલરશિપ મેળવી.



પિતા : વિઠ્ઠલદાસ લાલજી ઠક્કર

કદિ એ પાંદડે ન થએલા ગરીબ સ્થિતિના કોઈ પણ પિતાને પુત્ર મૅટ્રિક થયે નોકરીએ વળગાડી દેવાનો લોભ સ્વાભાવિક થાય. પણ વિઠ્ઠલદાસ ઠક્કરની આકાંક્ષા અનોખી હતી. તે જાતે પુત્રને પૂનાની ઇજનેરી કૉલેજમાં મૂકી આવ્યા અને પેટ પાટા બાંધીને પણ તેને પૈસા મોકલવા માંડ્યા. ત્યાં સદાશિવપેઠમાં એક કોટડી ભાડે રાખી, આજના વિદ્યાર્થીને ખ્યાલ પણ ન આવે એવી કરકસરથી ત્રણ વરસ અભ્યાસ કરીને, ૧૮૯૦માં ઠક્કર બાપાએ સીવીલ એન્જિનીયરની એલ. સી. ઈ.ની ઉપાધિ મેળવી. એ વિદ્યાર્થી-જીવનને આજે ય યાદ કરતાં ઠક્કર બાપા કહે છે કે: 'મારી માએ મારું પૂનાનું ખર્ચ પૂરવા માટે પોતાના રહ્યાસહ્યા નજીવા દાગીના પણ વેચી નાખેલા.'

વિદ્યાર્થી અવસ્થા છોડી યુવાન અમૃતલાલે તરત કુટુંબને સહાય કરવા માટે નોકરી શરુ કરી અને ધૂળ, માટી, લોઢું, પથ્થર અને લાકડાંની સાથે જીવનને સંકલિત કર્યું. સૌ પ્રથમ ઈ. ૧૮૯૧માં એ બારસી રેલવેમાં ઓવરસીઅર થયા. તે પછી રૂ. ૧૭૫ના પગારે સૌરાષ્ટ્રની સંયુક્ત બી. જી. જે. પી. રેલવેના આસિસ્ટન્ટ ઈજનેર બન્યા. તેમાં જેતલસર-રાજકોટ વચ્ચે થતા નવી રેલવેના બાંધકામ દરમ્યાન, વચ્ચે કપાણમાં આવતાં ખેતરોવાળાઓએ પોતાની જમીનને બચાવી લેવા માટે એમને ચરણે રૂપિયાની થેલીઓ ધરેલી; પણ એમણે તે હડસેલી મૂકેલી. એમની આ પ્રકારની પ્રામાણિકતા અનેકોની આવકો પર છરી મૂકનારી બની, તેથી અંતે એમને એ નોકરી છોડવી પડી. તે પછી એમણે વઢવાણ અને પોરબંદરમાં એટલી જ અડગ નીતિચુસ્તતાથી નોકરી બજાવી. આજે ભાદરનદીના બંધના પથ્થરે પથ્થર એમની એ પ્રામાણિકતાના અદૃશ્ય શિલાલેખો બની રહ્યા છે.

છપ્પનિયો દુષ્કાળ હિંદભરમાં હાહાકાર મચાવી રહ્યો હતો, એ જ વેળાએ ઠક્કર બાપાની પોરબંદરમાંની નોકરી છૂટી ગઇ; એટલે તેમણે પૂર્વ આફ્રિકામાં કેનિયા-યુગાંડા રેલવેના બાંધકામ ઉપર ત્રણ વર્ષની બંધણીથી નોકરી મેળવી.

ઠક્કર બાપા આફ્રિકામાં હતા તે વખતે એમના પિતાએ ભાવનગરમાં ગરીબ લોહાણાઓને તેમજ શેરીના ભિખારીઓને દુષ્કાળના સંકટમાંથી રાહત આપવાનાં કામમાં સતત સેવા આપવાનું શરુ કર્યું હતું. પિતા ભંડોળ કરતા, અનાજ ઉઘરાવતા, રોજ પાંચસોથી હજાર માણસોને જ્ઞાતિના વંડામાં એક ટંક જમાડતા, અને ત્યાંથી ફળિયામાં ભેગા થએલા ૫૦-૬૦ ભિખારીઓને પણ અન્નદાન દઈ સૌને જમાડી પોતે જમતા. એ કાર્યના વિગતવાર વૃત્તાંતો દર પખવાડિયે પિતા પુત્રને લખતા અને એ વાંચતાં પુત્ર ગર્વથી ફુલાતો ને મનસૂબા કરતો કે આવાં સેવાકાર્યો હું વિશાળ ક્ષેત્રમાં, નાતજાતના ભેદ વિના, ક્યારે કરીશ? કહે છે: 'પિતા પાસેથી મળેલા સેવાના એ પાઠ હું કંઇક વિશાળ ક્ષેત્રમાં મૂકી શક્યો હોઉં તો તેનો યશ પિતાને છે.'

માનવી ધનપ્રાપ્તિ અર્થે સાગરની સફર ખેડે છે; પરંતુ ઠક્કર બાપા આફ્રિકામાં ત્રણ વર્ષે ઈજનેરી કરીને સ્વદેશ આવ્યા, ત્યારે એ ઉદાર મૂર્તિની પાસે મુંબઇથી ભાવનગર પહોંચવા માટે ટિકિટના યે પૂરા પૈસા નહોતા; જ્યારે એમની સાથે ગએલો રસોઇયો પણ ઠીકઠીક મૂડી જમાવીને આવ્યો હતો. આફ્રિકાની એમની કમાણીનો થોડો ભાગ કુટુંબ-સહાયમાં ને મોટો ભાગ પરોપકારમાં ખર્ચાઈ ગયો હતો.

સેવામૂર્તિ ઠક્કરબાપા

જેમના આયુના આઠ દાયકા
ગયા નવેમ્બરમાં પૂરા થતાં દેશે
એમની ૮૧મી જયંતી ઊજવી
પોતાના અંતરનો અર્ધ્ય આપ્યો



'બાપા' બન્યા પછી : ૧૯૩૯માં (નીચે : એમના હસ્તાક્ષર)

મારા જેવા મામાસને તો આ બધું દીઠીલ લાગે. પણ સૌએ આ બધું તરફ ઉભું કર્યું, ગાંધીજી એ પણ તેને પૂર્તિ આપી, ત્યારે હવે મારે 'વરરાજા'ની માફક ઉભું રહ્યા વિના છુટકો નથી એવી સ્થિતિ થઈ છે.

લી. અમૃતલાલ વિ. ઠક્કર

આ અરસામાં બનેલી એક ઘટના બાપાના જીવન ઘડતરમાં શ્રમના ગૌરવે જે અપૂર્વ ફાળો આપ્યો છે તેની ઝાંખી કરાવી જાય છે.

બાપા ત્રણ વર્ષે આફ્રિકાથી સ્વદેશ પાછા આવ્યા ત્યારે કુટુંબમેળો જામેલો. તે તમામનાં મેલાં કપડાંનો જે ઢગ થયો તેને ધોબીને ઘેર કેવી રીતે પહોંચાડવો તે સહુને કોયડો બની ગયો. ઘરમાં નોકર ન મળે, ને ધોબી તો એને મન ફાવે ત્યારે લઇ જાય! સાજા હાથપગવાળાં માનવીઓની આવી અસહાય દશા જોઈ બાપાએ પોતે જ બોધપાઠ આપવાનું ઠરાવ્યું, અને બધાં મેલાં કપડાંનો ગાંસડો પીઠ ઉપર ઉપાડીને જાતે જ ધોબીના ઘર તરફ ચાલવા માંડ્યું. રસ્તામાં પરિચિતો મળે અને પૂછે: 'અમૃતલાલ, આ શું ઉપાડ્યું?' અને સહજમાત્રે સંકોચ વિના બાપા જવાબ આપે: 'ધોબીને ત્યાં કપડાં લઇ જાઉં છું.' આ પ્રસંગે એમની વિચારધારાને વેગ આપ્યો: 'માનવી કપડાં મેલાં કરે તે હીણું કામ નહિ, સમાજ પર તેનો બોજો નાખે તે હીણું કામ નહિ, પણ જાતમહેનત કરે એ શરમનું કામ!' અને ત્યારે એમના મનની દૃઢ પ્રતીતિ થઈ કે 'જો શ્રમનો મહિમા પુનઃ સ્થાપિત નહિ થાય તો આપણો નાશ થશે.' ત્યારથી એમના જીવનમાં સાદાઈ અને શ્રમ તરફનું વલણ વધતાં ગયાં છે.

આફ્રિકાથી આવ્યા પછી સાંગલીના સ્ટેટ ઇજનેર તરીકે કામ કર્યા બાદ ૧૯૦૫માં તે મુંબઈ મ્યુનિસિપાલિટીની નોકરીમાં જોડાયા.

ત્યાં જે વિચિત્ર સંયોગોમાં નોકરી મળી તે કિસ્સો રમૂજી તેટલો જ ગંભીરતાભર્યો છે. પોષાક પરથી એમને પારસી ધારીને, પારસીઓના એક પક્ષપાતી અધિકારીએ એમને રૂ. ૧૦૦ના પગારે સ્વીકાર્યા, પણ એમનું નામ 'અમૃતલાલ' છે એ જાણ્યું ત્યારે તે ભાઈ લાચાર બની ગયા. પછી તો એમની સામે ત્યાંના લાંબી નોકરીવાળા પારસી ને દક્ષિણી નોકરોએ મોટો ખળભળાટ મચાવ્યો ને એકસંપી કરી. પણ પોતાની બાહોશી અને કાર્યક્ષમતાથી બાપાએ ગોરા મ્યુ૦ કમિશનરની એવી તો પ્રીતિ સંપાદન કરી કે રૂ. ૩૫૦ સુધી પહોંચ્યા.

સુધરાઈની નોકરીના આરંભમાં એમની નિમણૂક કુરલામાં થઈ. ત્યાં આખી મુંબઇ નગરીનો કચરો ભરી આવતી ચેમ્બુર કચરાપટ્ટીની 'લાઇટ રેલવે'ના નિરીક્ષકનું કામ એમને કરવાનું હતું. એ કચરો ગાડાંમાંથી ઉતારી ખાડાઓમાં ઠાલવી નાખવા માટે એમના હાથ નીચે સેંકડો ભંગીઓ કામ કરતા હતા. એમની જીવંત નરક સમી વસાહત, કંગાલિયત, કરજદારી અને જીવનભ્રષ્ટતાભરી દુર્દશા જોઈ બાપાનું હૈયું દ્રવી ગયું, તેમાંથી એમને અસ્પૃશ્યો પ્રત્યે સમભાવ જાગ્યો ને માનવતાની ઉપાસનાનો સ્વધર્મ એમને સમજાયો. અને ત્યારથી તનતોડ નોકરીના કલાકો પૂરા થયા પછી એમણે અસ્પૃશ્યોનાં દુઃખ



૧૮૯૨ના અરસામાં ભાવનગરમાં



૧૮૯૮માં સોરાષ્ટ્રનાં રાજ્યોમાં ઇજનેર

ફેડવાની મરજિયાત ચાકરી ઉપાડી લીધી.

દરમિયાન એમનો છ વર્ષનો પુત્ર, ને તે પછી માંદગી ભોગવતાં પત્ની ગુજરી ગયાં ત્યારે સંસારજીવન પ્રત્યે એમનો મોહ ઘટતો ચાલ્યો. પિતાના આગ્રહને વશ થઇ એ ફરીથી પરણ્યા ખરા, પણ લગ્ન સંસાર માણવાને બદલે એ દુઃખીઆંના બેલી જ બનતા ચાલ્યા. એવામાં બીજી પત્ની પણ સ્વર્ગે સિધાવી. ત્યારથી એમણે દુનિયાની જંજાળ છૂટેલી માની માનવ ધર્મની ઉપાસના માંડી. એમને એક પુત્ર થાય એ ખ્યાલથી પિતા હજી એક વાર એમને પરણાવવા આતુર હતા. પણ એમણે છેવટનો જવાબ આપી દીધો કે 'દીકરો ભાગ્યમાં હોત તો થએલો ગુજરી શા માટે જાત, અને બબ્બે લગ્ને બીજો દીકરો ન થયો તો હવે થશે તેની ખાતરી શી? પ્રભુની એવી મરજી જ નથી, માટે એ આગ્રહ છોડી દો.' અને ત્યારથી એ નિઃસંતાન વિધુરે સમસ્ત દેશનાં સંતાનોને પોતાનાં ગણવા માંડચાં અને એક પણ ઔરસ સંતાન વિના આજે એ કરોડો હિંદીઓના બાપા બની ચૂકયા છે.

એ અરસામાં તેઓ દલિતોદ્ધારના સમર્થ દીક્ષાધારી શ્રી વિઠ્ઠલ રામજી શિન્દે અને ભારત સેવક સમાજવાળા શ્રી ગોપાળ કૃષ્ણ દેવધરના સમાગમમાં આવ્યા. તેમનાં જીવનમાંથી ઠક્કર બાપાને પદ્ધતિસર જાહેર સેવાકાર્ય કરવાની ખાસિયત અને અવિરામ મૂંગા કામનો મંત્ર મળ્યો. ગોખલેજીના ભારત સેવક સમાજમાં જોડાવાની પ્રેરણા પણ એમને એમાંથી મળી. તે પછી હિંદની મહિલાઓની યુનિવર્સિટીના સ્થાપક પ્રોફેસર ધોંડો કેશવ કર્વેનો એમને સંપર્ક થયો અને એમના દિલમાં સેવાની તમન્ના પ્રબળ થતી ચાલી.

હવે એમની બદલી (બઢતી) મુંબાઇ સુધરાઈના રસ્તાઓની દેખરેખ કરનાર 'રેડસુપરિન્ટેન્ડેન્ટ' તરીકે થઈ. ત્યારે એમના હાથે વાર્ષિક દસ લાખ રૂપિયા ખર્ચાતા, પણ એ કાજળની કોટડીની અંદર એમની નીતિચુસ્તતા સ્ફટિક જેવી નિર્મળ અને પારદર્શક રહી હતી. એ નિષ્ઠાને ચળાવનારા પ્રસંગો બનતા યે ખરા, પણ બાપા તેને પાછા ઠેલી નાખતા. એક કૉન્ટ્રેકટર એમને ચાંદીનાં વાસણોની ભેટ ધરવા આવ્યો હતો, તેને એમણે હાથ જોડીને પાછો કાઢ્યો હતો; અને રસ્તાની પગદંડી ઉપર વિના ભાડે દુકાન માંડીને બેસનાર એક મેવાવાળાની અટકાયત થઈ ત્યારે તેણે ફ્રૂટના કરંડિયા મોકલાવ્યા તે બાપાએ પોતાના ખર્ચે એને પાછા પહોંચતા કરેલા.

એ વખતે એમને મોટો પગાર મળતો, ને ઘેરઘોડાગાડી પણ રહેતી ભૂલેશ્વર પાસે એક મકાનના આખા ચોથા માળે એ રહેતા. પોતે એકલા વિધુર હતા, છતાં એમનું 'કુટુંબ' મોટું હતું. નાના ભાઈ, તેની પત્ની, બાળકો, બીજા એક નાનાભાઈની વિધવા, દૂરના એક સગાના બે યુવાન દીકરા, નાનાભાઇનો એક દક્ષિણી મિત્ર (જાણીતા પત્રકાર શ્રી લેલે) અને ઉપરાંત એકાદ બે મહેમાન તો હોય જ. આ બધા મોટા કાફલાના ખર્ચ માટે તે માસિક માત્ર ૧૦૦ રૂપિયા આપતા અને બાકીના જુદીજુદી પરોપકારી સંસ્થાઓમાં નક્કી કર્યા પ્રમાણે વહેંચાઈ જતા. ઘરખર્ચમાં કોઇવાર તૂટ પડતી તો કોઈ મિત્ર પાસેથી દસવીસ રૂપિયા ઉછીના લેવાતા, પણ પેલી પરોપકારની રકમમાંથી તો પાઈ પણ ઓછી ન થતી!

એક તરફ આમ નોકરી કર્યે જાય ને બીજી તરફ પિતા, શિન્દે, દેવધર અને કર્વે દાદાના જીવનમાંથી મેળવેલી સેવાની તીવ્ર ભાવના હૃદયમાં દૃઢ કરતા જાય ને નોકરીમાંથી ફાજલ પડતો સમય સેવાકાર્યમાં આપતા જાય. છતાં માનવતાના એ પૂજારીને સેવાનો ભેખ લીધા વિના સંતોષ ન થાય. હૈયાની એ પ્રબળ તમન્નાને સંતોષવા માટે એક દિવસ એમણે પોતાના નાના ભાઇ ડૉ. કેશવલાલ ઠક્કરને લખ્યું કે 'હવે તુ મને છૂટો કરી શકે તેમ છો?' ધંધામાં સ્થિર થએલા એ અનુજે જણાવ્યું: હવે હું કુટુંબનો ભાર લઈ શકું તેમ છું. તમે છૂટા થઇ શકો છો.' પણ પિતાશ્રીની મરજી પૂછતાં તેમણે એમને થંભાવ્યા: 'મારી હયાતી સુધી તો નહિ જ; થોડો સમય રાહ જો.'

લકવાની માંદગીથી આજાર શરીર લઇને પિતા હવે એમની સાથે રહેવા ગયા હતા. એ અરસામાં આર્યન બ્રધરહૂડે અસ્પૃશ્યો સાથે એક પંગતે બેસીને પ્રીતિભોજનનો પહેલો સામાજિક બળવો યોજ્યો. ઠક્કર બાપાએ એમાં ભાગ લીધો, પણ પિતાને એની જાણ થવા ન દીધી. લોહાણા જ્ઞાતિએ તેમને 'પ્રાયશ્ચિત્ત કરો, દંડ ભરો, નહિ તો સમસ્ત કુટુંબની સાથે ન્યાત બહાર મૂકીશું'નું ફરમાન કર્યું. જે કાર્યને પોતે પાપ માનતા ન હોય તેને માટે પ્રાયશ્ચિત્ત શાનું હોય, એમ માનતા છતાં પથારીવશ પિતાના દિલને આઘાત થશે તો પ્રાણ છોડશે એ વિચારે એમણે પ્રાયશ્ચિત્ત કર્યું!

તે પછી પિતા ૧૯૧૩માં મૃત્યુ પામ્યા. કુટુંબજીવનની સાથે જોડનારી

(અનુસંધાન આગળ પૃ. ૩૬ મે)



આફ્રિકામાં યુગાન્ડા રેલવેના ઇજનેર તરીકે : ૧૯૦૧માં

બાંધ ગઠરિયાં...



[આપકથા]

લેખક

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા

[હાથ લાગ્યાં તે એકઠાં કરીને બાંધેલી સ્મરણોની આ 'ગઠરી'માં પોતાની જાતને શક્ય તેટલી અળગી રાખીને તે કાળના (આ સદીના શરૂના દસકાઓના) સમાજના જે રંગબેરંગી થરોમાં જીવન વીત્યું છે તેનાં વિવિધ ચિત્રો જ આલેખવાની દૃષ્ટિ રાખી છે. આ પેઢીના તરુણ વાચકોને તે સમયનું સમાજચિત્ર એમાંથી જોવા મળશે; સમકાલીનોને કદાચ જૂનાં ચિત્રો તાજાં થશે; ઉપરાંત, આ લેખકની 'આગગાડી' આદિ કૃતિઓની સૃષ્ટિનો મસાલો મૂળ રૂપમાં જોવા મળશે.]

ચિત્રકાર : રવિશંકર રાવળ અને 'ચન્દ્ર'

વડોદરાના કાંપથી ફારમ પર જવાના ધોરી રસ્તાને જ્યાં આગળ રેલવેની સડક કાપે છે ત્યાં, હજી આજે પણ એક નાની બંગલી ઊભી છે. મુંબાઈથી અમદાવાદ જતાં જમણી કોરે એ દેખાય છે. એનો આકાર ઝૂંપડીનો નહિ, ઘરનો નહિ; પણ જેને આપણે ખરેખર બંગલી જ કહીએ એવા ઘાટની એ ઈમારત છે. આજે તો એ એકલી આગગાડીના પાટા-ઝપાટાની ધાંધલમાં પણ ટકી ગઈ છે, આસપાસ વધતી જતી મિલોના ઘોંઘાટમાં પણ બલેરી ઊભી છે. એ જ રસ્તા પર, જરા દૂર, પણ થોડા પડખે, ગુજરાતના જાણીતા વિજ્ઞાનશાસ્ત્રી ગજ્જરનો બંગલો છે. આ બાજુ એ બંગલી ને રેલ-પાટાની વચ્ચે એક નાનકડી ખાલી જગ્યા આજે પણ મોજૂદ છે. ત્યાં એક બંગલો હતો. એ કહેવાતો બંગલો, પણ પેલી બંગલીથી યે નાનો. એ બંગલાને રેલવેનો ડબ્બો લગાડીને અને ડબ્બાની બે બાજુ કઠેરા મઢાવીને રહેઠાણને મોટું બનાવ્યું હતું. એટલે જ તો એ બંગલો કહેવાતો. નહિ તો પણ એ તો રેલવેની અસ્કયામત, એટલે બંગલો; ને બાજુની તો પેલી ખાનગી મિલ્કત, એટલે બંગલી!

આ બંગલા અને બંગલી વચ્ચે ચાર કદમનું જ છેટું. વચ્ચે એક નાની વાડ, અને એમાંથી જવા-આવવાનાં બે ખાસ્સાં છીંડાં. વાડની આ બાજુ સુંદર બટમોગરા ગધમધતા. ને પેલી બાજુ એ મોગરાની મહેકને ડારે એવી ગુલાબની ફોરમ પમરાતી. બાકી તો 'બાગ' કહેવાતી એ નાની જગ્યામા બોરડી હતી, જમરૂખી હતી, જરા આઘે જાંબુડો હતો. અને થોડાં શાકભાજી પણ પથરાએલાં હતાં.

ત્યાં, ચાલુ સદીના પહેલા દાયકામાં, હું અને એક રાજકુમારી રમતાં. રાજકુમારી મારાથી વયમાં મોટી. અમારી સાથે એક બીજી નાની છોકરી પણ રમતી, ને તે મોટી થઈને રાણી બની. ત્યાં કદીક બાલપણની કલ્પનાને ઉત્તેજી મૂકે એવો, સફેદ થનગનતા ઘોડા ઉપર બેસી એક સુંદર રાજકુમાર પણ આવતો. કદીક ફરવા જ આવતો, કદીક ઘોડો દોડાવવા આવતો. રેલવેની બંધ ફાટક આગળ ઘડીક ઊભો રહેતો, ચારે કોર નજર ફેરવતો, ત્યાંથી જતા કાળા લોખંડી રેલઘોડાની તીણી સીટીને સિંહ જેવો થનગનતો એનો ઘોડો હુંકારતો, ને કદાવર બાંધાનો એ સોહામણો રાજકુમાર પવનવેગે ઘોડાના દાબડા સંભળાવતો પળ્યો જતો. એ રેલ-ફાટકના બંધ-ઉઘાડ થતા દરવાજા ઉપર અમે ઘોડો પલાણતા. આ જ ફાટક આગળ અગાઉ એક મધરાતે એક ખાસ ગાડી ઊભી રહી હતી, અને એમાં બ્રિટિશ સરકાર વડોદરાના મલ્હારરાવને છાનામાના બેસાડી એના ભૂંડા રાજવહીવટ માટે લઈ ગઈ હતી.



એ ટોપી હજી યે યાદ છે

શરૂઆતમાં જોએલી પેલી નાનકડી બંગલી તે સર સયાજીરાવ ગાયકવાડના એક બુઝર્ગ આપ્તજનની. (અને બંગલો તે અમારું રહેઠાણ.) એમની દીકરી મેનાબાઈ મારી સાથે રમતી. તે દખ્ખણમાં ક્યાંક રાણી થયાં. ને બીજી રાજકુમારી જે રમવા આવતી તે ઇન્દિરારાજે, જે કૂચબિહારનાં મહારાણી થયાં. સ્વચ્છ ગુલાબી રોનકદાર ફેંટામાં ફરવા આવનાર એ રાજકુમાર ફતેહસિંહરાવ ગાયકવાડ આજે નથી. એ કેમ નથી એ કરુણ ઇતિહાસ અહીં અસ્થાને છે.

ઈન્દિરારાજે મખમલ પર સોનેરી ભરત ભરેલી ફૂમતાવાળી સુંદર ટોપી પહેરતાં. એક દિવસ રમતાંરમતાં મેનાબાઇએ મને રાજા બનાવ્યો—એટલેકે એક લાકડાની બેઠક-પર ગાદી મૂકી સિંહાસન બનાવી બેસાડ્યો. તલવાર તો હતી જ નહિ,—રમકડાની પણ ન હતી; એટલે જાંબુડાની ડાખળીથી ચલાવ્યું. તલવાર ન મળી તો વળી તાજ ક્યાંથી લાવવો? મેનાબાઇએ રાજતિલક કર્યું ને મારાથી મોટાં એવાં ઇન્દિરાબાઈએ પોતાની ફૂમતાવાળી ટોપી પહેરાવી. ઘેરા



રાતા મખમલ ઉપર સોનેરી ભરતવાળી એ ટોપી હજી મને યાદ છે. પછી તો વર્ષો સુધી એ ટોપી મેં પહેરી હતી.


આવીઆવી તો ઘણી રમતો અમે રમતાં. પણ એ તો ઘરના એક પડખામાં. જ્યારે બીજી બાજુ, ઘરની અડોઅડ, માત્ર પાંચ જ ડગલાં દૂર, આગગાડીના પાટાનો વિસ્તાર પથરાએલો હતો. ઘરની નજીકનો પાટો ગોધરા તરફ ફંટાતો ને ત્યાંથી દિલ્હી જવાતું. તેની પછીનો પાટો અમદાવાદ જતો. એ બે મુખ્ય પાટા સિવાયના પાટા કારખાનાના હતા. મેઇન લાઈન, લૂપ લાઈન, શેડ લાઈન, લેન ક્લીઅર વગેરે શબ્દોથી જ મારી બાળપોથી શરુ થઇ હતી.

આ બાજુ ઘર અને બંગલી, અને પેલી બાજુ કારખાનું. ત્યાં મને ડાભઇ કેડે ઊંચકીને ફરવા લઇ જતો. કારખાનામાં મેરા ઊડતી. ડાભઈ મને એંજિનની લોખંડની બેઠક પર બેસાડતો, અને પછી અમે 'ટર્ન ટેબલ' જોવા જતા. દરમ્યાન દરાવર (ડ્રાઇવર) પણ મને જરા રમાડી લેતો, અને એકબે અમસ્થી વ્હિસલ પણ મારવા દેતો.


ડાભઈ

કાળી મેશ જેવી ઍંજિનની દોરી જરા ખેંચીએ કે 'ફૂક' થાય! ને એમ ઍંજિન ટર્ન ટેબલ પર દાખલ થતાં ગમ્મત પડતી. અને પછી કૉલ બૉય બૂમો મારી દસપંદર કાળિયાઓને એકઠા કરી ટર્ન ટેબલના કઠેરે ખડા કરી દેતો. ફાટેલાં પહેરણ, થીગડાંવાળા લેંઘા, ને કાળામેશ ફડકે માથું બાંધેલા, હેઈશાહેઈશા કરતા એ કલીનરો ઍંજિનનું ડાચું ફેરવવા 'ટર્ન ટેબલ' પર જોર કરતા 'કરો જોર, હેઈશા' 'કરો જોર, હેઈશા' એમ સામસામી ટોળીઓ વાદીસંવાદી સૂરભેળવતી 'ટર્ન ટેબલ'ને ફેરવતી. ઘણા કલીનરોની છાતીનાં હાડકાં દેખાતાં ને હાથનાં બાવડાં તસતસી આવતાં, અને ઍંજિન ફેરવીને સૌકોઈ લોથ થઈ જતા. ને નિર્જીવ દેખાતું ઍંજિન, ફરી જીવ એકઠો કરી ખડખડ કરતું પાછું ફરતું અને અમે એન્જિનની સહેલ કરી પાછા આવતા. આવાં રોજનાં પાંચસાત એન્જિનનાં મોઢાં ફેરવાતાં.

આ 'ટર્ન ટેબલ' ફેરવનારા મોટે ભાગે 'કલીમેનો' હતા: કલીમેન કે કલીનરો—બંને એક જ. કલીમેન તે કલીન મૅન નહિ—ઍંજિનને સાફ કરનારો. કેટલાક ટર્નિંગ શેડમાં એને 'સફાઈવાળા' પણ કહે છે. જાડાં, ફાટેલાં, ટાર જેવાં કાળાં, થીગડાંવાળાં અને તેલે ચળકતાં, કામે ચઢવા માટે પહેરવાનાં પોતાનાં લુગડાં કારખાનામાંનાં જ બે ત્રણ મોટા પટારામાં ચીંથરે બાંધી રાખનારા, અને ઘેરથી વહેલી સવારે આવી, હાજરી પુરાવી, હાથમાં 'વેશ'નો લબાચો લઈ, ગાડી પર જઈ, એનાં પૈડાં, બૉઈલર, સંચા, પેટી, ટાંકી, પિસ્ટન, રૅગ્યુલેટર, વૅક્યુમ બૉક્સ, બત્તી, બફર, ઈસ્ટીમ, પાઇપો વગેરે સાફ કરનારા તે 'કલીમેન.' 'વેશ' એટલે વેઈસ્ટ—સૂતરનો બગાડ. મિલોમાં સૂતરનાં કોકડાં વળે તેમાં જેના વળ બગડેલા હોય તેવાં તૂટેલાં દોરાઓનાં કોકડાંનો જથ્થો તે 'વેઇસ્ટ.'


કલીમેન

એનો મોટો પટારો સ્ટોરમાં રહેતો. કેટલાંક સારાં કોકડાં દેખાય તો એને જુદાં કાઢી એમાંથી સૂતરનો દોરો કાઢી લેવાની તરકીબો અમે સૌ કરતા. એ સૂતરના તાર કલીમેનોના ફાટેલા લેંઘા (કોક થીગડું મારવા કપડું મળી આવતું તો) ખપે લાગતા. વેઈસ્ટનો એક લબાચો અમુક દિવસો સુધી કલીમેનોને ચલાવવો પડતો.

કલીમેનો સવારે આઠ વાગ્યે આવતા, ત્યારે જ સાથે મેલા લુગડામાં 'રોટલો' બાંધી લાવતા. સુક્કો જુવાર યા બાજરાનો ખાસ્સો મોટો રોટલો, ચપટી મીઠું, બેત્રણ લીલાં મરચાં, ને કળશ્યો પાણી. બાર—સાડા બારની 'વિસલ' પછીનો નળની આસપાસનો એમનો 'લંચ હાવર.' કલીમેન એન્જિન સાફ કરે, ટર્નટેબલ પર ગાડી ફેરવે, મોટા ડ્રાવરની પેટીબિસ્તર લઈ જાય-લાવે, ગાડી ધુએ, કોલસા ભાંગે,—એવાં નાનાં મોટાં હજાર કામ કરી દિવસ ભરે. ક્યાંક ચૂક થઇ તો ભરેલો દિવસ પણ કપાઇ જાય; અને નસીબ પાધરું ન હોય તો બેત્રણ દિવસ પણ કપાઈ જાય.

ડાભઇની કેડે હું બહુ ફર્યો. ડાભઇનો મોટો દોસ્ત બહાદુર. પણ બધા એને બાધર કહેતા. ડાભઇ તો વળી હોંસમાં આવીને બાધરજી પણ કહેતો. એક વાર બપોરની વિસલ પછી ગાડીઓ ફેરવ્યા કેડે ડાભઈ મને બાધર પાસે લઇ ગયો.

'આવો ડાભઇ!' બાધરે હોંસથી એને આવકાર દીધો: 'આ કુણ?'

'ચિમનલાલ શેઠના.'

'ભૈ, શું નામ છે?'

'બધા હગણાં તો બાબૂભઈ કે'છે. ડાભઈએ જવાબ દીધો.'


બાધર

'આવો બાબભઇ, બેહો. ચિમનલાલ શેઠના દીકરાને?' મેં ડોકું ધુણાવ્યું હશે.

'હયો ડાભઇ, ખાતા થાઓ. ભૈ! તમે કૈં ખાશો? અમારી કને તો આ રોટલા છે, થેપાડે બાંધેલા!' કહી બાધર મેલા કટકાની પોટલી છોડતો. એટલામાં મોરાર આવતો: કદાવર, ઊંચો, ઠરેલ, પીઢ અને ગંભીર. મોરારને સૌકોઈ કલીમેનો માન આપતા, એ કહે તે શાંતિથી સાંભળતા. એની સાથે કદીક મેલભઇ, લલ્લુરંગ, નારણજી, સમમો પણ પોતપોતાની પોટકી લઈ આવતા. બધા ભોંય પર બેસતા. કદીક અથાણું હોય તો અદલોબદલો કરતા. અને સૌકોઈ વાતે વળગી ચાવીચાવીને ખાતા.

આપણે જે બંગલો જોયો, એની પાછળના ભાગમાં નાનો બાગ. પછી કોસ-કૂવો,—ત્યારે તો અવાવરો. અને તહીં નજીકમાં જ નળ. એ નળ સદા યે ખુલ્લો રહેતો ને એમાંથી પાણી નીકમાં થઈ કહેવાતા 'બાગ'નાં ઝાડવાંમાં જતું, પથરાતું. એ નીકની નજીક આ ભોજનવિધિ થતો. નળની પેલી મેર 'ટૅાકી'. એ ટાંકીની નીચે સ્ટોર અને ઑફિસ. ઑફિસ અને સ્ટોર વચ્ચે જરાક ખુલ્લી જગ્યા: ત્યાં નોટીસબોર્ડ. ત્યાં 'ડ્રાવર' લોકો પોતાની કામગીરીનું બુકિંગ જોવા ભેગા થતા. જોઈ–વાંચી હીંડયે જતા. જતાંજતાં કોઈ બબડતા. કોઈ ખુશમિજાજી સ્ટોરમાં પણ ડોકિયું કરતા.

આ રોટલાની જાફતમાં ઘણીવાર ગુલાબ નબી પણ આવતો. તીણા અવાજનો એ જુવાન સદા જ હસમુખો. માથે મેલો રૂમાલ બાંધતો. ને વધારામાં જાકીટ પહેરતો. અને કદી જાકીટમાં પણ રૂમાલ ખોસતો. ઘણી વાર બાંકેલાલ જેવો પણ દેખાતો. દિલનો ભોળો, ચબરાક; થોડો ટીખળી પણ ખરો. આવતાંવેંત જ પોતાનું પોટકું છોડતાં બોલતો: 'આજ તો બાબૂભઇને વટલાવવાનો, કેમ ડાભઇ!'

'હોવે: પણ એમ કંઈ બ બૂભઈ ખાય નહિ તો.'


ગુલાબ નબી

નાના બાબૂભઈ ચિડાતા અને રડતા! આખરે ઘરડો મોરાર મને છાનો રાખતો, ને બટકું રોટલો ખવડાવતો. એ ખાધા પછી ગુલાબ પાછો ખીલતો ને કહેતો 'એ રોટલા તો મેં બનાવ્યા હતા! હવે બાબૂભાઈ વટલાયા. હું જ ચિમનલાલ શેઠને કહી દેવાનો.'

બાળક બાબુભાઈ ફરી રડતા. ઘરમાં કોઈ નહિ રાખે કહી બધા સતાવતા. બાધર સાન્ત્વન દેતો 'હું મારે ત્યાં રાખશ;હમજ્યા કની!'

બહુ રોટલા ખાધા છે,—બાધર, ડાભઈ ને ગુલાબ નબીના બહુ રોટલા ખાધા છે. ડાભઇ અમારે ઘેર ખાય, અને એમાંથી કંઇક બચાવી ઘણી વાર બપોરની રોટલાની જાફતમાં લઈ જઈ સૌ ભેગા મળી ખાય. કોઈ વાર બેત્રણ જણ મીઠું ભૂલી આવતા તો, ડાભઇ દોડચો દોડચો અમારે ત્યાં જતો: 'બા! જરા મીઠું જોઇએ છે.' મારી બા મીઠા ઉપરાંત થોડું અથાણું પણ કાઢી આપતી. એમાંની બચત સાચવી રાખી બધા તે બેત્રણ દિવસ ચલાવતા.

ભડવીરોની એ ખરી ટોળી હતી. ભેરૂબંધીનો એ અજબ દાખલો મારી નજરમાં,—સ્મરણમાં હજી એવો જ કોતરાઈ રહ્યો છે. શિયાળો,ઉનાળો કે વાર તહેવાર,—કલીમેનોની એ એક જ જાત-જમાત. સૌ ભેળા બેસી સૂકો રોટલો ખાતા, રેલવઇને આસરવાદ આલતા, કદિક એના વહીવટ ઉપર ગાળો પણ વરસાવતા. ગુલાબ જેટલો મને ચીડવતો, એટલો જ મને વધારે ગમતો. ઘણી વાર મને ઉચકીને એ પોતાની કોટડીએ લઈ જતો. પંદર ફૂટની, અંધારી, પણ અતિશય વ્હાલથી ઉજિયારી એ કોટડી. એની બુઢ્ઢી મા મરિયમ, કોણ જાણે ક્યાંથી મારો ઇમાન સાચવવા સૂકાં જરદાલુ લઇ આવતી ને હોંસેહોંસે મને ખવડાવતી; ને બેચાર હાથમાં ઘેર લઈ જવા પણ આપતી.

એક વાર બુઢ્ઢી મરિયમ અમારે ત્યાં આવી હતી. મારી બાએ એને કહ્યું કે 'બાબુને તમે આ આલુ અને એવું બધું ખાવાની ટેવ પાડી છે તે ઠીક નથી. એમ બહાર ખાધા કરે તે નહિ સારું.'


બુઢ્ઢી મરિયમ

'અરે બા! તમે તો નસીબદાર છો તે બાબુ જેવો દીકરો ઘેર રમે છે. આ ગુલાબને કહી-કહીને થાકી પણ ફરી પરણતો જ નથી. બીબી ગુજરી ને સાથે બચ્ચું પણ ગુજરી ગયું: પછી કશામાં દિલ લાગતું જ નથી. તમે એને કહો તો શાદી કરે. ને એ શાદી નહિ કરે ત્યાં સુધી તો બાબુભાઈ મારો જ દીકરો સમજજો. આલીઆલીને બે આલુ જ આલીએ છીએ ને? બીજું અમે આલીએ પણ શું?'

મરિયમ બોલતી જાય તેમતેમ એની આંખમાંથી આંસુ ટપકતાં જાય. મારી બા એને દિલાસો આપે. આખરે મરિયમ જતાંજતાં હસીને કહેતી કે 'ગુલી મારો પરણે, અને દીકરો આવે તો તમારી પાસે સોનાની કંઠી બંધાવવા આવીશ. હું કંઈ અમથી બાબુભાઇને નથી ખવડાવતી, સમજ્યા બા?'

એમ બોલતી બુઢ્ઢી મરિયમ આ...આ સામે ઊભી: અને આ એનો ગુલાબ દેખાય...મરિયમ તો આજે નહિ જ હોય, પણ ગુલાબ નબીને યે આજે ક્યાં શોધવો?

વડોદરાનો એ ભાગ ત્યારે 'કારખાના'ના નામે ઓળખાતો. ત્યાંથી સ્ટેશન દોઢબે માઇલ દૂર હશે: કારખાનામાંથી ગાડીઓનાં બદલાતાં ઍન્જિન સવારસાંજ અહીંથી જ સ્ટેશન તરફ આવજા કરતાં. એ જ અમારે સ્ટેશન પર આવજા કરવાનું મોટું સાધન: પણ મને તો બાધર શંટિંગ ઍન્જિન પર પણ ઘણી વાર લઇ જતો. નાનું, હલકું, પી-ક્લાસ, ચળકતા ભૂંગળાવાળું, મરોડદાર એ ઍન્જિન મને બહુ ગમતું. દિવસના એકબે વાર એ પાણીની પાઈપ પર જતું, ત્યારે હું ખાસ્સો કોલસાપેટી પર બેઠો હોઉં. બાધર લાકડીથી દોરી ખેંચે, સાંકળ પકડે, અને જોર કરી પાણીની સૂંઢ ટાંકી તરફ ફેરવે, એટલે નીચે ઊભેલો માણસ લોખંડનું ચકરડું ફેરવે; કે તરત જ ખળખળખળ કરતું પાણી ટાંકીમાં ભરાય. આ આખો કિસબ જોવાની મને મઝા પડતી. બાધર વળી દદડતા પાણીમાં હાથ ધોઇ બે ખોબલા પાણી પી પણ લેતો; અને હું તરસ્યો થયો હોઉં તો પોતાને ખોબલે મને પણ પાઈ લેતો. અને પછી અમારું ઍન્જિન ગુડ્ઝના ડબ્બા આગળથી તેમ, એક પાટા પરથી બીજા ઉપર અફાળતું. કેટલીકવાર બેત્રણ ડબ્બા પકડી, ઈસ્ટીમ ભરી, જોરથી દોડી, અને પછી ધબ્બ દઈને ઍન્જિન બંધ કરી, ઊભા રહી, સાંકળમાંથી છોડી નાખેલા ડબ્બાને એકલા છોડી મૂકતા, તે એ...જાય;ને ધમગમમ કરતા ક્યાંક બીજા ડબ્બાઓ સાથે અફળાતા! દરાવર ડબ્બાઓને એમ અફળાવતો એ જોવામાં મઝા પડતી.

ખોરાક માટે પણ ઍન્જિનને કારખાનાને છેક બીજે છેડે જવું પડતું. પહેલાં કારખાનું,પછી આવે લાકડાની વખાર ને પછી કોલસાખાતું.ત્યાં કોલસા જ કોલસા: જાતજાતના કોલસા:ઘાટઘાટના ઢગલા.

એક દિવસ કોલસાના ઢગ પાસે અમારું શંટિંગ ઍન્જિન ઊભું.

'ચ્યમ! જીવીબૂન! ચેટલા નૉખ્યા?'

'તઈણ નૉછ્યા; પણ હવે તો ભૈ જરા થાચી.'

'ચ્યમ ઇમ?' બાધર ઍન્જિન ઉપરથી નીચે ઊતરતો બોલ્યો.


જીવી ડોશી

ઊતરીને મને ઊચકી હેઠે ઉતાર્યો. જીવીએ મને દેખીને પૂછ્યું:

'કુના સે?'

'આપણા ચિમનલાલ શેઠના.'

'હાંવ્રે! રમવા નૅકર્યા સો કે ફરવા? આવો, બેહો; અહીં તો બધ્યો કૉલસીનો દડ સે. બેહો.'

બાધર બેસતાં હું યે એની પડખે બેઠો. બાધરની મને બહુ માયા હતી. એની પાસે ગયા પછી હું બીજા કોઈ પાસે જતો જ નહિ.

'વાત ઈમ સે, બાધરજી! હવે નહીં થતું. પહેલાં તો હું પચાસ સાઈઠ ટોપલા ગાડીમાં ચઢાઇ દેતી. હવે એટલું નહીં પોકાતું. વારુ, હાંભળો, તો! તે લાડકુના હાહરીઆવારાને તમે બે અકસેર ના કો?'

'કેમ! જીવીબૂન! પેલો મારી હહરીનો પારો વૅકર્યો સે કે?'

''મુઓ ખાવાનું નૉ આલે, તો લુગડે બાંધી બે રોટલા હું યે આલી આવું. દીકરી પડી તેથી હાહરામાં એને ભૂલી નૉ જોવાય. એના ધણીને અને એના બાપને નીચું જોવાનું, આપણે શું?—ચ્યમ બોલ્યા નઈ બાધરજી! પણ બધ્યો હવાર-હાંજ માર મારે તે મ્હારાથી નહીં ખમાતું. ગઈ કાલે ઝૂડીઝૂડીને અડધી કરી નાછી'તી. પડોશવાળા મોરારભાઈએ ચાંગળું ચા દીધી, તે પીધી; બાકી નક્રોડા. બાધરજી! પાંચ મેલ બજ્યે તડકે હેંડીને હું ગઈ, તે ચોતરા પર જરા લાડકુ હંગાથે વાત કરતી બેઠી, એટલામાં તો એવો એ ની કળ્યો ને બેઠો મને

ભાંડવા. મૂઈ પેટની દીકરી હંગાથે યે ગારાથી વાત નાઁ થાય? એ જીવતા હોત ક ની, તો ઊભો જ વાઢી નાખત. અને બાધરજી! કુણનાં દુઃખ, ને ચ્યાઁ રહું? આવ્વાગે પેટ બળ્યા તઈણ ડૉગ દીધા'તા. એ દેખીને તો મારું કાળજું ફાટી પડચું. ને મેં તો એ પોતે હાંભળે એમ બે ગાળો દઇ દીધી. મેર મૂઆ અભાગીઆ! કૂખે ડૉમ દેસે તે તારું ફળ કુણ રાખવાનું? પછી તો, બાધરજી! ધણી યે થઇ, ને ચાર લોક ભેગું યે થયું. હવેં તો તમેં રસ્તો કાઢી આલો તો સે. હું તો થાચી.'

જીવીની આંખમાંથી ડળક ડળક પડતાં આંસુ નીચે પથરાએલી કોલસાની ધૂળમાં રગદોળાતાં હતાં, 'આ અડધી તો કાચા એંથી ભાઁગી ગઈ સે. ગાડીને કોલસાના ટોપલા ને ટોપલા જોઇએ. બળ્યા પેટને તો ટોપલો પણ નહીં જોતો. તો યે હવે આ ગજૂરી? અને કુને હારુ? હઁડો, કંઈ બીજી હારી વાત માઁડો. ભૈલા, શું નામ કીધું તમારું?'

'બાબુ.'

'આવો મારા બાબુલીઆ! બાબુ, વ્હેલાવ્હેલા મોટા થાઓ અને આ મૂઈ રેલવઈના ધણી થાઓ!'

ગાડીમાં કોલસો ભરાઈ રહે ત્યાં સુધી બાધર અને જીવી એમ ઘણી વાર વાતો કરતાં. જીવી બીચારી ઘરડી થઇ હતી. મોટો મસ ટોપલો કોલસે ભરી, કાળી નીસરણી ચડી, એંજિનમાં નાખવાના દર ટોપલે બે પૈસા મળતા. નેતરના ગૂંથેલા, લોખંડની ચીપે બાંધેલા, એ ખાલી ટોપલાનું વજન ખાસ્સું છાતી હેબકાવી દે એવું થતું. ગાડી ભરાઈ રહેતાં બાધર જીવીને આશ્વાસન આપી એંજિન હાંકવા ઊભો થતો. કોઇકોઇ વાર એમ જતાં પહેલાં એ ઘરડી જીવીને કંઈક આપતો. અને પછી, છૂટાં પડતાં, આભારની લાગણીથી ભારે થએલા હૈયાનું મૌન જીવી તોડતી: 'અરે ચ્યાઁ એમ હઁડચા, બાધરજી! એ બાધરજી! લ્યો, બાબુભાઈને અહીં લાઓ. લ્યો ભૈ.' એમ કહી ઊપડતા એંજિને જીવી એના ચીતરામણવાળા, ફાટેલા સાડલાને છેડે બાંધેલી ગાંઠ છોડતી અને એમાંની લૂગડે બાઝી ગએલી પીપરમીંટ ઉખેડીને, અડધી અડધી થઇ, હોંસેહોંસે આપતી. એંજિન ધપાવતાં બાધરજી બોલતો: 'દઇ જાણે! ડોસી વળી પેપરમીંટ ચ્યાંથી લઈ આઈ?'

પણ એકલા કોલસા અને પાણીથી કંઈ આગગાડી ન ચાલે. ચલો ત્યારે હવે સ્ટોરમાં. અમારા બંગલાની પાછળ નાનો 'બાગ', અને ત્યાં નળ, અને ત્યાં જ બે ટાંકી. એક ટાંકી નીચે મારા 'મોટાભાઇ' એટલે પિતાની ઑફિસ: બીજી ટાંકી નીચે 'ઈસ્ટોર.' સ્ટોરમાં કામ કરે તે સ્ટોરકીપર. તે હતા એક શંકર મહારાજ. ગોરો, ડાકોર પાસેના ગામનો, કદાવર બાંધાનો, મળતાવડો, પણ જરા ચીડિયા સ્વભાવનો એ શંકર મહારાજ ઓગણીસસો પાંચ-સાતની સાલમાં તો જોયો જ હતો, પણ પછી ત્રીસ-પાંત્રીસમાં પણ વડોદરાના નવા યાર્ડમાં મેં એ જ લિબાસમાં જોયો હતો!

સ્ટોરમાં એક શંકર મહારાજનાં જ કપડાં સ્વચ્છ–સફેદ. ગોળ બનાતની તપખીરિયા ટોપી; જરા મેલી ખરી,–તેલ પીને ઘટ્ટ બનેલી: બાકી બધું સ્વચ્છ. એના ચાર્જમાં ત્રણચાર પટારા, બે મોટી અડીખમ તિજોરીથી પણ મોટી તેલની ટાંકી, 'વેશ'નો ઢગલો, લાલ-લીલી બત્તીઓ, લોખંડના ને તાંબાપિત્તળના તારનાં ગૂંચળાં, નાનાંમોટાં વાઈસરો, ઘાટઘાટનાં રબરો, નળીઓ, હિંજીઓ, તાળાંઓ, ઓજારો, હથિયારો, જૅક, પેચ, ડ્રાઈવર, ખીલા, સારડી, બરછટ, ચક્કા—એવી અનેક નાનીમોટી વસ્તુઓનો એ ઈજારદાર હતો.

સ્ટોરની ભીંતો બહારથી સફેદ ચૂને ધોળેલી હતી, પણ અંદર દાખલ થતાં તેલની વસમી ગંધ આવતી. મોટી લીલી ટાંકીમાંથી જાડું રગડા જેવું લીલાશ પડતું ચળકતું તેલ મોટા નળમાંથી બહાર પડતું, તેની ધાર જોવામાં મને ખૂબ મઝા પડતી. અહીં કંઇકંઈ લોકો આવતા. શંકર મહારાજને મદદમાં એક નોકર હતો. એનું નામ કાળિયો. કાળિયો તેલે નીતરતાં કપડાં પહેરી આમતેમ ખૂબ દોડધામ કરતો. સવાર પડે અને ડ્રાઈવરો આવે: ડીસોઝાથી માંડી બાધર સુધીના બધા 'દરાવરો', એ બાજુ આવ્યા હોય તો, શંકર મહારાજની ખબર અચૂક કાઢી જાય. શંકર મહારાજ પાસે જાતજાતનાં સાધનો ને તેલ. કોઇને કંઇ જોઇએ તો કોઇને કંઈ નાના તારના ટુકડા માટે પણ શંકર મહારાજની મહેરબાની જોઈએ. મહિનાનું એંજિનનું રૅશન હોય તે પ્રમાણે તેલવગેરે મળે, પણ ગાડી સારી રાખવાની કાળજીવાળા દરાવરો એંટીકોંટી અજમાવતા ને શંકર મહારાજને ખુશ રાખતા.

સ્ટોરમાં એક મોટું ત્રાજવું હતું. સપાટ, ચોખંડું, લાકડાનું. એમાં બેસી ઝૂલો કરવાની તેમજ જોખાવાની ખૂબ મઝા પડતી. એમ કરતાં શંકર મહારાજની નજર પડતી તો એ ઘાંટા પાડતા. રબરનાં વાઇસરો ઉપાડી એની નાનીનાની ગાડી બનાવતા, ચા ઘાસતેલના ડબ્બા પર ઢાંકણાં માટે આવતી નાની ટીનની ઢાંકણીઓનાં ત્રાજવાં પણ બનાવતા. દેવદારનાં પાટિયાંમાંથી સિગ્નલો બનાવતા અને ચાક કે ગેરૂથી રંગી લઇ, જમીનમાં દાટી, દોરીઓ બાંધી, એને પાડતા ઉપાડતા. શંકર મહારાજ સાથે વારતહેવારે પતંગો પણ ચગાવતા.

દરાવર ડી ક્રુસ આવી શંકર મહારાજને બહુ સતાવતો: 'ટુમ ટેલ ચૉટ કમટી ડેટા હય, શંકર! યે ઠીક નહિ. હમારા ગાડી જૅમ હો જાટા હૈ. હમકો અચ્છા ટેલ દો, વરના રીપોર્ટ કરેંગે.' પણ શંકર મહારાજ એવાઓથી ગભરાય એવા નહોતા તો. એ તો જવાબ જ ન આપે: 'કાયદે સે બાત, જાસ્તી બાત નહિ.' બસ, એટલું કહી પતાવે.

પણ એકંદરે શંકર મહારાજ દયાળુ હતા. કંઈ લોક ઘર માટે સાવરણી લઇ જાય, તો કોઇ વળી ઘાસલેટના આખા ડબ્બા જ ઉઠાવી જાય! રેલવેનો સ્ટોર તે સૌનો સ્ટોરઃ અહીં પૈસાની લેવડદેવડ જ નહિ. રાત માટે હરીકેન ફાનસ ભરાવવા આવે, અને એવી રીતે બીજી નાનીમોટી જણસો સાહેબને ઘેર તો અનેક પહોંચતી હોય. મને યાદ છે, સાંજને પહોરે શંકર મહારાજ સ્ટોર બંધ કરતા હોય ત્યારે બહાર બેત્રણ ભંગીઓ ટળવળતા કરગરતા ઊભા હોય. એમને મહારાજ નાના ટીનના દાબડામાં દિવસભર ચોકઠામાં ઢોળાએલા તેલમાંથી, યા પીપગાંથી તેલ કે ઘાસતેલ વહેંચી આપતા. અને ભંગી શંકર મહારાજના આ દાન પર આસરવાદ વરસાવતા ઘેર જતા.

સ્ટોર ને ઑફિસની વચ્ચે આવેલી જગ્યામાં ટાંગેલા નોટીસ-બોર્ડ આગળ સાંજે ડ્રાઇવરો પોતાનું બુકિંગ જોવા એકઠા થતા. એમાં પેસ્તજી ધ્રૂજરો, કાવસ કાબરો, ગુલાબ લંગડો, અબદુલ્લો પંજાબમેલ, ડીમેલો મેલો, લખ્ખનસીંગ લંબૂસ ને મેરામજી લાઈન કૅલીઅર હમેશ જ હોય. એની દરેકની ખોડ પ્રમાણે એમને ઉપનામ મળ્યાં હતાં, ને તે જ નામે એ લોકો જાણીતા થયા હતા. એ આખી ઑફિસ ફોરમૅનની ઑફિસ કહેવાતી અને ફોરમૅન સૌથી વડો ગણાતો. હજી આજે પણ એ ફોરમૅનની જગ્યાએ હિંદુ મળવો મુશ્કેલ છે, તો એ કાળમાં તો ફોરમૅન ક્રિશ્ચિયન જ હોયને! એવો એક સુક્કો, ઊંચો, માંજરી આંખનો, જિંદગીમાં કદી હસ્યો જ નહિ હોય એવા ચહેરામોરાવાળો, યહૂદી કરીને ફોરમૅન હતો. ઘણીવાર એ બંદુક લઈ શિકારે જતો. પછી ડંફાસ મારવા મારા મોટાભાઈ પાસે આવતો, ત્યારે મને 'તુમ કો શૂટ કરેગા' કહી વારંવાર બીવડાવતો. હું એને રોમેરોમથી ધિક્કારતો. (ચાલુ)

મેઘનો કવિ

રેડિયો-રૂપક

મૂળ લેખક 'બૃહસ્પતિ'ના હિંદી ઉપરથી
અનુવાદક
ગુણવંતરાય છોટાલાલ શાહ

[પ્રસ્તુત રેડિયો નાટિકા, એક નાટિકાની સાથેસાથે મહાકવિ કાલિદાસના કવિ-જીવનની કલ્પિત કથા પણ છે. એ દ્વારા, વિવાદોના આધાર ઉપર કાલિદાસના ગ્રંથોનું સંક્ષિપ્ત સમાલોચન, અને ક્રમશઃ કવિના પૂર્ણત્વનો વિકાસ દર્શાવ્યો છે. —અનુવાદક]



વિદ્યોત્તમા
અને વીણારંજન

પાત્ર-પરિચય

અગ્નિમિત્ર વિક્રમાદિત્ય.........કવિ કાલિદાસના આશ્રયદાતા
કાલિદાસ.............સંસ્કૃત સાહિત્યના વિશ્વવિખ્યાત કવિ
આચાર્ય વીણારંજન ....અગ્નિમિત્રની સભાના નાટ્યાચાર્ય
પંડિત વિદ્યાધર.....................એક સમાલોચક વિદ્વાન
આર્યા વિદ્યોત્તમા......................કવિ કાલિદાસનાં પત્ની
મહારાણી માલવિકા...મહારાજ અગ્નિમિત્રના નવરક્ષિતા પત્ની
વર્ણનકાર .... કથાસંયોજક

[વર્ણનકાર: એ દિવસોમાં મહાકવિ કાલિદાસ, મહારાજ અગ્નિમિત્ર વિક્રમાદિત્યની સભા સુશોભિત કરી રહ્યા હતા. કવિએ પોતાના નવપ્રણીત નાટક 'માલવિકાગ્નિમિત્ર'માં મહારાજ ને તેમની નવી મહારાણી માલવિકાની પ્રણયલીલાનું ચિત્રણ કર્યું હતું. એ દિવસે આ નાટકનો અભિનય પણ સફળતાપૂર્વક થયો હતો અને સહૃદય સમાજ મહાકવિની મુક્ત કંઠે પ્રશંસા કરતો હતો. મહારાણી માલવિકાએ કવિને અભિનંદન આપતાં કહ્યું —]

માલવિકા: અભિનંદન છે કવિવર! આપનું નાટક અત્યંત સફળ થયું.

કાલિદાસ: એ તો આપનો અનુગ્રહ છે દેવિ! ખરી સફળતા તો આચાર્ય વીણારંજનની છે.

વીણારંજન: મહાકવિને શાલીનતા જ શોભા દે છે. 'માલવિકાગ્નિમિત્ર'ના કવિની લેખિનીમાં જ સ્વાભાવિક પ્રૌઢતા છે અને દૃષ્ટિમાં સૂક્ષ્મતમ તત્ત્વો સુધી પહોંચવાની શક્તિ. અભિનેતાને પોતાનું શું છે? એના મુખમાંથી તો માત્ર કવિની વાણી પ્રતિધ્વનિત થાય છે.

અગ્નિમિત્ર: અમે બંનેને અભિનંદન આપીએ છીએ. અગ્નિમિત્રને બંનેનો ગર્વ છે; બન્ને અમારી સભાનાં રત્ન છે. કવિની વાણીને સહૃદય સમાજ સમક્ષ મૂર્ત સ્વરૂપમાં લાવવાનું સાધન અભિનય છે, પરંતુ અલ્પજ્ઞ સૂત્રધાર અને અનભ્યાસી નટોના હાથમાં પડીને કવિની સુંદર કૃતિનું રૂપ પણ વિકૃત બની જાય છે. એટલા માટે અમે આચાર્ય વીણારંજનને આજની સફળતાના 'શરીર' માનીએ છીએ. મહાકવિ કાલિદાસ આજની સફળતાના 'પ્રાણ' છે.

કાલિદાસ: સારા રૂપક માટે સારા કથાવસ્તુની પણ જરૂર રહે છે. 'માલવિકાગ્નિમિત્ર'નું કથાવસ્તુ મારી કલ્પના દ્વારા પ્રસૂત નથી થયું, પરંતુ મહારાજ અને મહારાણીના ચરિત્રને જ આ રૂપકમાં અંકિત કરવાની મેં ચેષ્ટા કરી છે. આ સફળતાનું જો વાસ્તવિક કારણ કાંઇ હોય તો તે આપ દંપતીનો પ્રણય છે.

અગ્નિમિત્ર: (હસીને) સુંદર! સુંદર! તો તો દેવી માલવિકાને આજની સફળતા માટે અભિનંદન ઘટે છે. (સર્વ હસે છે)

માલવિકા: (કૃત્રિમ રોષથી) મહારાજને જ અભિનય કરતાં આવડે છે. 'માલવિકાગ્નિમિત્ર'ના નાયક દેવી ધારિણી અને માલવિકા એમ બન્નેને પ્રસન્ન રાખવામાં કેટલા ચતુર છે, એ મહાકવિ કાલિદાસ અથવા નાટ્યાચાર્ય વીણારંજનથી છૂપું રહી શક્યું નથી. (બધા હસે છે.)

અગ્નિમિત્ર: કવિવર, સાંભળો છો ને? તમારા નાટકની નાયિકા માલવિકા પણ આવી વાક્ચતુર છે ખરી?

કાલિદાસ: છદ્મ વેષમાં જીવનયાપન કરવાવાળી રાજકુમારી માલવિકા અને દેવી માલવિકામાં પરિસ્થિતિનું જ અંતર છે, મહારાજ! કળી જ વિકસિત બનીને પુષ્પ નામ ધારણ કરે છે. અવસ્થાભેદથી કોઇનું વ્યક્તિત્વ બદલાઇ નથી જતું.

[વર્ણનકાર: આ પ્રકારે થોડો વાગ્વિલાસ કર્યા પછી મહારાજ વિશ્રામ માટે ગયા. મહાકવિને પણ અવકાશ મળ્યો અને તે પત્ની સહિત ઘેર ગયા. પરંતુ સભાપંડિત વિદ્યાધરની સાથે આચાર્ય વીણારંજનનો આ પ્રકારે વિવાદ થઇ ગયો—]

વિદ્યાધર: આપ ગમે તે કહો, આચાર્ય, પરંતુ આ બાળક કવિની નિર્બળતાઓને છુપાવી નહિ શકો.

વીણારંજન: મને બતાવો તો ખરા કે એમાં કઇ નિર્બળતા છે?

વિદ્યાધર: કાલિદાસ અભિમાની છે.

વીણારંજન: મહાકવિમાં અભિમાનનું ચિહ્ન મેં તો નથી જોયું.

વિદ્યાધર: આપ તેને 'મહાકવિ' જ નહિ. 'બ્રહ્મા' કહો; પરંતુ તેમનામાં દંભ છે એ શું સત્ય નથી?

વીણારંજન: તેનું એકાદ તો પ્રમાણ આપો.

વિદ્યાધર: જે રંગમંચ ઉપર ભાસ અને સૌમિલ્લ જેવા મહાકવિઓની અમર કૃતિઓનો અભિનય કરવામાં આવે છે, ત્યાં 'માલવિકાગ્નિમિત્ર'ને સ્થાન પ્રાપ્ત કરાવવું એ કાલિદાસનું અભિમાન નહિ તો બીજું શું છે? આ રીતે તે પોતાની જાતને પ્રાચીન નાટકકારોની પંક્તિમાં બેસાડવાની ચેષ્ટા નથી કરતા?

વીણારંજન : (હસીને) બહુ જ વિચિત્ર તર્ક! કાલિદાસમાં જો પ્રતિભા હશે તો તે એ કરતાં પણ ઊંચું સ્થાન પ્રાપ્ત કરશે.

વિદ્યાધર: ઓછામાં ઓછું આ રાજસભામાં તો કરશે જ. અને એ માટે પ્રતિભા નહિ, ચાટુકારિતા જ બસ છે. આપ તેને આકાશે ચડાવવાની ગમે તેટલી ચેષ્ટા કરો છતાં યે તે પ્રાચીન કવિઓનાં ચરણોની ધૂળ પણ નથી.

વીણારંજન: પ્રાચીન કવિઓને હું પણ સન્માનું છું, પરંતુ વર્તમાન અથવા ભવિષ્યમાં સત્કવિઓની ઉત્પત્તિ પર પરમાત્માએ કોઇ પ્રતિબંધ નથી મૂક્યો. મને વિશ્વાસ છે કે કાલિદાસનું ભવિષ્ય અત્યંત ઉજ્જ્વલ છે. કેવળ પ્રાચીનતા જ શ્રેષ્ઠતાની કસોટી નથી.

વિદ્યાધર:તો કાલિદાસ માટે કોઈ નવી કસોટી બતાવો!(હસે છે.)

વીણારંજન: વ્યંગ કરવાની વાત નથી. કોઇ વસ્તુ પ્રાચીન હોય એટલા જ માટે સારી ન હોઇ શકે, ને નવીન વસ્તુ કેવળ નવીનતાને લીધે ખરાબ ન હોઈ શકે. ઈશ્વરે જેને બુદ્ધિ આપી છે, તે પરીક્ષા કરીને પ્રાચીન અથવા નવીનમાં જે શ્રેષ્ઠ હશે તેને ગ્રહણ કરશે.

વિદ્યાધર: તો પછી 'માલવિકાગ્નિમિત્ર'માં સારું શું શું છે?

વીણારંજન: હું પણ પ્રશ્ન કરી શકું છું કે, તેમાં ખરાબ શું છે?

વિદ્યાધર: મહારાજની પ્રસન્નતા માટે તે લખવામાં આવ્યું છે.

વીણારંજન: એ કંઈ દોષ ન કહેવાય. કાલિદાસે મહારાજના ચરિત્રચિત્રણમાં કયાં યે અતિશયોક્તિ નથી કરી.

વિદ્યાધર: આપને કયાંથી દેખાય? (હસે છે.)

વીણારંજન: આપ વાત કરો છો કે હસો છો?

વિદ્યાધર: વાત શું કરું? આપને આપના મહાકવિ મહારાજને પ્રસન્ન કરો. આપ મહાકવિની પ્રશંસા કરો; તે આપનાં ગીત ગાશે. પછી બંને મળી મહારાજના ગુણાનુવાદ કરજો. આ જ કલાની સાચી ઉપાસના. (અટ્ટહાસ્ય કરે છે) નાટકમાં રાજદંપતીના ચરિત્ર-ચિત્રણની ચાલ ન હોત તો કોઇ તેની કિંમત કોડીની પણ ન ગણત.

વીણારંજન: (ક્રોધપૂર્વક) આપનું તાત્પર્ય શું છે?

વિદ્યાધર: મારું તાત્પર્ય? (હસે છે.) આપના તાત્પર્યથી એ ભિન્ન છે. ભાસ અને સૌમિલ્લ ભાટ ન હતા, આચાર્ય મહોદય! અને આપના મિત્ર? (જોસથી હસીને) એ તો મહાભાટ છે.

વીણારંજન: ઇર્ષ્યાથી અંધ બનેલો ગુણોને ક્યાંથી જોઇ શકે? તમારા ભાસ ને સૌમિલ્લ એક દિવસ કાલિદાસ પાસે તુચ્છ લાગશે.

વિદ્યાધર: અને આપની સમક્ષ મહામુનિ નાટ્યાચાર્ય ભરત પણ? (અટ્ટહાસ્ય કરે છે.)

વીણારંજન: (ક્રોધથી) વિદ્યાધર!

વિદ્યાધર: કેમ? ક્રુદ્ધ થઈ ગયા? સત્ય કટુ હોય છે.

વીણારંજન: સત્ય અને અસત્યનો નિર્ણય તો સમય કરશે. ભાસ અને સૌમિલ્લની પાછળ પણ આમ જ હતું, પરંતુ તે કીડાની જેમ ઉત્પન્ન થયા અને મરી ગયા. દુનિયામાં તેને આજ કોઈ નથી જાણતું.

વિદ્યાધર: હવે આપ ગાલિપ્રદાન કરવા લાગ્યા. (જોસથી હસે છે; ધ્વનિ ધીમે ધીમે દૂર જાય છે.)

[વર્ણનકાર: કાલિદાસના અપમાનથી આચાર્ય વીણારંજનને ખૂબ દુઃખ થયું; કેમકે મહાકવિ અત્યંત વિનયી હતા. તે રાત્રિ અશાંતિમાં જેમતેમ વીતાવી પ્રાતઃકાળ થતાંજ તે મહાકવિના નિવાસસ્થાન પર ગયા. એમના આગમનની સૂચના મળતાં, મહાવિદુષી આર્યા વિદ્યોત્તમા સ્વાગત માટે બહાર આવ્યાં–]

વિદ્યોત્તમા: અભિવાદન કરું છું, આચાર્ય! આવો, પધારો!

વીણારંજન: અખંડ સૌભાગ્યવતી બનો, આર્યા! મહાકવિ વિશ્રામમાં છે શું?

વિદ્યોત્તમા: નહિ, તેઓ પૂજન કરી રહ્યા છે.

વીણારંજન: શું આજ પણ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી ગયા?

વિદ્યોત્તમા: અમે તો પછી ગઈ રાત્રિએ સૂતાં જ ન હતાં. 'માલવિકાગ્નિમિત્ર'ની ચર્ચા કરતાં હતાં.

વીણારંજન: તમારો શો મત છે?

વિદ્યોત્તમા: અભિનય તો ખૂબ સુંદર હતો. આપ અને આપના અભિનેતાઓ તમામ સફળ હતા.

વીણારંજન: તો અસફળ કોણ હતું?

વિદ્યોત્તમા: આર્યપુત્ર.

વીણારંજન: આપ શું કહો છો?

વિદ્યોત્તમા: સત્ય તો કહેવું જ પડે.

વીણારંજન: વિદ્યાધર પણ એમ જ કહે છે.

વિદ્યોત્તમા: શું કહે છે વિદ્યાધર?

વીણારંજન: કે, 'માલવિકાગ્નિમિત્ર'માં દેવી માલવિકા અને મહારાજ અગ્નિમિત્રની પ્રણયલીલા સિવાય બીજું છે શું? પોતાના ચરિત્રનો અભિનય દેખીને રાજદંપતી પ્રસન્ન બને તે સ્વાભાવિક છે.

વિદ્યોત્તમા: એમનું કહેવું યથાર્થ છે.

વીણારંજન: તે કહે છે, મહાકવિ અભિમાની છે. તે ઈચ્છે છે કે જગત પોતાને પ્રાચીન નાટકકારોનો સમકક્ષી કહે.

વિદ્યોત્તમા: એ પ્રલાપ છે. વસ્તુતઃ આર્યપુત્રમાં ઊંચી પ્રતિભા છે.

વીણારંજન: તેનું કહેવું છે કે કાલિદાસ હજી ગઇ કાલનો છોકરો છે.

વિદ્યોત્તમા: પૂજાનું કારણ ગુણ હોય છે, આયુ નહિ. બાલયોગી શુકદેવનું પ્રવચન મોટામોટા વયોવૃદ્ધ ઋષિ પણ સાંભળતા. મહાકવિ તો ઉદિત થતા બાલસૂર્ય જેવા છે. તેમનું પૂર્ણ તેજ હજી પ્રકાશિત જ કયાં થયું છે? લ્યો, આ આવ્યા આર્યપુત્ર...(પદધ્વનિ સંભળાય છે.)

કાલિદાસ: મારું અહોભાગ્ય. પ્રાતઃકાલમાં બ્રાહ્મણનું દર્શન થવું એ સૌભાગ્યસૂચક છે. કાલિદાસ પ્રણામ કરે છે, આચાર્ય!

વીણારંજન: કોને પ્રણામ કરી રહ્યા છો? અમે ભાટ છીએ અને આપ પણ મહારાજની મિથ્યા પ્રશંસા કરીને જ અર્થોપાર્જન કરવું એ તો આપણો વ્યવસાય છે!

કાલિદાસ: પંડિત વિદ્યાધર પ્રત્યે આચાર્ય ક્રોધિત થયા લાગે છે.

વીણારંજન: આપ પણ ઉપહાસ કરશો? હું ક્રોધિત છું કે દુઃખી?

કાલિદાસ: મેં આપનું બંનેનું સંભાષણ હમણાં સાંભળ્યું છે. પંડિત વિદ્યાધરે ભલે કહેલું હોય તે કહે.

વીણારંજન: તે વિદ્યાધર નથી વિષધર છે. વિષધરના દાંત તોડી નાખવા એ જ ઉચિત હોય છે. હું મહારાજની સન્મુખ વિચાર કરવા માટે અભિયોગ કરીશ.

કાલિદાસ: શાન્ત થાઓ, આચાર્ય! સમાલોચના સાંભળવા માટે કલાકારે તો સર્વદા તત્પર રહેવું ઘટે.

વીણારંજન: આપને વિનોદ કરવાનું સૂઝે છે; પણ હું મારું અપમાન સહન કરી શકું, કલાનું નહિ. ઠીક, જાઉં છું, પ્રણામ! (પદધ્વનિ)

કાલિદાસ: જરા ઊભા રહો તો! (ધ્વનિ દૂર જાય છે) આચાર્ય! (શબ્દ અત્યંત ધીમો બને છે)......આચાર્ય!

[વર્ણનકાર: આચાર્ય વીણારંજને રાજસભામાં મહારાજ અગ્નિમિત્ર સમક્ષ અભિયોગ ઉપસ્થિત કર્યો. જે દિવસે આ અભિયોગ ઉપર વિચાર કરવાનો હતો તે દિવસે રાજ્યના સઘળા પ્રસિદ્ધ પંડિતો રાજસભાને સુશોભિત કરતા હતા.]

(અનુસંધાન આગળ પૃષ્ઠ ૧૮મે)



મહાત્માજી સાથેની એક મુલાકાત

[મહાદેવભાઇની ડાયરી વાંચતાં ૧૯૩૨ના એ યાદગાર દિવસોનાં સ્મરણો તાજાં થઈ ગયાં, ને યરોડા કૅમ્પની એ જેલનું જીવન, તથા ઉત્સાહ ને નિરાશામાં, ઉલ્લાસ અને વિષાદમાં પસાર થતા દિવસોના દિવસો નજર સમક્ષ ફરી જીવતા થઈ ગયા. ત્યારે ગાંધીજી યરોડાની મુખ્ય જેલમાંથી તેમજ કૅમ્પની જેલમાંથી વારાફરતા કોઇકોઈ કેદીને મુલાકાત માટે બોલાવે એવી યોજના હતી. એ મુલાકાત મેળવવાનું સદ્‌ભાગ્ય મને તા. ૧૯–૮–'૩૨ને દિવસે પ્રાપ્ત થએલું. અર્ધોએક કલાક ચાલેલી એ મુલાકાતનો તે જ દિવસે લખેલો અહેવાલ મારી પાસે હજી જળવાઇ રહ્યો છે. આજે પણ કદાચ એ રસમય નીવડે એ હેતુથી, લગભગ એ લખાયો એ જ શબ્દોમાં—મહાત્માજીની આ ત્રીજી સંવત્સરીએ—જનતા આગળ મૂકવા લલચાઉં છું.]

લેખક

ગુલાબદાસ બ્રોકર

યરોડા કૅમ્પ
તા. ૧૯-૮-૧૯૩૨

આજે ઊઠયો ત્યારથી જ હૃદયમાં એક જાતનો અસ્વસ્થ આનંદ પથરાએલો હતો. જગતના એ મહાપુરુષની મુલાકાત આજે કૅમ્પ જેલના કેદીઓ તરફથી લેવાનો મારો વારો હતો.

નાહીધોઇ કામકાજ પતાવી અગિયાર વાગ્યાની રાહ જોતો બેઠો. સમય કેટલો ધીમો પસાર થતો હતો!

અંતે અગિયાર વાગ્યા. જમી તો ક્યારનું લીધું હતું. સવા અગિયારેક વાગ્યે એક પોલીસની સાથે જેલમાંથી બહાર નીકળ્યો. આટલા મહિના પછી, ભલે કેદી તરીકે પણ, બહારની હવા ખાવી એ કેટલું આહ્‌લાદમય લાગતું હતું! દસેક મિનિટમાં તો જેલના મુખ્ય દરવાજા પાસે પહોંચી ગયા. દરવાજે નામ નોંધી મને અંદર મોકલ્યો. અંદર ઝીણાભાઇ દેસાઈ (સ્નેહરશ્મિ) મળ્યા. આટલા મહિના પછીની આ આકસ્મિક મુલાકાતે વળી ઓર આનંદ આપ્યો. તેમની સાથે અર્ધોએક કલાક વાતચિત કરી, ત્યાં અંદરના બધા દરવાજા ફટોફટ બંધ થવા લાગ્યા. ગાંધીજીને મુલાકાત માટે સુપરિન્ટેન્ડેન્ટની ઑફિસમાં લઇ જતા હતા. બીજો અર્ધો કલાક નીકળી ગયો. હવે તો કુતૂહલ સાથે થાક પણ ઉમેરાયો. ત્યાં પાછા દરવાજા બંધ થયા. આ વખતે મુલાકાત પતાવી લીધેલા સરદારને પાછા તેમની જગ્યાએ લઇ જતા હતા. તેમના પછી શંકર કાલેલકર નીકળ્યા ને મને ઉપર બોલાવ્યો.

મેજર ભંડારેની ઑફિસના બારણા આગળ આવતાં જ પૂજ્ય બાપુજીની એ શાંત મૂર્તિ દેખાઈ. એ જ શાંતિ, એ જ હાસ્ય, એ જ નિખાલસતા, જે બહાર ઘણીવાર જોયાં હતાં! નમસ્કાર કરી હું દાખલ થયો. મેજર ભંડારે તથા મેજર મહેતા ખુરશી ઉપર બેઠા હતા અને મહાત્માજી નીચે જાજમ પર બેઠા હતા. ચરણરજ લઇ હું તેમની પાસે બેસતાંવેંત જ ગાંધીજી બોલી ઊઠયા: 'ઓહોહો! બહુ વખત થયો? મેં જાણ્યું કે કોઈ આવ્યું નથી કે શું?'

મેં કહ્યું: 'આવ્યો તો ઘણા વખત થયા છું, પણ અહીં તો લાવે ત્યારે જ અવાય ના?'

દેવીદાસ ઘેવરિયાનો હું ભાણેજ છું તેમ કહ્યું ને બાપુજી તેમને તરત ઓળખી ગયા. તેમના મૃત્યુની પણ તેમને ખબર હતી.

મુંબાઇના ભાઇઓ તરફથી પ્રણામ આપ્યા પછી રામદાસભાઈના ખબર આપ્યા. તેમનું વજન બે રતલ વધ્યું છે એમ મેં કહ્યું ત્યાં તો બાપુજી બોલી ઊઠયા: 'ત્યારે તો વધામણી!' એટલું કહી તેઓ હસી પડયા ને ઉમેર્યું: 'તેને કહેજો કે ચિન્તા ન કરે ને મોજમાં રહે.'

મૂર્તિ, વિશ્વનાથ, છગનભાઇ, કુરેશીભાઈ વગેરે વિષે થોડી વાતો કર્યા પછી અને Flower of St. Francis નામની ચોપડી તથા ટૉલ્સ્ટૉયના નિબંધોના પુસ્તકની આપલે વિષે વાત કર્યા પછી મેં પૂછયું: 'ગયે વખતે કોણ મળી ગયું?'

'જમનાદાસ અને બેલવી.'

'આ વખતે,—મારી પહેલાં?'

'ગંગાધરરાવ અને શંકર કાલેલકર.'

'તેમના કંઈ ખાસ ખબર?'

'ખાસ કંઇ નથી. ગંગાધરરાવ મઝા કરે છે. હમેશ માફક ખૂબ આનંદમાં છે ને ગુજરાતી શીખે છે. શંકરને તો મેં બોલાવ્યો હતો.'

'આપની તબિયત કેમ રહે છે?'

'બહુ સારી. ફક્ત કોણી દુખે છે અને એ તો એમ જ રહેવાની!'

'સરદાર અને મહાદેવભાઈ કેમ છે?'

'સરદાર તો ખૂબ અભ્યાસ કરે છે. એના કરતાં વધારે ઉદ્યમી વિદ્યાર્થી મેં જોયો નથી. અને પસ્તીના કાગળ આવે કે પૂઠું ચડાવ્યું જ હોય. મહાદેવ તેમને સંસ્કૃત શીખવે છે. મહાદેવ પોતે ફ્રેન્ચ શીખે છે ને રસોડાનું પણ ધ્યાન રાખે છે. હું તો ફરું છું, કાંતું છું, ખાઉં છું અને વાંચું છું.'

ત્યારે મુંબઈમાં કોમી રમખાણ થઈ ગયું હતું. એને વિષે મેં પૂછ્યું: 'આ કોમી રમખાણો વધી જાય તો આપને બહાર જતાં તટસ્થ રહેવું પડે? લડાઇ મોકૂફ રાખવી પડે? તો પછી આ છેલ્લી જ લડાઈ છે એવી આપની પ્રતિજ્ઞાનું શું થાય?'

'એ તો ત્યારે ખબર પડે. બાકી તો લડાઇ જુદું સ્વરૂપ પકડે, પણ બંધ તો ન જ થાય.'

કોમી યુદ્ધ ઉપરથી કોમી ચુકાદો યાદ આવ્યો. તે તરતમાં જ પ્રસિદ્ધ થયો હતો. એટલે મેં પૂછ્યું: 'વડા પ્રધાનના કોમી ચુકાદા વિષે આપનો શો અભિપ્રાય છે?'

ગાંધીજી (દુઃખપૂર્વક): 'તે award રેઢિયાળ છે, કઢંગો છે, બેહૂદો છે. હું તેનાથી બહુ જ નાખુશ થયો છું.'

'આના, એટલે કે કૉંગ્રેસના, બહાર ગયા પછી એ લોકો આ ચુકાદાના ધોરણ પર બંધારણ ચલાવી શકે એમ આપ માનો છો?'

'એ તો કેમ કહેવાય? પણ મને તો લાગે છે કે એ તૂટી પડશે.' (એ પછી થોડા જ દિવસોમાં તો બાપુજીએ પોતાના વિશ્વવિખ્યાત ઉપવાસો શરુ કર્યા હતા.)

વાત બદલાઇ. આતંકવાદીઓએ ૧૯૩૦માં ત્રણ વર્ષ સુધી કશું ન કરવાની ગાંધીજીને બાંહેધરી આપી હતી, તે યાદ આવતાં મેં પૂછ્યું: 'આપને ત્રાસવાદીઓએ આપેલી ત્રણ વર્ષની મુદત તો માર્ચે ૧૯૩૩માં ખલાસ થાય છે. તેનું શું થશે?'

'એમાં કંઇ નથી. એ લોકો કંઈ કરી શકે એમ નથી.'

વળી બીજી જ વાત મેં કાઢી: 'કમ્યુનીઝમ હિંદુસ્તાનમાં સફળ થાય એમ આપ માનો છો?'

ગાંધીજી: 'હું કમ્યુનીઝમ સમજ્યો જ નથી. તે વિષે મેં વાતોચીતોમાંથી સાંભળ્યું છે એટલું જ, બાકી કંઈ અભ્યાસ કર્યો નથી.'

'આપે ગોળમેજીમાં Finance speechમાં કહેલું કે: Property which is illegally and inequitably acquired will be confiscated to the State without compensation. તો તે કમ્યુનિઝમ નહિ?'

'જો એ જ કમ્યુનિઝમ હોય તો હું કમ્યુનિસ્ટ છું.'

'પણ કમ્યુનિઝમ તો કહે છે કે બધી પ્રૉપર્ટી એવી જ રીતે મેળવેલી હોય છે. તો આપની ને એ નીતિ વચ્ચેનો ભેદ સમજાવશો?'

'એ તો એના અભ્યાસ વિના હું શી રીતે કહું? પણ એક માણસે પરસેવો પાડીને પચાસ રૂપિયા ભેગા કર્યા હોય તો તે ભોગવવાનો તેને હક્ક રહે. એકને બાજરી પચતી હોય ને બીજાને દૂધ જ પચતું હોય તો એકને બાજરી અને બીજાને દૂધ ખાવાનો હક્ક રહે. પણ બન્નેને બાજરી જ પચતી હોય તો એક બીજાને એમ ન કહે કે હું તો દૂધ જ ખાઈશ અને તું બાજરી જ ખાજે.'

'કાર્લ ગાર્ક્સે કરેલું વર્ગનિદાન આપને કેમ લાગે છે?'

'એણે શી રીતે વર્ગ પાડ્યા છે એની મને શી ખબર?'

'એ તો કહે છે કે classes હમેશાં massesની વિરુદ્ધ જ રહેવાના; માટે એક proletarian class જ રહેવો જોઇએ.'

'હું પણ કહું છું કે એક જ વર્ગ રહેવો જોઈએ; પણ એમાં એક આગળ પાંચ ને બીજા આગળ પચાસ રૂપિયા રહેશે. અને જો કોઈ એમ કહે કે બીજાને મારીને બધાની આગળ સમાન મૂડી રાખવી તો તે બની શકે જ નહિ. બાકી કાર્લ માર્ક્સનું તો એકે પુસ્તક મેં અથથી ઈતિ સુધી વાંચ્યું નથી.'

'Communist manifesto પણ નહિ?'

'ના, એ પણ નહિ.'

'અહીં તો આપ ખૂબ વાંચતા હશો: તેમાં તે કંઈ વાંચતા નથી?'

'હું વાંચું છું તો પુષ્કળ, પણ, મારે ક્યાં ઉપનિષદો અને બીજું બધું વાંચવાનું નથી તે હું કાર્લ માર્ક્સ વાંચું?'

પાછો પેલી વાત તરફ વળતા હું બોલ્યો: 'આપે કહ્યું કે એક આગળ પાંચ રૂપિયા હોય અને બીજા આગળ પચાસ પણ હોય તો યે વાંધો નહિ; પણ બિરલા અને પુરુષોત્તમદાસના લાખોનું શું?'

'એ તફાવત તો ડિગ્રીનો રહ્યો ના? એનું તો સમય આવ્યે નક્કી થઈ શકે.'

'આપ ડેમોક્રસીમાં માનો છો?'

'જરૂર. હું તો જન્મ્યો ત્યારથી જ ડેમોક્રૅટ છું. મેં કોઈને કદાપિ મારાથી નીચો જાણ્યો નથી ને કોઇને મારાથી ઊંચો પણ નથી માન્યો.'

'પણ અત્યારે તો તેમાં (ડેમોક્રસીમાં) બહુ મેલ ભર્યાં છે ના?'

'અત્યારે તો જગતમાં ક્યાં ય ડેમોક્રસી જ નથી, તેનું ઓઠું જ માત્ર છે.'

'પણ આપ માનો છો કે એ મેલ નીકળી જઇ શુદ્ધ ડેમોક્રસી જગત પર ચાલે?'

'મને તેમાં વિશ્વાસ છે અને તે સફળ થાશે એમ હું માનું છું.'

વળી વાતનો વિષય બદલાયો. મેં પૂછ્યું: 'આ લડતમાં યુવકોનો ફાળો કેવો કહેવાય?'

'સામાન્ય.'

'પ્રાર્થનાનો અર્થ સમજ્યા વિના કોઈ તન્મય થઈ પ્રાર્થના કરે તો તે સાચી પ્રાર્થના કહેવાય?'

'જરૂર સાચી કહેવાય, જો તેમાં તન્મય થઈને કરે તો. રામનો અર્થ ન સમજતો હોય, પણ રામનામ ઉલ્લાસથી જપે અને તેમાં હૃદયના ભાવ ભર્યા હોય તો જરૂર ફળ આપે; પરંતુ 'અલ્લાહ અલ્લાહ' કરે પણ એ નામે હૃદયમાં ભાવ ઉત્પન્ન ન થાય તો તે ફોકટ જાય.'

'શરૂઆતમાં બે ધ્યાન થઈ જવાય તો પણ ચાલુ રાખે તો સારું કે નહિ?'

'જરૂર.'

હવે કૅમ્પમાંથી અમુક મિત્રોએ પૂછવાને કહેલો છેલ્લો પ્રશ્ન પૂછ્યો: 'હમણાં યુવક-યુવતીઓને સાથે કામ કરવાનું હોવાથી પ્રાર્થના સાથે બ્રહ્મચર્ય વિષે ઉપદેશ આપવાની જરૂર ખરી?'

'જરૂર નથી; નુકસાન ખરું. કોઇને હમેશાં બ્રહ્મચર્ય પાળવાનું કહેવાથી કોઈ તે પાળતું નથી.'

આ દરમિયાન મેજર ભંડારે ઉતાવળ કરતા હોવાથી બાપુએ જ હસતાં હસતાં કહ્યું: 'હવે આપણને આ કંઈ કહે તે પહેલાં જ આપણે પૂરું કરીએ.'

બાપુની ચરણરજ લઇ હું બહાર નીકળ્યો ત્યારે જાણે કોઈ પુણ્યતીર્થમાંથી પાછો ફરતો હોઉં એવો ભાવ હૃદયમાં ભર્યો હતો.

બિલકુલ આધુનિક છતાં પૂરેપૂરી પ્રાકૃતિક રમત

ગ્રામ-વિસ્તાર દોડ

લેખક
વાસુદેવ ભટ્ટ



ખેતરની વાડ કુદાવી!

કોણ નથી દોડતું? પ્રાણીમાત્ર દોડે છે. પણ દોડવા દોડવામાં યે ફેર છે. એમ તો, મોટા પેટવાળા અને શરીરને નહિ ઓળખતા વેપારીઓ, તથા અકડાઈ ગએલાં અંગવાળા બેઠાડુ કારીગરો પણ વખત આવ્યે દોડે છે: ઊપડી જતી બસ કે ગાડી પકડવા, યા ગભરાટ કે નુકસાનને સમયે, હાંફળાફાંફળા થઇને કેવા બેડોળ ને અકુદરતી લાગતા એ દોડે છે! પણ દોડવાનો એ સાચો ઉપયોગ નથી.

દોડવું એ તો કુદરતે આપણને આપેલી ભેટ છે. શરીરને તંદુરસ્ત અને ચેતનવંતું રાખવાનો એ સરળ અને સસ્તો નુસખો છે. પણ તે ઉપર કહ્યું તેમ ગરજ કે ગભરાટથી નહિ, પરંતુ તેના ગુણ ઓળખીને તેની સાચી શ્રદ્ધાથી. આપણે કોઇ તેનો સાચો લાભ લેતા જ નથી. તેનો ખરો ઉપયોગ ને ઉપભોગ તો કરે છે માત્ર પ્રાણીઓ અને બાળકો. પણ તેનો ઉપયોગ અને ઉપભોગ કરવા ઉપરાંત તેને વિકસાવવાનું કામ તો કરે છે માત્ર ખેલાડીઓ જ.


દોડવાની કુદરતી ક્રિયાને આજે તો એટલી બધી વિકસાવવામાં આવી છે કે તેને માટે નાનીમોટી ઘણી જાતની શરતો થાય છે અને તે દરેક શરતને માટે તેનો ખાસ કસબ–પ્રયુક્તિઓ (ટેકનિક) શોધવામાં અને યોજવામાં આવી છે. દાખલા તરીકે ૧૦૦ મીટર(૧૧૦ વાર)ની દોડ માટે જે પ્રયુક્તિઓની જરૂર પડે તે ૮૦૦ મીટરની દોડ માટે નકામી જ નીવડે; અને વળી ૧૦૦૦ કે ૫૦૦૦ મીટર માટે જુદી જ ટેકનિક જોઇએ. વળી દોડતી વખતે પહેરવાનાં ખાસ પગરખાં, તથા દોડ પહેલાં, દોડ દરમિયાન અને દોડ પછી લેવાની માવજત વગેરે બાબતોનો પણ ઝીણવટભર્યો અને વ્યવસ્થિત વિચાર કરવામાં આવ્યો છે. આ બધાંનાં પરિણામે દોડ જેવી તદ્દન કુદરતી રમત આધુનિક યુગમાં એટલી તો અટપટી થઇ પડી છે કે સામાન્ય માણસને તેની પાછળનું વિજ્ઞાન તો પહેલી નજરે ના જ સમજાય; પણ અલબત્ત, તેનો રસ તો માણી શકે. એ બધી બાબતો કેટલાકને કદાચ કૃત્રિમ લાગે; પણ જે રમતમાં સૌકોઇને રસ પડે તેવી એક રમત આધુનિક યુગે જાળવી રાખી છે. તે રમત છે 'ગ્રામ-વિસ્તાર દોડ'— Cross-country Race.

પોતાની આદિ અવસ્થામાં માણસ શિકારને પકડવા માટે, દુશ્મનને મારવા માટે અથવા દુશ્મનથી બચવા માટે દોડતાં જે સ્નાયુતંત્ર અને પ્રયુક્તિઓને, (તેનું વિજ્ઞાન સમજ્યા વિના પણ) અમલમાં મૂકતો હતો તે જ સ્નાયુતંત્ર અને પ્રયુક્તિઓની જરૂર આ ગ્રામ-વિસ્તાર દોડમાં પડે છે; કારણકે આ દોડ પેલા આદિકાળના માનવીના ક્ષેત્રમાં જ દોડાય છે. બીજી બધી દોડ ખાસ તૈયાર કરેલાં મેદાનો પર જ દોડવાની હોય છે. વળી મેદાન પર દરેક દોડનારને માટે પણ ખાસ અલગ રસ્તા હોય છે; અને દોડ જરા લાંબી હોય તથા તે માટે ખાસ તૈયાર કરેલા મેદાનની સગવડ ના હોય તો વાહન-વ્યવહાર માટેના રસ્તાનો આશરો જોકે લેવામાં આવે છે, તોપણ તેમાં યે પ્રસ્થાનરેખા (દોડ શરૂ કરવાની જગ્યા) અને વિજયરેખા (દોડ પૂરી કરવાની જગ્યા) ઉપરાંત આખો યે રસ્તો અગાઉથી મુકરર કરેલો હોય છે. પણ એક આ 'ગ્રામ-વિસ્તાર દોડ' જ એવી છે કે જે આ બાબતમાં બધી દોડ કરતાં જુદી પડે છે. આ દોડમાં કોઈ સપાટ આખો જ રસ્તો નક્કી કરેલો નથી હોતો, પણ અમુક ખાસ જગ્યાઓ કે જેને 'ચિહ્ન' (Points) કહેવામાં આવે છે તે જ માત્ર ઠરાવેલાં હોય છે અને તે દરેક સ્થળે નિયત ક્રમમાં જ પહોંચી વળવાનું હોય છે. એ પદ્ધતિની વિગતો હવે આ સાથે (પાછળ) આપેલા નકશાની મદદથી આપણે સમજીએ.

એક શહેરનો ખૂણો અને તેની આજુબાજુનો પ્રદેશ તેમાં દેખાડવામાં આવ્યાં છે. શહેરના એક ચોભેટા પાસેથી દોડ શરૂ કરવાની છે, ને ત્યાંથી, જ્યાં (૧) લખેલું છે ત્યાં, કોટની રાંગે પહોંચવાનું છે. કયા રસ્તે ને કેવી રીતે ત્યાં વખતસર—સૌથી આગળ પહોંચવું તે દોડનારે પોતે જ વિચારવાનું ને નક્કી કરવાનું છે. કોટની રાંગે પહોંચ્યા પછી ત્યાંથી નીકળીને નદીને સામે કિનારે એક મંદિરે— જ્યાં (૨) લખેલું છે ત્યાં પહોંચવાનું છે; ત્યાંથી પછી એ જ પ્રમાણે ક્રમવાર (૩),(૪),(૫), એમ દર્શાવેલી દરેક જગ્યાએ ક્રમવાર જવાનું છે ને એ પ્રમાણે એ પ્રકૃતિ-પ્રદેશમાં ભટકીને છેવટે ડાબી બાજુએ આવેલા તળાવને કિનારે નક્કી કરેલી વિજયરેખાએ પહોંચવાનું છે.

આ રમત જોવામાં ખૂબ રસ પડે એવી છે, કેમકે એમાં ગ્રામ-વિસ્તારમાં શક્ય તેટલી કુદરતી અડચણો અને મુશ્કેલીઓ દાખલ કરવામાં આવે છે: નદી–નાળાં, ખાડા–ટેકરા, ટેકરીઓનાં ચડાણ, ગીચ ઝાડી, વાડ, કિલ્લા, પગ ખૂંચી જાય તેવા રેતીના દડ વગેરે અનેક. આમ, રમત જરા કઠિન અને આકર્ષક બને એ રીતે વિચાર કરીને પહોંચવાનાં ચિહ્નો નક્કી કરવાનાં હોય છે. વળી તેના કેટલાક નિયમો પણ ખ્યાલમાં રાખવાના હોય છે. આખું અંતર સામાન્યરીતે ત્રણથી છ માઈલ સુધીનું હોવું જોઇએ;—જોકે ખાસ સંજોગોમાં તેથી ઓછું અંતર રાખી શકાય. પણ પછી બહુ ઓછા અંતરમાં રમતની મઝા મારી જાય. રસ્તો નાનો હોય તો ૬ થી ૯ ચિહ્નો અને લાંબો હોય તો ૮ થી ૧૨ ચિહ્નો ગોઠવવામાં આવે છે.

વળી એક બીજી બાબત એ ધ્યાનમાં રાખવાની હોય છે કે એક ચિહ્ન ઉપર પહોંચીને ઊભા રહેતાં ખેલાડીને તે પછીનું ચિહ્ન દેખાવું જોઇએ. એટલે તે દરેક ચિહ્ન ઉપર એકાદ મોટો વાવટો, અથવાં લાકડાં સળગાવીને કરેલી ધૂણીની સંજ્ઞા પણ રાખવી પડે છે. વળી તે દરેક ચિહ્ન ઉપર સ્વયંસેવકો ગોઠવવા જોઇએ કે જેથી ત્યાં જે જે દોડનાર આવી જાય તેને, તેઓ ત્યાં આવી ગયા છે તેની નિશાની આપી શકાય. આ સ્વયંસેવકોને એકાદ સિસોટી આપી રાખી હોય તો જ્યારે દોડનારા નજીકમાં હોય ને તેમને ચિહ્ન દેખાતું ન હોય ત્યારે ચિહ્ન ક્યાં છે તે સૂચવી શકાય. આ ઉપરાંત જ્યાં ભૂલા પડવાનો



સંભવ હોય (દાખલા તરીકે આપણા નકશામાં ચિ.નં. ૪ છોડયા પછી થોડા રસ્તે) ત્યાં માર્ગદર્શક સ્વયંસેવકો પણ રાખવા જોઇએ, જેથી ઊંધા રસ્તે ચડી જનારાઓને પછીના ચિહ્નની દિશા દેખાડી શકાય: પણ માત્ર દિશા જ—'રસ્તો' નહિ. આ ઉપરાંત પ્રસ્થાનરેખા, વિજયરેખા અને દરેક ચિહ્ન ઉપર જરૂરી 'પંચ' પણ ગોઠવવા જોઇએ.

હવે, આ રમતની ખરી સમજ તથા આસ્વાદ લેવા માટે માની લો કે આપણે પોતે પણ એક હરીફ ખેલાડી છીએ. મુકરર કરેલા દિવસે અને સમયે આપણે નકશામાં જણાવેલી પ્રસ્થાનરેખા પર હાજર થઇ ગયા છીએ. રમત શરૂ થતાં પહેલાં આપણને રસ્તાનો-એટલે કે માત્ર ચિહ્નોનાં સ્થાનનો—ખ્યાલ આપવામાં આવ્યો છે. પ્રસ્થાન-રેખા પરથી પહેલું ચિહ્ન પણ દેખાય છે. સમય થઈ ગયો છે અને હવે પ્રસ્થાનકાર સંજ્ઞા આપે છે: 'જગો...પે;—તૈયાર;—જાઓ.'

આપણે દોડ શરૂ તો કરી, પણ કમાનમાંથી છૂટેલા તીરના જેવી નહિ. દોડ લાંબી છે એટલે આપણી શ્રમ-શીલતાનો ખ્યાલ રાખી સામાન્ય ઝડપે જ દોડ શરૂ કરી છે. શરૂઆતનો થોડો રસ્તો તો નક્કી જેવો જ છે. પછીનો ચોભેટો આવતાં આપણામાંથી કેટલાક આ બાજુ વળી ગયા છે, તો કેટલાક બીજી બાજુ. આપણને લાગ્યું કે જમણી બાજુ દરવાજા તરફથી રસ્તો ટૂંકો પડશે, એટલે એ બાજુ ઊપડયા; પણ દરવાજે પહોંચી બહાર જોયું ત્યાં તો લાગ્યું કે ભૂલ્યા! બહાર તો નદી હોવાથી તેના કિનારાનો રસ્તો વધુ રેતાળ છે એટલે થાકી જ જવાના, ને ઝડપ ઘટી જવાની એ નફામાં.

ત્યાં તો એક નવો તુક્કો સૂઝ્યો કે કોટની ઉપર જ ચડી જઇએ તો? આમતેમ જોયું અને શકયતા પણ દેખાઈ. ફાવ્યા! ચડયા ઉપર, અને કોટની રાંગેરાંગે દોડ લગાવી,—આવી મઝા બીજી કઈ દોડમાં આવવાની હતી! ચિહ્ન પર પહોંચ્યા ત્યાં જણાયું કે બીજે ગમે તે રસ્તે પણ આપણી આગળ ત્યાં જઈ પહોંચનારા બે-ત્રણ જણ તો છે જ. ત્રણેક જણ પસાર થઈ ગયા છે અને એક જણ સ્વયંસેવક પાસેથી પહોંચ્યાની નિશાની બદલનો 'પાસ' લઇ રહ્યો છે. આપણે પણ પાસ લીધો ને પૂંઠાની એ નંબરવાળી કાપલીને તેના દોરા વડે આપણી આંગળી પર બરાબર વીંટી લીધી.* સ્વયંસેવકે તેની પછીનું બીજું ચિહ્ન આપણને દેખાડયું: નદીના સામે કિનારે આવેલા મંદિરે. કોટની ઊંચાઇ જરા વધારે તો છે, પણ દીવાલમાં પડેલાં ગાબડાં અને નીચેની ધરતી પર થએલો પાંચેક ફૂટનો ઢગલો સહાયભૂત થતાં દેખાતાં આપણે તો બંદરવેડા અજમાવ્યા. ગાબડાંમાં પગ ભરાવી થોડુંક ઊતર્યા, ને બાકીનાનો ભુસકો!

પણ હવે નદી પાર કયાંથી કરીશું? પણ આવે વખતે બહુ વિચાર નહિ કરવાનો. એ તો ઝંપલાવવાનું જ.—થોડું તો 'અલ્લાહ આશરે' કરવું જ પડે. કમર સુધીનાં પાણી હતાં. તરવાની જરા યે જરૂર ન પડી. રેતીવાળો થોડો પટ પસાર કરીને જરા સારો રસ્તો આવતાં અસલ ઝડપ પકડી ને પછી મંદિરે પહોંચવામાં કાંઈ જ તકલિફ ન પડી.

બીજા ચિહ્નનો પાસ મેળવ્યો અને ત્યાંથી ત્રીજું ચિહ્ન નજરાવી લીધું. હવે શું કરીશું? ટૂંકામાં ટૂંકો રસ્તો લેવા જતાં નદી બે વાર પાર કરવી પડશે ને લગભગ આખો રસ્તો રેતીના પટમાં જ કાપવાનો. તેના કરતાં તો જમણા કિનારાનો, લાંબા વળાંકવાળો રસ્તો સારો લાગે છે. અને ખરેખર, કાંઇ મુશ્કેલી વિના ત્રીજા ચિહ્ને પહોંચી ગયા,—જોકે વચ્ચે રેલવેનો પૂલ ચડવો-ઊતરવો પડયો.

ત્રીજા ચિહ્ને જઈ પાસ મેળવતાં જોયું તો આપણી આગળ હતા તેમાંના બે-ત્રણ જણ તો આપણી આગળ ચોથા ચિહ્નના ડુંગરા તરફ દોડી રહ્યા છે. આપણે પણ તેમને પગલે પગલે આગળ વધ્યા. ત્યાં

* ચિહ્ન પસાર કર્યાની નિશાની તરીકે પાસ આપવાની જુદીજુદી રીતો છે. અહીં જણાવી તે, ચિહ્નના નંબરવાળી કાપલી આપવાની રીત ઉપરાંત ચિહ્નના નંબરવાળો સિક્કો દોડનારના શરીર પર મારવાની, પસાર થનાર દરેક દોડનારનાં નામ કે નંબર એક કાગળ પર નોંધી લેવાની, એમ વિવિધ પ્રકારની રીતો અખત્યાર કરી શકાય.

તો આપણી પાછળથી કોઇ સાથી-ખેલાડી આપણી સાથે થઈ ગયા અને આપણી આગળ નીકળવાનો પ્રયત્ન કરવા લાગ્યા. શું કરીશું? ઝડપ વધારી તેની આગળ ને આગળ જ રહીશું? ના, ના; એના કરતાં તો આપણી શક્તિ પ્રમાણે જ ઝડપ રાખવી સારી: નહિતર ક્યાંક અધવચ્ચે જ દોડ છોડી આરામ કરવો પડે. જવા દો તેને આગળ.

હવે જરા ડુંગરાળ રસ્તો શરૂ થયો. સામે નાની ટેકરી છે. તેની ઉપર ચડી પાછળ ઊતરવા કરતાં જમણી બાજુથી જતો રસ્તો લેવો સારો. પેલા સૌથી આગળ હતા તે ભાઈ ઉપર ચડયા તો છે, પણ તે થાકવા માટે જ. જોયું? આપણે ચોથા ચિહ્ને પહોંચવા આવ્યા તો યે હજી તે આપણી આગળ જઇ શકયા નથી. હવે આપણે ચોથા ચિહ્નવાળા ડુંગરની તળેટીમાં છીએ. ચિહ્નવાળો ધ્વજ તો દેખાતો નથી, પણ ઉપર એક બાજુ જરા ધુમાડા દેખાય છે. ત્યાં જ ચિહ્ન હશે. અરે વાહ, હવે તો સીસોટીના અવાજ પણ સંભળાય છે ને શું?

ચોથા ચિહ્ને પહોંચ્યા. આજુબાજુનું દૃશ્ય તો બહુ રળિયામણું છે! પણ એ જોવા રોકાવાનું અત્યારે પાલવે તેમ નથી. પણે ડાબી બાજુનાં ખેતરોની બરોબર વચમાં, એક જગ્યાએ દૂર દૂર પાંચમા ચિહ્નનો વાવટો નાનોશો દેખાય છે. ચાલો ત્યારે, માંડો નીચે ઊતરવા. ડુંગરામાં આમતેમ થતા આગળ તો વધીએ છીએ, પણ આ ટેકરીઓની ગાળીમાંથી હવે ચિહ્ન તો કયાંય દેખાતું જ નથી આમ તેમ દોડવામાં કાંઈ ઊંધા તો નહિ ચાલ્યા જઇએ ને? આપણી આગળ નીકળેલામાંના પણ કોઈ દેખાતા નથી, તો યે એ તો દોડયે જ રાખો. વાહવાહ! ચાલો, ડુંગરાઓ તો પૂરા થયા ખરા. પણ આપણે જરા વધારે પડતા જમણી બાજુ નીકળી ગયા છીએ.

પણ આ ખેતરો તો ભારે લાગે છે! આ બાજુ ખેતરોને પડખે થઇને નેળિયું જાય છે તે રસ્તો જ સારો લાગે છે ચાલો એ રસ્તે. અરે, આ નેળિયું તો વધુ ને વધુ ડાબી બાજુ થતું જઇ નદી તરફ જઈ રહ્યું છે! એટલે એને છોડવું જ રૂડું, નહિતર પાંચમું ચિહ્ન પકડવું મુશ્કેલ પડશે. મૂકો આડ-ખેતરે જ દોટ! પણ આડી આ વાડ આવી તેનું શું? તો આપણને કૂદકો મારતાં યે કયાં વાર છે?

પાંચમા ચિહ્નનો પાસ મેળવી કૂવાના થાળાના છેડા પરથી જોયું તો વચ્ચે ખેતરો, તેની પછી પેલા ગામનાં ઘર અને તેની વચમાં થઇને દૂર છઠ્ઠું ચિહ્ન દેખાય છે. પાછી દોડ ચાલી. આ ખેતરોમાંથી વાડ કૂદતાં જરા ઊઝરડા થયા છે, વચ્ચે કાંટાનો સ્વાદ પણ જરા ચાખ્યો છે. પણ એ બધું અણકારવાનું જ નથી. ખેતર પૂરાં થતાં ગામડું આવ્યું. ગામની શેરી સોંસરી જ આપણે તો દોટ મૂકી. કુતૂહલથી લોકો જોઈ રહ્યા છે. પણ અત્યારે તેની ચિંતા કરવી નહિ પોસાય. ગામડું પાર કરી બહાર નીકળતાં જ જોયું તો સામે જ છઠ્ઠું ચિહ્ન છે. પણ વચમાં પાછી આવી નદી! હવે ભૂલ સમજાઈ: ગામ ફરતો ચકરાવો લેતા પેલા રસ્તે થઇને આવ્યા હોત તો નદી ઓળંગવા માટે પૂલ મળત. આટલી દોડ પછી પરસેવા સાથે ઠંડા પાણીમાં તરવું આરોગ્ય માટે સારું નથી. રેતીનો પટ અને પાણીનો પ્રવાહ બંને મળી ઝડપ પણ ઘટાડશે. વળી થાક વધારશે અને સમય બગાડશે. પણ હવે એવા વેઢા ગણવાનો નહિ પણ નક્કર કામનો જ સમય રહ્યો છે; દોડ એ જ માત્ર ઉપાય રહ્યો છે. એ તો હવે ઝંપલાવો! ચાલો, આ રેતીનો પટ પૂરો, અને ચાલ્યા નદીમાં. અરે આ તો પૂરાં ઢીંચણ સુધીનાં યે પાણી નથી. વાહ, ભૂલ તો નથી થઈ.

છઠ્ઠું ચિહ્ન પસાર, સામે પડયું છે રેતાળ મેદાન. તેની પાછળ છે ઝાડી અને તેમાં વચ્ચે એક જગ્યાએ ધુમાડો નીકળે છે. એ જ સાતમું ચિહ્ન. હવે તો થાક લાગ્યો છે; રેતીમાં પગ ખૂંચી જાય છે. તોયે એ તો ચરૈવેતિ! ના, 'દોડૈવેતિ, દોડૈવેતિ!' દિવસ ચડયો છે. હાંફતાં હાંફતાં રેતીમાં ખૂબ તપ્યા છીએ એટલે હવે આ ઝાડીની ઠંડક બહુ સરસ લાગે છે. અને એ ઠંડકમાં એક ભાઇ આરામ પણ કરે છે. અરે! આ તો પેલા જ ભાઇ-ત્રીજા ચિહ્ન પછી આપણી આગળ નીકળી ગયા હતા તે. તેમણે જરા ઝડપ તો દેખાડી, પણ ટકી શકયા નહિ. ખેર, આપણે તો દોડયે રાખો. ઓહો! સિસોટી સંભળાઇ! પગમાં જોર આવ્યું ને તેના અવાજ પર સાતમું ચિહ્ન પકડયું.

આ ઝાડીની વચમાંથી દૂર ટેકરી દેખાય છે. અને તેના પર હવે આઠમા ચિહ્નનો વાવટો છે. ઝાડી તો વટાવી ગયા અને આવી રેલવે લાઈન. પણ એનો કાંઇ અંતરાય નથી. જોકે આટલા થાક પછી પેલા ટેકરા ચડવા-ઊતરવા પડશે તે જરા મુસીબત પડશે. પણ આ રમતમાં તો મુસીબત એ જ મોજ છે ને?

આઠમા ચિહ્નના ટેકરા પર ઊભા છીએ. સામે છે તળાવ, અને તેની પેલી બાજુ છે છેલ્લું ચિહ્ન—વિજયરેખા. વાહવાહ, આવી પહોંચ્યા છીએ! એકી દોડે ટેકરો ઊતરી ગયા ને આવ્યું તળાવ. પણ હવે? તળાવને કાંઠેકાંઠે દોડીશું? એ તો બહુ લંબાણ પડે. અંદરના પગથિયેથી દોડીશું?-તો એ તો વિઘ્નદોડ થઈ! પાણીમાં પડીશું?-તો?-પણ પાણી છે કેટલા ભાગમાં? ને આ વખતે વરસાદ તો થયો છે માત્ર કહેવા પૂરતો જ. તો પછી પાણી વધારે કયાંથી હશે? ચાલો ત્યારે, પડો વચ્ચે. એક ખાબોચિયું છબછબાવ્યું, એકાદ કુદાવ્યું, એકાદ ચકરાવ્યું અને તળાવ પસાર!

વિજયરેખાના પંચને આઠ કાપલીઓ આપી દીધી ને ધીમેધીમે ઝડપ ઘટાડી. પછી ગરમ થઈ ગએલા બદનને એકદમ ઠંડી ન લાગે તે માટે ગરમ સ્વેટર લપેટી લીધું. પંચે જણાવ્યું કે આપણે ચોથા આવ્યા છીએ. કોઇ બોલ્યું, 'એક નંબર માટે હારી ગયા,—ઈનામ નહિ મળે.'

અરે ભલા માણસ! અમારી રમત એ જ અમારો નંબર છે, અમને મળેલો આનંદ એ જ અમારું ઈનામ છે; કારણ કે અમે તો ખેલાડી છીએ. તને ખબર નથી: રમત તો-ખેલાડીની;-હારજીત તો-અકસ્માત; સારી રમત એ જ સાચી જીત.

વિજ્ઞાન-લેખો માટે પારિતોષિક

ઈ. ૧૯૫૦માં 'કુમાર'માં પ્રકટ થનારા સૌથી શ્રેષ્ઠ વિજ્ઞાનલેખ માટે વડોદરાના શ્રી પદ્મકાન્ત ર. શાહ તરફથી, વિજ્ઞાનનાં ચાર અંગ્રેજી પુસ્તકો તથા પોતાનું રચેલું ગુજરાતી પુસ્તક 'વિજ્ઞાનનાં વ્યાપક સ્વરૂપો', એમ પાંચ પુસ્તકો ભેટ અપાશે. તે માટે નીચેના નિયમો છે:

(૧) લેખ સ્વતંત્ર યા વિવિધ પુસ્તકોની માહિતી ભેગી કરીને તૈયાર થએલો હોવો જોઈએ. કોઇ પણ અંગ્રેજી લેખોનો અનુવાદ નહિ.

(૨) લેખ વિષયને બરાબર ન્યાય આપે તેવો હોવો જોઇશે અને લોકભોગ્યતાની દૃષ્ટિએ મૂલ્યાંકન થશે.

(૩) લેખ નિબંધ રૂપે જ રજુ કરેલો હોવો જોઇશે. વાર્તા, સંવાદ, પત્ર, વગેરે દ્વારા વિષયની છણાવટ કરી હશે તો ચાલશે નહિ.

(૪) લેખ સૌથી પ્રથમ કુમારમાં જ પ્રસિદ્ધ થયો હોવો જોઇશે. બ્રોડકાસ્ટ કરેલા વાર્તાલાપને લેખવવામાં આવશે નહિ.

(૫) 'વિજ્ઞાન'ની વ્યાખ્યામાં નીચેના વિષયો આવરી લેવામાં આવશે: રસાયણશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, આરોગ્યવિજ્ઞાન, ખગોળવિજ્ઞાન, પ્રકૃતિવિજ્ઞાન, જીવનશાસ્ત્ર, જીવનકળાશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, ને શરીરશાસ્ત્ર.

(૬) ભેટ પ્રથમ લેખકને જ અપાશે. છતાં ઉત્તેજન દાખલ બીજા લેખકને 'વિજ્ઞાનનાં વ્યાપક સ્વરૂપો'નું પુસ્તક ભેટ અપાશે.

સંસારનાં શહેરો

૧૬-બેલફાસ્ટ

ઉત્તર આયર્લેંડની રાજધાનીનું આ નગર બીજાં શહેરોની પેઠે જોકે બહુ ગવાએલું નથી; પણ યુરોપ અને અમેરિકાને સાંધતાં મહાનગરોની સાંકળની છેલ્લી કડી રૂપ એ બંદર, આટલાંટિક મહાસાગરને આ છેડે, એક ખૂણે પડચું હોવા છતાં દુનિયા આખીમાં મોટામાં મોટી વહાણ બાંધવાની બંદરગાહ ધરાવે છે, યુનાઇટેડ કિંગ્ડમનાં ધીકતાં બંદરોની નામાવલિમાં પાંચમું સ્થાન ભોગવે છે, કોઈ કુદરતી સમૃદ્ધિ ન હોવા છતાં પોતાના આગવા વેપાર-ધંધાથી ધમધમે છે, ને છતાં લીલી ટેકરીઓના કંદોરાથી શોભતું નયનમનોહર રળિયામણું શહેર છે. અને આ બધી સિદ્ધિઓ તેણે માત્ર છેલ્લી બે સદીમાં સાધી છે. આજથી બસો વર્ષ પહેલાં, દરિયાથી ૧૨ માઈલ દૂર અંતરાળમાં, બેલફાસ્ટ ખાડીને બેજાળ કાંઠે પડેલું એ એક અણજાણ્યું માછીમાર ગામડું હતું. એમાંથી માત્ર બે જ સદીમાં એ આ સમૃદ્ધ દશાએ પહોંચ્યું તેનો સર્વ યશ એના વતનીઓના પરિશ્રમ અને પુરુષાર્થને જ ફાળે જાય છે. કુદરતની ખાસ બક્ષિશો વિનાના પોતાના મામૂલી ગામને પણ કેવળ પોતાની બુદ્ધિ, ઉદ્યમ ને પુરુષાર્થના બળે કૃતનિશ્ચય નાગરિકો કેવી સર્વોચ્ચ કક્ષાએ મૂકી શકે છે, તેનું બેલફાસ્ટ એ ઊજળું ઉદાહરણ છે.



ઔદ્યોગિક હોવા છતાં અત્યંત રળિયામણા બેલફાસ્ટ નગરનો સિટી હૉલ: ૧૯૦૬ની પહેલી ઑગસ્ટે ખુલ્લું મુકાએલું ઉત્તર આયર્લેંડનું સર્વશ્રેષ્ઠ ગણાતું આ મકાન ત્યાંનું પ્રતીક છે.



દુનિયાનાં મોટામાંમોટી સંખ્યામાં વહાણો બાંધતા આ શહેરનું ઉત્પાદન ટનેજ આજે ત્રેવીસગણું છે. ત્યાંનો મેસર્સ હાર્લૅન્ડ ઍન્ડ વૉલ્ફનો જંગી વહાણ બાંધવાનો ધક્કો.

માત્ર દરિયાકિનારે આવેલું હોવા ઉપરાંત બીજી કશી વિશિષ્ટતા એને નથી, કે નથી કોલસા કે લોખંડની ખાણો જેવા કોઈ કુદરતી લાભો; ઊલટું, ઘણા કુદરતી પ્રત્યવાયો એને નડચા છે. છતાં મોટામાં મોટી લિનનની મિલ, જંગીમાં જંગી વહાણ બાંધવાની ગોદી, ભારેમાં ભારે તમાકુનો ઉદ્યોગ, મોટામાં મોટાં દોરડાં બનાવવાનાં કારખાનાં અને મોટામાં મોટી દારૂ ગાળવાની ભઠ્ઠી—ફડ—બેલફાસ્ટ આજે ધરાવે છે. એના નાગરિકોએ મેળવેલી આ અજબ સિદ્ધિનું રહસ્ય એમની સ્કૉટિશ લોહીમાંથી ઊતરી આવેલી નિશ્ચલ શ્રમશીલતા અને ખંતમાં જ રહેલું છે.

આ નગરનો પ્રાચીન ઇતિહાસ તો બારમી સદી સુધી પહોંચે છે. ઇ. ૧૧૧૭માં જૉન-ડ-કર્સીએ લૅગન નદીના મુખપ્રદેશ પર બેલફાસ્ટ અખાત પાસે, સમુદ્રથી બારેક માઇલ દૂર એક કિલ્લો બાંધ્યો, ને ત્યારથી તેનો ખરો ઇતિહાસ શરૂ થયો. આ પહેલાં એક યુદ્ધક્ષેત્ર સિવાય એ સ્થાનની ખાસ કશી વિશિષ્ટતા નહોતી. ઈ. ૧૩૧૬માં તે ગામ તથા કિલ્લાનો એડવર્ડ બ્રૂસે નાશ કર્યો. કહેવાય છે કે ત્યાર પછી ૧૬મી સદીમાં તે સ્થળે એક કિલ્લેબંધ શહેર હતું, પણ વસ્તુતઃ તો એ માછીમારી પર નભતું ગામડું બની રહ્યું હતું. ૧૬૧૧માં બીજો કિલ્લો ચણાવ્યો જે ૧૭૦૮માં સળગી ગએલો. ૧૬૧૭માં જેમ્સ પહેલા તરફથી આ ગામને સનદ મળી, જે દ્વારા તેની પ્રજાને પાર્લામેન્ટમાં પોતાના બે સભ્યો મોકલવાનો હક્ક મળ્યો.

૧૬૯૬માં જેમ્સ બ્લો ઍન્ડ કંપનીએ ત્યાં મુદ્રણકળાના ધંધાની શરૂઆત કરી ત્યારથી

તેનું વ્યાપારી ને ઔદ્યોગિક મહત્ત્વ શરૂ થયું ને ૧૭૯૧માં આયરશાયરના વિલયમ રિત્શીએ ત્યાં વહાણ બાંધવાં શરૂ કરી એ ઉદ્યોગનો પાયો નાખ્યો. વળી ઐતિહાસિક એવી સાબિતી પણ મળે છે કે એ પહેલાં ૧૬૩૬માં ત્યાંના પ્રેસ્બિટેરિયનોએ 'નવી દુનિયા'ની શોધ અર્થે એક 'ઈગલ-વિંગ'નામનું ૧૫૦ ટનનું વહાણ પણ બાંધેલું. પરંતુ અહીં વહાણ બાંધવાનો રીતસરનો ખરેખરો ઉદ્યોગ તો ઓગણીસમી સદીથી જ શરૂ થએલો અને આજે તો એ એટલો તો વિકસિત થએલો છે કે જગતભરના વાર્ષિક ટનેજ કરતાં ૨૩ ગણો વધારે ટનેજ તે નીપજાવે છે અને સંસારનાં કેટલાંક નામી સફરી જહાજો અને મનવારો અહીં જ બનીને દુનિયાને ખૂણેખૂણે ઘૂમી વળ્યાં છે. વહાણો બાંધવાના મેસર્સ હાર્લૅન્ડ ઍન્ડ વૉલ્ફના જગવિખ્યાત યાર્ડસ પણ અહીં બેલફાસ્ટમાં જ છે.

વહાણ બાંધવા ઉપરાંત તેનો બીજો ઉદ્યોગ છે લિનનનો. ઈ. ૧૮૬૦માં અમેરિકન આંતરવિગ્રહ દરમિયાન અમેરિકામાંથી થતી રૂની નિકાસ ઉપર કાપ પડતાં અહીંના એ ઉદ્યોગને વિકસવાની તક મળી, અને એ તક ઝડપી લઈ તેણે એવો પુરુષાર્થ કર્યો કે આખી દુનિયાની માંગ પૂરી પાડી. ત્યારથી દુનિયાનું સારામાં સારું કાપડ તે પૂરું પાડે છે અને હવે તે ઉદ્યોગ વિકસીને રેયૉન તથા બનાવટી રેશમના કાપડના ઉત્પાદન સુધી વિકસ્યો છે. આ ઉપરાંત તેના મુખ્ય ઉદ્યોગો તમાકુ, દારૂ તથા દોરડાં છે. આ ત્રણ ઉદ્યોગોમાંથી એકાદમાં યે મંદી આવે તો બેકારીનો ભયંકર રાક્ષસ તેની સામે ઊભો રહે. આથી આગમચેતી વાપરીને એ શહેર વિવિધ નવા ઉદ્યોગો પણ વિકસાવતું જાય છે. વહાણગાહની જોડાજોડ જ એ હવાઈ જહાજો બાંધવાનો ઉદ્યોગ ખીલવવા લાગ્યું છે, ને ત્યાંનો લિનનનો ઉદ્યોગ પોતાને પડખે રેયૉન, બનાવટી રેશમ ને એવા વૈજ્ઞાનિક રેસાઓનું કાપડ વિકસાવવા લાગ્યો છે.


૧૮૦૦માં તેની વસતિ માત્ર ૨૦,૦૦૦ની હતી તે ૧૮૫૧માં એક લાખની ને ૧૯૦૦માં ૩ા લાખની થઇને આજ તો પાંચ લાખની લગભગ પહોંચી ગઇ છે.

તદ્દન ઔદ્યોગિક શહેર હોવા છતાં તે બીજાની માફક સુક્કું, ધૂળિયું કે ધમાલિયું નહિ પણ અત્યંત રળિયામણું પણ છે. તેની આસપાસ કોલસાની કે લોઢાની ખાણોને બદલે હરિયાળાં ખેતરો છે ને ફરતી વનસ્પતિથી આચ્છાદિત સીધી ઊંચી ટેકરીઓ છે. શહેરની બાંધણી પણ રૂપાળી અને અદ્યતન છે. સિટી હૉલ, ક્વીન્સ યુનિવર્સિટી, પ્રોટેસ્ટન્ટ દેવળ અને આલ્બર્ટ મેમોરીઅલ ક્લૉક ટાવર એ તેની વિખ્યાત વાસ્તુસંપત્તિ છે તથા શહેરથી થોડે દૂર સ્ટોરમન્ટ નામના સ્થળે આવેલાં તેની પાર્લામેન્ટનાં મકાનો પણ મનોહર છે. સાથેનાં ચિત્રો એ શહેરનો ખ્યાલ આપશે.

હજી યે બેલફાસ્ટનું ભાવિ ઊજળું છે, કેમકે તેની ખરી સંપત્તિ તો ત્યાંના નાગરિકોની ચેતનાશક્તિ છે. અહીંના નાગરિકોએ પોતાની જનસંખ્યાની સરખામણીએ જોતાં તો, દુનિયાની પ્રગતિમાં મોટામાં મોટો ફાળો આપ્યો છે. યુનાઇટેડ સ્ટેટ્સના ૧૩ જેટલા તો પ્રમુખો તેણે આપ્યા છે; અને બ્રિટિશ લશ્કરના ઉચ્ચ અધિકારીઓ ને સેનાપતિઓ પૂરા પાડવાનો તો જાણે આ શહેરે ઈજારો લીધો છે;—એનાં સંતાનોએ આ નાનકડા ટાપુમાંથી દુનિયાભરનાં અંગ્રેજ ભાષાભાષી ક્ષેત્રોમાં સર્વત્ર પોતાની સેનાની શક્તિનો પ્રભાવ પહોંચાડ્યો છે.



હરિયાળાં ખેતરો ને રૂપાળી ટેકરીઓના કંદોરાથી શોભતા આ ઉદ્યોગનગરમાં રમતગમતનાં મેદાનો પણ છે. તેમાંનું એક 'હૅઝલ પાર્ક' ને તેની પાછળ દૂર 'કેઇવ હિલ' નામની ટેકરી.



વહાણો ઉપરાંત હવે હવાઇ જહાજો પણ બાંધતા બેલફાસ્ટમાં બંધાએલાં આ સી-પ્લેઈન વિમાનો હિંદ, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ ને પૅસિફિક ટાપુઓ સુધીના હવાઇ માર્ગો ખેડે છે.

મેઘનો કવિ (અનુસંધાન પૃષ્ઠ ૧૦ થી ચાલુ)

અગ્નિમિત્ર : આદરણીય વિદ્વન્મંડળ તથા ઉપસ્થિત સજ્જનવૃન્દ! આપણી રાજસભાના પ્રસિદ્ધ રત્ન આચાર્ય વીણારંજને પંડિતવર વિદ્યાધરની વિરુદ્ધ જે અભિયોગ ઉપસ્થિત કર્યો છે તેમાં અનિવાર્ય રીતે અમારી ચર્ચા પણ આવે છે. તેથી આ અભિયોગનો નિર્ણય કરતાં અમારાથી કદાચ પક્ષપાત થઈ જાય એવો સંભવ છે. એટલે અમારી ઇચ્છા છે કે આચાર્ય વીણારંજન પોતાનો અભિયોગ આ ન્યાયાલય-માંથી લઇ લે ને કોઈ નિષ્પક્ષ કલામર્મજ્ઞ વિદ્વાનને મધ્યસ્થ માનીને પંડિત વિદ્યાધરને પ્રશ્નોત્તર પૂછે; કેમકે અભિયોગનો મૂળ સંબંધ મહા-કવિ કાલિદાસના નવપ્રણીત નાટક 'માલવિકાગ્નિમિત્ર' સાથે છે, જે થોડા દિવસો પહેલાં રાજકીય રંગમંચ પર અભિનીત થઇ ગયું છે. (વીણારંજનને) કહો આચાર્ય! આમાં આપને કાંઈ વાંધો તો નથી ને?

વીણારંજન : ક્ષમા કરજો મહારાજ! હું 'માલવિકાગ્નિમિત્ર'ના ગુણદોષની વિવેચના નથી માગતો. પંડિત વિદ્યાધરે દંભી ને ચાટુકાર કહી મહાકવિ કાલિદાસનું અપમાન કર્યું છે ને મહારાજને ચાટુપ્રિય કહી રાજ્યની માનહાનિ કરી છે તે સામે મારો અભિયોગ છે.

અગ્નિમિત્ર : આ અભિયોગનો સંબંધ મહાકવિ સાથે પણ છે. અમારી ઇચ્છા છે કે આ વિષયમાં તે પોતાના વિચાર પ્રકટ કરે.

કાલિદાસ : પંડિત વિદ્યાધરને જ નહિ, પ્રત્યેક વ્યક્તિને કોઇ પણ કૃતિની સમાલોચના કરવાનો પૂર્ણ અધિકાર છે. પંડિત વિદ્યાધરે મારા નાટકની સમાલોચના કરી હોય તો એમાં મને કંઇ પણ દુઃખ નથી. એમના કોઈ શબ્દથી આચાર્યને કંઇ આઘાત લાગ્યો હોય તો તે એ શબ્દોને ભૂલી જાય. (થોડા સમય સુધી મૌન.)

અગ્નિમિત્ર : હવે પંડિત વિદ્યાધર મધ્યસ્થના નિર્વાચન માટે પોતાનો મત આપે. અભિયોગનો નિર્ણય મધ્યસ્થ જ કરશે.

વિદ્યાધર : નાટ્યાચાર્ય વીણારંજન સાથે મારે જે વિવાદ થયો છે એ માટે મને કોઇ પ્રકારનો પશ્ચાત્તાપ નથી. આ વિષયમાં પંડિત-સભાની સ્થાયી સભાનેત્રી સાથે વિચાર-વિનિમય કરવા માટે હું તૈયાર છું. આર્યાથી કલાની પરીક્ષામાં પક્ષપાત થાય એ અસંભવ છે. આશા છે કે આ પ્રસ્તાવ સાથે નાટ્યાચાર્ય પણ સહમત હશે.

વીણારંજન : આર્યા વિદ્યોત્તમા અન્યાય નહિ કરે.

અગ્નિમિત્ર : આર્યા વિદ્યોત્તમાને મધ્યસ્થ માનીને ન્યાયકર્તાનું આસન ગ્રહણ કરવા હું અનુરોધ કરું છું.

વિદ્યોત્તમા : બંને પક્ષે મને મધ્યસ્થ મૂકી મારું સન્માન કર્યું છે તેનો હું સ્વીકાર કરું છું. આચાર્ય વિદ્યારંજનનો અભિયોગ સાંભળ્યો. આ વિષયમાં પંડિતવિદ્યાધરપોતાની સ્થિતિસભા સન્મુખ સ્પષ્ટ કરે.

વિદ્યાધરઃ જેવી આજ્ઞા! જ્યાં સુધી સમાજના હિતચિંતક અધિ-કારી વિદ્વાન કોઇની પણ કૃતિને સમાજને માટે શ્રેયસ્કર ન સમજે ત્યાં સુધી તે કૃતિ સાહિત્યની કોટિમાં નથી મુકાતી. કવિની રચના-ને સર્વસાધારણમાં પ્રકાશિત કરવાનો ત્યારે જ અધિકાર છે કે જ્યારે તે કૃતિ ઉજ્જયિનીની પંડિત સભામાં કવિઓની પરીક્ષા પછી પ્રભા-વિત થઈ હોય. 'માલવિકાગ્નિમિત્ર'ને તેના કવિએ પરીક્ષા માટે પંડિત-સભા સન્મુખ પ્રસ્તુત કર્યું હતું?

વિદ્યોત્તમા : કવિ કાલિદાસ મધ્યસ્થની સમક્ષ ઉપસ્થિત થઈને પ્રતિવાદીના પ્રશ્નનો ઉત્તર દે.

કાલિદાસ : જેવી આજ્ઞા! (પદધ્વનિ) 'માલવિકાગ્નિમિત્ર'ને મેં હજી સુધી પંડિત-સભા સન્મુખ પ્રસ્તુત નથી કર્યું.

વિદ્યોત્તમા : પ્રતિવાદીને વધારે શું કહેવું છે?

વિદ્યાધર : કવિને માટે આ ઉપયુક્ત કર્મ નથી. 'માલવિકાગ્નિ-મિત્ર'માં જે ચરિત્ર અંકિત કરવામાં આવ્યું છે તે કદાપિ અનુકરણીય નથી. બહુ-પત્નીક બનવાનું રાજાઓમાં અવશ્ય પ્રચલિત છે, પરંતુ કોઇ રાજનૈતિક કારણ હોય ત્યારે જ તે બને છે. આને કોઇ પણ અવસ્થામાં આદર્શ ન માની શકાય. મહારાણી માલવિકા રાજ-કુમારી નીકળ્યાં એ તો સંયોગ છે, પરંતુ જ્યારે મહારાજ તેના પર આસક્ત થયા ત્યારે તે સાધારણ પરિચારિકાના રૂપમાં હતાં. આ નિવેદન કરવા માટે મારામાં પર્યાપ્ત સાહસ છે કે અન્તઃપુરની પરિ-ચારિકાઓ પર દૃષ્ટિ ઠેરવી ફરવું તે મહારાજ અગ્નિમિત્ર જેવા સમ્રાટો માટે શોભાસ્પદ નથી. આવી પરિસ્થિતિમાં રાજાને સચેત કરવાનું કવિનું કર્તવ્ય છે; તેની દુર્બળતાને નાટકનું રૂપ આપી એના ઉપર પ્રામાણિકતાની મુદ્રા અંકિત કરવી એ કંઇ તેનું કર્તવ્ય નથી.

વિદ્યોત્તમા : આ વિષયમાં રાજકવિને કશું કહેવું છે?

કાલિદાસ : મારે કશું જ નથી કહેવું.

વિદ્યોત્તમા : આ કરતાં કંઇ વધુ કહેવાની પ્રતિવાદીની ઇચ્છા છે?

વિદ્યાધર : જી, હા. આ નાટકની રચનાનું પ્રયોજન કેવલ મહા-રાજનું મનોરંજન કરવાનું છે, એટલે કવિને મેં ચાટુકાર કહ્યા. કોઈ પણ રૂપકને મંચને યોગ્ય પ્રમાણિત કરવાનું કાર્ય કલા-પરીક્ષકોનું છે, રાજાઓનું નહિ. માત્ર આત્મપરિતોષને માટે મહારાજે નાટ્યાચાર્ય વીણારંજન દ્વારા એ નાટકનો અભિનય કરાવી પંડિતસભાની મર્યાદાનું ઉલ્લંઘન કર્યું છે, એટલું જ નહિ તેના અધિકારોની ઉપેક્ષા કરી છે. સ્પષ્ટ છે કે, આ ઘટનાનું ઉત્તરદાયિત્વ મહારાજ પર છે. મારો દૃઢ વિશ્વાસ છે કે આ શબ્દોનો પ્રયોગ કરવો તે રાજ્યનું અપમાન કદાપિ નથી.

વિદ્યોત્તમા : મહારાજ અગ્નિમિત્ર વિક્રમાદિત્ય રાજ્યસિંહાસન છોડીને સાક્ષીના સ્થાન પર ઉપસ્થિત થાય અને પ્રતિવાદીના આક્ષે-પોનો ઉત્તર આપે. (અનેક કંઠોમાંથી 'ધન્ય' 'ધન્ય'ના શબ્દ).

અગ્નિમિત્ર : જેવી આજ્ઞા! (પદધ્વનિ) કવિના મુખમાંથી 'માલ-વિકાગ્નિમિત્ર' સાંભળીને તેનો અભિનય જોવાની મને ઇચ્છા થઈ. તેના અભિનયને હું મારું વ્યક્તિગત કાર્ય સમજતો હતો; મારું તાત્પર્ય પંડિત-સભાની ઉપેક્ષા કરવાનું ન હતું. 'માલવિકાગ્નિમિત્ર'ના અભિનયથી પંડિત-સભાની મર્યાદાનું ઉલ્લંઘન થયું હોય તો એથી મને ખેદ થાય છે. (અનેક કંઠોમાંથી 'ધન્ય' 'ધન્ય'નો ધ્વનિ.)

વિદ્યોત્તમા : આશા છે કે વાદી આચાર્ય વીણારંજનને સંતોષ થયો હશે. પ્રતિવાદી પંડિત વિદ્યાધરના શબ્દો કોઇને કટુ લાગ્યા હશે, પરંતુ તે સર્વાંશે સત્ય છે. મહારાજ અગ્નિમિત્રે પોતાના કૃત્ય પર ખેદ પ્રગટ કર્યો તે પર્યાપ્ત છે. આ નાટકની રચનાથી કવિ માત્ર રાજકવિ કહેવાશે—મહાકવિ નહિ. મધ્યસ્થ તથા ન્યાયાધ્યક્ષના પૂર્ણ અધિકારોનો ઉપયોગ કરીને હું મારો નિર્ણય કહું છું કે જ્યાં સુધી ઉજ્જયિની અથવા કાશ્મીરની પંડિત-સભા કવિ કાલિદાસની કૃતિ-ઓને પ્રચારને યોગ્ય પ્રમાણિત ન કરે ત્યાં સુધી એમને કોઈ 'મહા-કવિ' ન કહે. કવિ કાલિદાસ માટે અમારો મત એ છે કે જ્યાં સુધી તે પોતાને 'મહાકવિ' ન કહેવડાવી શકે ત્યાં સુધી સંતુષ્ટ ન રહે.

[વર્ણનકાર : આર્યા વિદ્યોત્તમાના નિષ્પક્ષ નિર્ણયે મહાકવિ કાલિદાસને અત્યંત પ્રભાવિત કર્યા. તે ગંભીરાવસ્થામાં ઘેર પાછા ફર્યા. એ દિવસ પછી તેના સ્વભાવે વિચિત્ર પરિવર્તન લીધું. પોતાના સમયનો અધિકાંશ તે એકાંતમાં વ્યતીત કરતા અને અન્ય કોઈ પણ સાથે ઓછું બોલતા.

કેટલાક દિવસો પછી તેમના શરીરમાં કુષ્ઠરોગનાં લક્ષણ જણાવા લાગ્યાં. વિદ્યોત્તમા ચિંતા કરવા લાગી; રાજવૈદ્યોની ચિકિત્સા નિતાંત નિષ્ફળ સિદ્ધ થવા લાગી. વિદ્યોત્તમાએ

પતિના કલ્યાણ માટે ભગવતી પાર્વતીના પુરશ્ચરણ શરૂ કર્યાં. ભગવતીએ સ્વપ્નમાં વિદ્યોત્તમાને દર્શન આપી કહ્યું કે, તારો પતિ 'કુમારસંભવ' નામે મહાકાવ્યનું પ્રણયન કરી રહ્યો છે. તેમાં એણે દેવાધિદેવ ભગવાન મહાદેવની સાથે મારી શૃંગાર-લીલાનું વર્ણન અત્યંત ઉચ્છૃંખલતાપૂર્વક કર્યું છે. આ કાવ્યને અપૂર્ણ મૂકીને તે કોઇ એવું કાવ્ય લખે, જેમાં અનેક પુણ્ય-શ્લોક રાજાઓનું વર્ણન હોય, તો તેનો કુષ્ઠ દૂર થશે.

વિદ્યોત્તમાની આંખો ખુલી ગઇ. તેણે એ જ સમયે પોતાનું સ્વપ્ન કાલિદાસને કહ્યું. 'કુમારસંભવ'ની રચના વિષે મહાકવિએ કોઇને કશું કહ્યું ન હતું. ચોરી ખૂલી જવાથી તેમને લજ્જા થઇ આવી, પરંતુ રોગનું કારણ જાણીને પ્રસન્ન થયા. પરિણામે તેમણે પોતાના પ્રસિદ્ધ કાવ્ય 'રઘુવંશ'ની રચના કરી.

એક દિવસ કાલિદાસ વિદ્યોત્તમાને પૂછવા લાગ્યા—]

કાલિદાસ: 'રઘુવંશ' તો તમને અત્યંત પ્રિય લાગે છે. તમે કહો તો પંડિતસભામાં પરીક્ષા માટે એને પ્રસ્તુત કરું.

વિદ્યોત્તમા: ના, એ 'રઘુવંશ'નું અપમાન ગણાશે.

કાલિદાસ: કેમ?

વિદ્યોત્તમા: 'રઘુવંશ' એ અત્યંત પવિત્ર મહાકાવ્ય છે; ભગવતીની પ્રસન્નતા માટે આપે એની રચના કરી છે.

કાલિદાસ: એમાં પંડિતસભા સમક્ષ રાખવામાં શી હાનિ છે?

વિદ્યોત્તમા: એ મારે માટે પ્રતિદિન પાઠ કરવાની વસ્તુ છે, પંડિતોની ખેંચતાણમાં એને નાખવાની મારી ઈચ્છા નથી. જે કાવ્યથી ભગવતી પ્રસન્ન થયાં હોય તે લૌકિક પરીક્ષાને યોગ્ય રહેતું જ નથી.

કાલિદાસ: તેની સફળતામાં તમને સંદેહ શા માટે છે?

વિદ્યોત્તમા: પંડિતોની ઇર્ષ્યાને લીધે. તે ગુણ તો જોશે જ નહિ, પરંતુ દોષ કાઢવા બેસી જશે.

કાલિદાસ: એમાં હું કંઈ ન સમજ્યો.

વિદ્યોત્તમા: આપ માનો તો છોને કે 'રઘુવંશ'ના કેટલાક શ્લોકોના ભાવ મહાકવિ અશ્વઘોષ કૃત 'બુદ્ધચરિત' સાથે મળે છે?

કાલિદાસ: અવશ્ય; મેં તો જાણી જોઇને જ અશ્વઘોષના ભાવોને સારા રૂપમાં રાખવાની ચેષ્ટા કરી છે.

વિદ્યોત્તમા: પરંતુ પંડિતમંડળ આપ ઉપર ભાવાપહરણનો દોષ મૂકશે. ઉપરાંત તેમાં પાણિનિના વ્યાકરણનું પણ ઉલ્લંઘન થયું છે.

કાલિદાસ: એવાં સ્થળો પર પરિવર્તન કરીશું.

વિદ્યોત્તમા: નહિ, એવા સંશોધનથી કાવ્યની સ્વાભાવિક ગતિ ખંડિત થશે. 'રઘુવંશ' તો સ્તોત્ર તરીકે સિદ્ધ થયું છે, તેની અલૌકિકતા જ તેનો પ્રાણ છે. કૃપા કરીને આપ તેને પરીક્ષામાં નહિ રાખતા.

કાલિદાસ: જેવી તમારી મરજી. જે દિવસોમાં હું 'કુમારસંભવ' લખી રહ્યો હતો એ જ દિવસોમાં મેં 'વિક્રમોર્વશીય' નામક એક બીજા રૂપકની પણ રચના કરી હતી.

વિદ્યોત્તમા: જાણું છું; મેં તે વાંચ્યું પણ છે.

કાલિદાસ: (હસીને) ઠીક; તો તમે તે ચોરી કરીને વાંચ્યું છે!

વિદ્યોત્તમા: ચોરીથી લખેલી વસ્તુ ચોરી કરીને વાંચવી એમાં શો અપરાધ છે? વારુ, એ તો બતાવો કે એ દિવસોમાં આપ છુપાઈ-છુપાઇને શું કરતા હતા?

કાલિદાસ: (લજ્જિત થઇને) કંઈ નહિ, બસ એમ જ.

વિદ્યોત્તમા: હજી પણ આપ છુપાવો છો?

કાલિદાસ: મારા મનમાં કે આ કાવ્યોના સમાચાર અકસ્માત સાંભળી તમે પ્રસન્ન થશો, પરંતુ એ વિચાર હવે બદલાઇ ગયો છે.

વિદ્યોત્તમા: કેમ?

કાલિદાસ: 'કુમારસંભવ' અને 'વિક્રમોર્વશીય' એ બન્નેની રચનાનું કારણ પ્રત્યાઘાત હતું. પ્રત્યાઘાત આવેશની જનની બની શકે છે, પરંતુ સ્વાભાવિક શાંતિ અને ઉત્સાહ એમાં નથી રહેતાં. કોણ જાણે, પણ 'વિક્રમોર્વશીય' લખીને મને સંતોષ નથી થયો. એવું લાગે છે કે કંઈક કહેવાની ઈચ્છા હતી, પણ હજી તે કહી નથી શક્યો.

વિદ્યોત્તમા: 'વિક્રમોર્વશીય' ખૂબ સુંદર નાટક છે. નિઃસંદેહ તે પ્રાચીન રૂપકોથી શ્રેષ્ઠ છે, પરંતુ આપની પ્રતિભા એમાં પણ પરાકાષ્ઠાએ નથી પ્રસ્ફુટિત થઇ શકતી. જોકે શૃંગારવર્ણનમાં કોઇ પણ કવિ આપનો સમકક્ષ નથી, પ્રકૃતિનાં આપનાં ચિત્રો વિશિષ્ટ છે, માનવ હૃદયનું સૂક્ષ્મતમ વિશ્લેષણ પણ ખૂબ સુંદર છે, પરંતુ...

કાલિદાસ: પરંતુ શું?

વિદ્યોત્તમા: પરંતુ 'વિક્રમોર્વશીય'ના કવિ નૈતિકતાની ઉપેક્ષા કરે છે એવું લાગે છે.

કાલિદાસ: કેવી રીતે?

વિદ્યોત્તમા: કવિ સમાજનો નિયામક તથા નૈતિકતાનો રક્ષક પણ હોય છે. 'વિક્રમોર્વશીય'નો નાયક પોતાનું દામ્પત્યજીવન વિસારીને સ્વર્ગની એક વિલાસી અપ્સરા પાછળ પાગલોની માફક ભૂમે છે; જોકે એ અપ્સરા તો માત્ર વાસનાની ભૂખી છે. પ્રેમનું તો તે નામ પણ નથી જાણતી. એ જ અપ્સરા ઉર્વશી કે જે કામુકતાની પ્રતિમા છે ને કોણ જાણે કેટલા યે પુરુષોની અંકશાયિની બની ચૂકી હશે. પ્રજાપાલનથી વિરત બનીને પુરૂરવા ઉર્વશી સાથે વિલાસમાં ડૂબી જાય છે અને જેની સાથે આજીવન સહચર રહેવાની પ્રતિજ્ઞા, મંત્રપૂત અગ્નિની પ્રદક્ષિણા કરતાંકરતાં પુનિત વેદમંત્રોની સાક્ષીમાં લીધી હતી તે, પોતાની ધર્મપત્નીને વિસરી જાય છે. ગણિકાપ્રેમી પ્રત્યે સહાનુભૂતિ પ્રકટ કરનાર 'વિક્રમોર્વશીય'ના કવિ પણ ભવિષ્યના સમાલોચકની દૃષ્ટિમાં સંદિગ્ધ ચરિત્રના રૂપમાં આવશે. (હસીને) અને હું પણ ક્યારેક ક્યારેક વિચારું છું કે આપની ઉપર કોઈ બીજી મીનાક્ષીના ચંચલ કટાક્ષોનો પ્રભાવ તો નથી લાગી ગયો!

કાલિદાસ: બહુ જ સુંદર! આલોચનાનો ઉપસંહાર ખૂબ સુંદર થયો!

વિદ્યોત્તમા: જૂઠું કહું છું? (હસીને) ન માનતા હો તો પંડિત વિદ્યાધર પાસે એની સમાલોચના કરાવી જુઓ.

કાલિદાસ: વિચિત્ર છે એ વિદ્યાધર!

વિદ્યોત્તમા: હું તેની ઉપર પ્રસન્ન છું; ખૂબ નિર્ભય અને તેજસ્વી બ્રાહ્મણ છે. એ દિવસે સભામાં તેની પ્રબળ ઉક્તિઓના ઉત્તર કોઇ પાસે ન હતા. આચાર્ય વીણારંજન તો જાણે સભામાં હતા જ નહિ!

કાલિદાસ: ભરસભામાં અમારી પાઘડી ઉછાળવા માટે વિદ્યાધર સાથે મળીને તમે કંઈ ષડયંત્ર તો કર્યું ન હતું ને? (હસે છે.)

વિદ્યોત્તમા: 'માલવિકાગ્નિમિત્ર'ના વિષયમાં મારો મત તો મેં તમને પહેલાં જ કહી દીધો હતો ને?

કાલિદાસ: એટલે જ તો સંદેહ થાય છે.

વિદ્યોત્તમા: પુરુષમાત્ર સંદેહી હોય છે. આપના જેવા પરકીયા પ્રેમને સમર્થન આપનાર કવિઓની બુદ્ધિને ઠેકાણે રાખવા માટે વિદ્યાધર જેવા સમાલોચકની આવશ્યકતા છે.

[વર્ણનકાર: મહાકવિ કાલિદાસ પરમ સૌભાગ્યશાળી હતા કે એમને વિદ્યોત્તમા જેવી વિદુષી જીવનસહચારી તરીકે મળી હતી. વિદ્યોત્તમાના પ્રોત્સાહનથી તેમણે પરમ પ્રસિદ્ધ નાટક 'અભિજ્ઞાન શાકુન્તલ'નું પ્રણયન કર્યું. મહારાજ અગ્નિમિત્ર વિક્રમાદિત્ય ને દેવી માલવિકાએ કવિમુખેથી

આ નાટક સાંભળીને પરમ પ્રસન્નતા અનુભવી. એક દિવસ એકાંતમાં દેવી માલવિકાએ મહારાજને કહ્યું—]

માલવિકા : 'અભિજ્ઞાન શાકુન્તલ'ને પરીક્ષા માટે પંડિત સભામાં મોકલાવી આપ્યું છે.

અગ્નિમિત્ર:તમારી પાસે તેની હસ્તલિખિત પ્રત કયાંથી આવી?

માલવિકા : આર્યા વિદ્યોત્તમા પાસેથી વાંચવા મંગાવી હતી.

અગ્નિમિત્ર : તેમની અનુમતિ લઈને તમે આ કર્યું છે ?

માલવિકા : આપી રહી એ અનુમતિ ! એમ તો 'વિક્રમોર્વશીય' તથા 'રઘુવંશ'ને પંડિત સભામાં પ્રસ્તુત કરવા માટે પણ તેણે કેટલીક અનુમતિ આપી છે ?!

અગ્નિમિત્ર : મને લાગે છે કે આ તમે સારું નથી કર્યું.

માલવિકા : મને પણ નાટયકલાનું શિક્ષણ મળ્યું છે. મને વિશ્વાસ છે કે 'અભિજ્ઞાન શાકુન્તલ' નાટય-સાહિત્યનું અનુપમ રત્ન છે. આવવા દો અવસર, એના પક્ષનું સમર્થન હું પોતે કરીશ.

અગ્નિમિત્ર : 'અભિજ્ઞાન શાકુન્તલ'ની શ્રેષ્ઠતામાં મને જરા યે સંદેહ નથી; પરંતુ મને લાગે છે કે આર્યા વિદ્યાની અનુમતિથી જ તે પંડિતસભામાં રજૂ કરવું જોઈતું હતું. પંડિત વિદ્યાધર 'અભિજ્ઞાન શાકુન્તલ'ને પંડિત સભામાં પ્રભાવિત નહિ થવા દે એ નિશ્ચિત છે.

માલવિકા : એ તો જોઇએ હવે ! આ કાંઈ 'માલવિકાગ્નિમિત્ર' નથી, કે જેની રચનાનું પ્રયોજન આપની પ્રસન્નતા તે બતાવે.

અગ્નિમિત્ર : ઠીક; જે બને તે ખરું; પણ ઇશ્વર કુશળ કરે ! કાલિદાસના પક્ષનું સમર્થન તમે કરો તે નીતિની દૃષ્ટિથી ઉચિત નથી. પ્રજા સમજશે કે રાજપરિવાર કાલિદાસનો પક્ષપાતી છે.

માલવિકા : તો ?

અગ્નિમિત્ર : આચાર્ય વીણારંજન દ્વારા કાલિદાસના પક્ષનું સમર્થન થાય તે ઉચિત છે.

માલવિકા : જેવી આજ્ઞા !

[વર્ણનકાર : નિશ્ચિત તિથિ આવી અને નિયત સમય પર મહારાજ સમક્ષ 'અભિજ્ઞાન શાકુન્તલ' ઉપર વિચાર કરવા માટે પંડિતસભા બેઠી. આર્યા વિદ્યોત્તમા અધ્યક્ષના આસનને સુશોભિત કરતી હતી. 'અભિજ્ઞાન-શાકુન્તલ'નું કાલિદાસદ્વારા પાઠન થયા પછી સમસ્ત સભા પ્રસન્ન થઇ અને ચોદિશથી આવતા 'ધન્ય' 'ધન્ય'ના શબ્દે રાજસભાને ગુંજિત કરી દીધી. પછી આર્યા વિદ્યોત્તમાએ સભાને સંબોધતાં કહ્યું—]

વિદ્યોત્તમા : કોઈ વિદ્વાનને કંઇ સમાલોચનાત્મક વિચાર પ્રકટ કરવા હોય તો અનુમતિ છે.

વિદ્યાધર : મારે થોડું નિવેદન કરવું છે, એ માટે આજ્ઞા માગું છું.

વિદ્યોત્તમ : આપ નિઃસંકોચ આપનો મત વ્યક્ત કરો.

વિદ્યાધર : પ્રસ્તુત નાટકમાં દુષ્યંત નામક એક ચંદ્રવંશી રાજા નાયક છે. ઈતિહાસ ને પુરાણોના મર્મજ્ઞોથી એ છૂપું નથી કે દુષ્યંત એક નિર્બળ ચારિત્ર્યની વ્યક્તિ હતી. તે મૃગયા માટે વનમાં ગયો હતો. કણ્વ ઋષિના આશ્રમમાં પહોંચીને તેણે ઋષિની પાલિતા કન્યા શકુન્તલાને પોતાના રાજવૈભવથી મોહિત કરી ને તેની સાથે ગાંધર્વ-વિવાહનો ઢોંગ રચીને શકુન્તલાનું કૌમાર્ય નષ્ટ કર્યું. રાજમહેલમાં પાછા ફર્યા પછી તે કામુક રાજાને સરલ શકુન્તલાનું સ્મરણ પણ ન રહ્યું. તે ગર્ભવતી હતી. પુત્ર પણ થયો અને આશ્રમમાં જ પાંચ વર્ષનો થયો. શકુન્તલાને દુષ્યંત તરફથી કશો જ સંદેશો ન મળ્યો, ત્યારે વિવશ બનીને નિરુપાય શકુન્તલા પુત્રને લઇને દુષ્યંત સમક્ષ ગઈ. એ સમયે એ કાયરે તે અબલાની સાથે અપરિચિત જેવો નહિ પણ અશિષ્ટ જેવો વ્યવહાર કર્યો. વળી વ્યભિચારિણી કહીને તેનું અપમાન ભર સભામાં કર્યું. તેણે પોતાની ક્ષણિક વાસનાની પૂર્તિ કરવા માટે એક નિર્દોષ નારીના જીવનને નષ્ટ કરવાનું ઇચ્છ્યું. આકાશવાણી સત્યનું ઉદ્‌ઘાટન કરીને દુષ્યંતને શકુન્તલાને ગ્રહણ કરવા માટે વિવશ ન કરત તો શકુન્તલાને તથા તેના પુત્ર ભરતને જગતમાં કયાં યે પોતાનું મુખ દેખાડવા માટે સ્થાન ન રહેત.

વીણારંજન : આદરણીય વક્તા મહોદય સાથે પ્રશ્નોત્તર કરવાની મારી ઇચ્છા છે.

વિદ્યોત્તમા : અનુમતિ છે, વીણારંજન મહોદય !

વીણારંજન : પુરાણોની આ કથા કહીને આદરણીય વક્તાનો અભિપ્રાય શો છે ?

વિદ્યાધર : હું એ સિદ્ધ કરવા માગું છું કે રાજકવિને સદા એવા જ રાજાનું ચરિત્ર સારું લાગે છે કે જેણે પ્રથમ પત્ની હોવા છતાં નવી પ્રેમલીલા રચી હોય ! એમના પહેલા નાટક 'માલવિકાગ્નિમિત્ર'ના વિષયમાં તો હવે કશું કહેવાનું નથી. સાંભળ્યું છે કે તેમણે 'વિક્રમોર્વશીય'નામના એક નાટકમાં પણ રાજા પુરૂરવાની લંપટતાનું ચિત્ર આલેખ્યું છે, અને હવે એ જ વર્ગમાં આવનાર રાજા દુષ્યંતને નિર્દોષ સિદ્ધ કરવા માટે પ્રસ્તુત નાટક 'અભિજ્ઞાન શાકુન્તલ'માં ઐતિહાસિક સત્યની હત્યા કરી છે.

વીણારંજન: નાટકકાર ને ઈતિહાસકારમાં ફેર છે. નાટકકાર પોતાની રુચિ અનુસાર કથાવસ્તુમાં પરિવર્તન કરવા સ્વતંત્ર હોય છે.

વિદ્યાધર : સત્ય છે, પરંતુ આ વિશેષાધિકારની પણ સીમા હોય છે. નાટકકારને એવો અધિકાર નથી કે તે રામને રાવણ અને રાવણને રામ બનાવી દે.

વીણારંજન : 'અભિજ્ઞાન શાકુન્તલ'ના નાયકને આદર્શ રૂપમાં પ્રસ્તુત કરવાનું કવિનું લક્ષ્ય છે.

વિદ્યાધર : (હસીને) રાજકવિ આદર્શવાદી કયારથી બન્યા ? સાંભળ્યું છે કે 'કુમાર સંભવ' નામના પોતાના એક મહાકાવ્યમાં તો તેમણે યથાર્થવાદની પરાકાષ્ઠાનું પ્રદર્શન કર્યું છે. ભગવતી પાર્વતી પણ તેમના કૃપાકટાક્ષથી નથી બચી શકયાં.

વીણારંજન : વ્યંગ કરવો શોભનીય નથી. રાજકવિ 'રઘુવંશ' લખીને પોતાની ભૂલનું પરિમાર્જન કરી ચૂકયા છે.

વિદ્યાધર: આપ પણ માનો છો કે રાજકવિથી વળી ભૂલ થાય ?

વીણારંજન: અવશ્ય, મનુષ્યથી ભૂલ થઈ જાય છે. આશા છે કે મારા વ્યવહારથી શિક્ષા ગ્રહણ કરીને આપ પણ પ્રસ્તુત નાટકની ઉપેક્ષા નહિ કરો. હું એમ કહેતો હતો કે 'અભિજ્ઞાન શાકુન્તલ'માં કવિ આદર્શવાદ તરફ જઈ રહ્યા છે.

વિદ્યાધર: (હસીને)તમારા કવિનો આદર્શવાદ સરસ છે ! દુષ્યંતની નિર્બળતાઓને છુપાવવા માટે તેને પુરાણોમાં ક્રોધી દુર્વાસાનું ચરિત્ર મળી ગયું, પછી શું ? કવિએ દુષ્યંતના પાપનો ઘડો મુનિના શિર પર ફોડયો. અંગુઠીની કલ્પના કરી અને દુષ્યંતને દૂધથી ધોયેલો બતાવ્યો. બીચારો ઋષિના શાપને લીધે શકુન્તલાને ભૂલી ગયો ! ધન્ય છે આપના કવિની કલ્પનાને ! દુષ્યંતને તો આદર્શ બનવાનું પ્રમાણપત્ર મળી ગયું, અને બીચારા નિરપરાધ મુનિની અપયશગાથામાં એકની વૃદ્ધિ થઈ !

વીણારંજન: એ જ કાલિદાસની વિશિષ્ટતા છે. હું વિશ્વાસપૂર્વક કહું છું કે એક દિવસ દુનિયા કાલિદાસની કલ્પનાને સત્ય માનશે.

વિદ્યાધર: ભવિષ્યદર્શી તો આપ હશો; અમારી સામે તો વર્તમાન છે.

વીણારંજન: 'અભિજ્ઞાનશાકુન્તલ' નાટ્યસાહિત્યમાં અનુપમ નથી?

વિદ્યાધર: અવશ્ય છે; કોઈ અન્ય કવિએ આવી કપોલ-કલ્પના નથી કરી.

વીણારંજન: ચોથા અંકમાં શકુન્તલાના વિદાય સમયે કણ્વની મર્મસ્પર્શી ઉક્તિઓ અને આશ્રમના ઉદાસ વાતાવરણનું ચિત્રણ શું આપના હૃદય ઉપર પ્રભાવ નથી કરતું?

વિદ્યાધર: અસત્ય પ્રભાવહીન હોય છે.

વીણારંજન: વિયોગમાં દુઃખી દુષ્યંતનાં કરુણ વચનોમાં કવિની કલાનો ચરમ ઉત્કર્ષ પ્રદર્શિત થએલો તમને નથી લાગતો?

વિદ્યાધર: કૃત્રિમતાનું નામ કલા નથી.

વીણારંજન: અર્થાત્ આપનો અભિપ્રાય શો છે?

વિદ્યાધર: હમણાંજ સ્પષ્ટ થશે. (વિદ્યોત્તમાને) રાજકવિને પ્રશ્ન પૂછવાની આજ્ઞા મને મળશે?

વિદ્યોત્તમા: રાજકવિ પં૦ વિદ્યાધરના પ્રશ્નોના ઉત્તર આપી શકશે.

વિદ્યાધર: (કાલિદાસને) શું તમે તમારી પત્ની સિવાય કોઈ અન્ય સ્ત્રીની સાથે પણ પ્રેમ કર્યો છે?

વીણારંજન: (ક્રોધથી) શું હું પૂછી શકું છું કે આ પ્રશ્ન પૂછવાનું પ્રશ્નકર્તાને શું તાત્પર્ય છે?

વિદ્યાધર: કોઈ પણ કૃતિની યુક્તિયુક્ત સમાલોચનાના માટે કૃતિના કર્તાના વ્યક્તિત્વનું જ્ઞાન અપેક્ષિત રહે છે.

કાલિદાસ: મારી પત્ની સિવાય અન્ય કોઇ સ્ત્રી સાથે પ્રેમ કરવાનો મેં સ્વપ્નમાં પણ વિચાર નથી કર્યો.

વિદ્યાધર: લગ્ન પછી આપની પત્નીથી આપને એક પણ દિવસનો વિયોગ થયો છે?

કાલિદાસ: નહિ.

વિદ્યાધર: કવિના ઉત્તર પ્રત્યે સભાનું ધ્યાન આકૃષ્ટ કરું છું. કવિને વિયોગનો સાક્ષાત્ અનુભવ નથી. દુષ્યંતની વિયોગાવસ્થાનું વર્ણન માત્ર કવિની કલ્પનાની પ્રસૂતિ છે.

વીણારંજન: આ કંઇ તર્ક નથી. ભાવના ને ભાવુક્તાની સહાયથી કવિ વર્ણનીય પાત્રનાં સુખદુઃખનો અનુભવ પાત્રની જેમ જ કરે છે.

વિદ્યાધર: એ ઠીક છે, પરંતુ પારસ્પરિક અને સાક્ષાત્ અનુભવમાં પણ અંતર છે. પારસ્પરિક અનુભૂતિ એક પ્રકારની કલ્પના જ છે. કલ્પના સુંદર હોઈ શકે છે. પરંતુ સાહજિક નથી હોતી. આ ઉપરાંત મારે કશું જ નથી કહેવું.

વીણારંજન: આ કંઈ તર્ક નથી. પુત્રના વિયોગમાં પ્રાણત્યાગ કરનાર દશરથની દુઃખી અવસ્થાનું વર્ણન કરનાર કવિ માટે તેનો યે પુત્ર ચૌદ વર્ષ વનમાં જાય એ કંઈ આવશ્યક નથી. (સઘળાં હસે છે.)

વિદ્યાધર: મારું કથન મેં સમાપ્ત કર્યું છે.

વિદ્યોત્તમા: અનુમાન કરું છું કે આ વિષયમાં હવે કોઇને કહેવાનું નહિ હોય. 'અભિજ્ઞાન શાકુન્તલ' એક સુંદર કૃતિ છે; તેના કવિની કલ્પના અનુપમ છે. એટલા માટે કે તે કલ્પનાઓ ક્યાંય પણ સ્વાભાવિકતાની મર્યાદાનું અતિક્રમણ નથી કરતી, પરંતુ એ છતાંય માનવું પડશે કે કવિને વિયોગાવસ્થાનો અનુભવ નથી; જો હોત તો કવિની આકૃતિ કલ્પનાવિશેષ નહિ, અનુભૂતિ-પ્રધાન કહેવાત. અથતઃ કેટલાક દિવસ પર્યટન કરવાની રાજકવિને આવશ્યકતા છે. અત્યાર સુધી તેમણે પોતાની કૃતિઓમાં પ્રાચીન પરંપરાનો નિર્વાહ કર્યો છે. સંસ્કૃત સાહિત્યમાં કોઇ નવી કાવ્ય-પરંપરાનું તે પ્રવર્તન કરે એ ઇષ્ટ છે. રાજકવિના પ્રવાસથી પાછા આવ્યા પછી 'અભિજ્ઞાનશાકુન્તલ'ને પુનઃ પંડિત સભામાં પ્રસ્તુત કરવામાં આવશે.

[વર્ણનકાર : મહાકવિએ ખિન્ન બની ઉજ્જયિની છોડી દીધી. તે ચાલ્યા ગયા પૃથ્વીની સ્વર્ગભૂમિ કાશ્મીર પ્રતિ, જ્યાંના કણકણમાં કવિતા વ્યાપ્ત છે; જેણે સર્વદા કવિઓ, આચાર્યો ને સાહિત્યજ્ઞોને જન્મ આપ્યો છે, જ્યાં પ્રકૃતિનું સૌંદર્ય અનુપમ રૂપમાં પ્રકટ્યું છે; જ્યાં વીણાપાણિ સરસ્વતી સાક્ષાત પ્રકટ થઈને પોતાના પુત્રોના મસ્તક પર પોતાનો વરદ હસ્ત રાખે છે ને જે ભૂમિ ભારત-વસુંધરાનો સુંદર કિરીટ છે.

મહાકવિ કાલિદાસ કાશ્મીરની નિર્જન તથા સુંદર ઘાટીઓમાં રહેતા અને કંદમૂળફળ ખાઇને જીવનનિર્વાહ કરતા. કાવ્યમાં નવીન પરંપરાનું પ્રવર્તન કરવાની ચિંતા તો હતી જ; પરંતુ પ્રતિભા જાણેકે નિદ્રાધીન થઈ ગઈ હતી. પ્રાણપ્રિયા વિદ્યોત્તમાના વિયોગથી તે શિથિલ થઈ ગયા હતા.

અષાઢનો પ્રથમ દિવસ આવ્યો અને કાલિદાસને પર્વતોનાં શિખરો સાથે ક્રીડા કરનાર મત્ત ગજરાજના જેવા શ્યામ-ઘનનાં દર્શન થયાં. વિયોગ-શૃંગારના ઉદ્દીપનથી વિયોગી કવિ કાલિદાસ અત્યંત વ્યથિત થઈ ગયા. એ જ સમયે તેને એ વિરહી યક્ષનો ખ્યાલ આવ્યો કે જે કુબેરના શાપથી પોતાની નવોઢા પ્રાણપ્રિયાથી દૂર એક નિર્જન પર્વત પર એક વર્ષ વ્યતીત કરવા માટે વિવશ હતો.

કાલિદાસના હૃદયમાંથી સ્વાભાવિક કાવ્યગંગા પ્રવાહિત બની ને આમ 'મેઘદૂત'નું પ્રણયન થયું, જેમાં યક્ષના મુખમાંથી કાલિદાસ પોતે બોલી રહ્યા છે. એક દિવસ ઘાટીઓમાં કાલિદાસના મુખમાં મેઘદૂતની આ પંક્તિઓ ગુંજી રહી.]

કાલિદાસ: હે મેઘ! તું મારી પ્રાણપ્રિયાને કહેજે કે તારો જીવન-સહચર હજી જીવિત છે, અને વિયોગી હોવાથી દુઃખિત હૃદયપૂર્વક તારા કુશળ સમાચાર પૂછ્યા છે; અને હું અત્યંત ઉત્કંઠિત બનીને સુકુમાર પ્રિયંગુ-લતાઓમાં તારાં કોમળ અંગ, ચકિત હરિણીઓની દૃષ્ટિમાં તારા ચંચલ કટાક્ષ, ચંદ્રમામાં તારી મુખશ્રી, ઘન મોરપંખોમાં તારો કેશભાર અને નદીઓના નાનાનાના તરંગોમાં તારા ભ્રૂવિલાસની કલ્પના કરું છું; પરંતુ અરે નિર્મમે! તારું સાદૃશ્ય ક્યાંય નથી.

ક્યારેક ક્યારેક હું કોઈ શિલા પર ધાતુરંગોથી તારું પ્રણયકુપિત ચિત્ર અંકિત કરું છું ને તેની સાથે તને મનાવવા તારાં ચરણોમાં પડેલી મારી આકૃતિ ચિત્રિત કરવા ઇચ્છું છું, ત્યારે અશ્રુવેગથી મારી દૃષ્ટિ અવરુદ્ધ થઈ જાય છે. નિષ્ઠુર દૈવ એ ચિત્રમાં પણ આપણા બંનેનું મિલન જોવું નથી ઇચ્છતો.


હું કદીક તને સ્વપ્નમાં જોઉં છું તો તારા ગાઢાલિંગન માટે મારી ભુજાઓ શૂન્યમાં ફેલાઇ જાય છે. મારી આ દશા જોઈ વનદેવીએ નાં મોતી જેવાં આંસુ વૃક્ષની કોમળ પાંદડીઓ પર પડવા લાગે છે.

[વર્ણનકાર : કાશ્મીરની એ સૌભાગ્યશાળી વનસ્થલીમાં, વીણાપાણિ મા સરસ્વતીએ પ્રકટ થઈને મહાકવિ કાલિદાસને આશીર્વાદ આપતા સમયે 'કવિકુલગુરુ' કહીને સંબોધિત કર્યા. આકસ્મિક આશ્ચર્ય અને હર્ષાતિરેકમાં કવિનો કંઠ ગદ્ગદ્ થઈ ગયા અને તેમણે માનાં ચરણમાં પ્રણામ કર્યાં.

મેઘના કવિ કાલિદાસે સંસ્કૃતમાં દૂતકાવ્ય-શૈલીનું પ્રવર્તન કર્યું. અનેક દૂતકાવ્ય લખવામાં આવ્યાં, પરંતુ 'મેઘદૂત'ની છાયા પણ કોઈનામાં ન આવી શકી. નિષ્પક્ષ સમાલોચકોએ 'મહાકવિ'ની સર્વ કૃતિઓનું યથોચિત સન્માન કર્યું.

'મહાકવિ' કાલિદાસને ઉત્પન્ન કરીને ભારત-વસુંધરા વિશ્વ તરફ ગર્વથી જોઇને મંદ સ્મિત કરી રહી છે.]

ફોટોગ્રાફી હરીફાઈ



પહેલું ઈનામ: મોકૂફ; બીજું ઇનામ: 'શાંતિનો સંદેશ-વાહક'-અન્વર હેમાણી-(કરાંચી); ત્રીજું ઈનામ: 'સરોવર ને સાથી'-'દીનબંધુ' (કઠલાલ). નોંધપાત્ર: (૧) 'સન્ધ્યા સમયે ઘર ભણી'-ચીનુભાઇ પટેલ. (સિદ્ધપુર); (૨) 'સાંજનો અભ્યાસ'-નચિકેત મુનસિફ (મુંબાઇ).

'શાંતિના સંદેશ-વાહક' ઇશુનું સ્મરણ કરાવતા વાતાવરણથી ભરેલું ભાઇ અન્વર હેમાણીનું ચિત્ર પ્રભાવશાળી છે. તળ જમીનનાં પગથિયાંથી માંડીને ઉત્તરોત્તર ઊંચે આકાશમાં ક્રૉસ-ચિહ્ન સુધીની સુયોજિત ભવ્યતા ભાસે છે તે છાયા-પ્રકાશની પસંદગી તેમજ કલાકારની દૃષ્ટિને આભારી છે. એમાં ચિત્રને વિશેષ ઉઠાવ આપતાં વાદળાંની જમાવટ ચિત્રને અસરકારક બનાવે છે. પગથિયાં ચડતો માણસ જો ડાબી બાજુના ખૂણા પાસેથી જતો હોત તો ચિત્રાયોજન વધુ સુંદર બનત. માણસનું માથું કાળા ભાગમાં ભળી જાય છે તે દોષ છે; અનેસ્થાપત્યનાં ચિત્રોમાં જે ન આવવા દેવાની હમેશાં કાળજી રાખવી જોઇએ તે, મકાનની ત્રાંસી બની જતી રેખાઓ, આમાં પણ જમણી તરફ આવી ગઇ છે. એ બાકી ચિત્રની ટેકનિક પણ ઉત્તમ છે.



ભાઇ દીનબંધુના ચિત્રમાં વાતાવરણની અસર ને સંયોજનને રસભર બનાવતી સ્ત્રીપાત્રની છટા, બંને સારાં છે; પાણીનાવિશાળ પટ સામે પગથિયાં ઉપરની રચના સમતુલા જાળવે છે; પણ ટેકનિક સાધારણ છે.



ભાઈ ચીનુભાઇ પટેલનું 'સન્ધ્યા સમયેઘરભણી' દૃશ્યમાં પ્રશાંત વહેતાં નીરના ધીરગંભીર વાતાવરણની જમાવટ કરે તેવા સૂર્ય-પ્રકાશના ચમકારની મઝા નથી. પાણીનો પટ ઓળંગતી માનવાકૃતિઓની હારથી વાતાવરણ ગતિમાન લાગે છે, પણ જમીન અને પાણીના પટની તેમજ પસાર થતી આકૃતિની વહેંચણીથી સુયોગ્ય બનતા સંયોજનને ત્રાંસી બની ગએલી ક્ષિતિજ-રેખા અને તદ્દન નબળી ટેકનિક એક સારા ચિત્રને પાંગળું બનાવે છે.

ભાઇ નચિકેત મુનસિફનું 'સાંજનો અભ્યાસ'-છાયાછબિના ગુણો સાચવતો આદરણીય નમૂનો છે. પાત્રની એકાગ્રતા ને સાંજની નીરવ શાંતિની તેમાં જમાવટ પણ છે. પણ ત્રાંસો થાંભલો રચનાને બેડોળ બનાવે છે. નીચે પણ સહેજ વધારે જગ્યાની જરૂર ખરી.

સરગવો



માસમાસના વૃક્ષવિશેષનો પરિચય આપતી લેખમાળા

આપણી વનસ્પતિ-હપતો ૨૯

લેખક

પ્રો. જયંતીલાલ દેવશંકર ઓઝા

એમ. એસ. સી.

એનાથી તો કોણ અજાણ્યું હશે ? એની શીંગોનું શાક કે કઢી કોણે નહિ ખાધાં હોય ? સંસ્કૃતમાં તેને 'શિગ્રુ' તથા 'શોભાંજન', હિંદીમાં 'સુહાંજના' કે 'સેગવા' ને મરાઠીમાં 'શેવગા' કહે છે. અંગ્રેજીમાં તે 'ડ્રમ-સ્ટિક ટ્રી' (Drum-stick Tree) ને નામે ઓળખાય છે. ઉપરાંત તેને 'ઇન્ડિયન હૉર્સ-રૅડિશ ટ્રી' ('Indian Horse radish Tree') પણ કહે છે. તેનું શાસ્ત્રીય નામ 'મોરીન્ગા ટેરીગોસ્પર્મા' (Moringa Pterygosperma, Gaertn.). હાલમાં તેનું નવું નામ 'મોરીન્ગા ઓલીફેરા' ('Moringa Olifera', Lam.) પણ રાખવામાં આવ્યું છે.

હિમાલય અને અવધનાં જંગલો તેનાં ઉત્પત્તિસ્થાન; પણ હિંદભરમાં તે બધે ઉગાડવામાં આવે છે. તેનું ઝાડ સુંદર દેખાવનું અને મધ્યમ કદનું થાય છે. તેના કુમળા ભાગો પર રુવાંટી હોય છે. તેની વિવિધ શાખાઓ પર તેનાં સંયુક્ત પાન એકાંતરે ગોઠવાએલાં, અને તળિયે ઉપસેલી દાંડીવાળાં હોય છે.

જાન્યુઆરીથી એપ્રિલ દરમ્યાન સરગવાને ફૂલ બેસે છે; જોકે સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં પણ તેને ફૂલો આવે છે. આ ફૂલો સુંદર અને મોટાં ઝુમખાંમાં હોય છે અને તેનું વજ પ્યાલી આકારનું હોય છે. સરગવાનું ફળ—શીંગ ૧૫થી૧૮ ઇંચ લાંબી, સહેજ વળ લેતી અને નવ ખાંચાવાળી હોય છે. તેનાં બીજ ત્રણ ખૂણિયાં તેમજ ત્રણ પાંખોવાળાં હોય છે. સરગવો બીજ તેમજ કાપકલમથી ઊગે છે.

સરગવો અનેક રીતે ઉપયોગી છે. તેની છાલમાંથી જાડા રેસા નીકળે છે તે સાદડીઓ, દોરડાં અને કાગળ બનાવવાના ખપમાં આવે છે. તેનાં પાન, ફૂલ અને ફળ ખાવામાં વપરાય છે. સરગવાનાં ફૂલનું પણ શાક થાય છે. સરગવાનો ગુંદર કાપડ છાપવામાં વપરાય છે. તેનાં પાન તથા ડાંખળાં હિંદમાં ઘણી જગ્યાએ ઢોરોને ચારા માટે અપાય છે. સરગવાનાં બીજમાંથી ચોખ્ખું—લગભગ સફેદ—તેલ નીકળે છે તે ઉદ્યોગમાં 'Ben oil' નામથી ઓળખાય છે; વળી તે ઉત્તમ 'લ્યૂબ્રિકન્ટ' ગણાતું હોઇ ઘડિયાળીઓ ઘડિયાળોમાં ઊંજવામાં તે વાપરે છે. ઉપરાંત અત્તર અને સુગંધીદાર તેલો બનાવવામાં પણ તે વપરાય છે.

સરગવાની ઔષધીય ઉપયોગિતા તો હિંદમાં ઘણા લાંબા સમયથી જાણીતી છે. આયુર્વેદના 'ભાવપ્રકાશ' તેમજ બીજા સંસ્કૃત ગ્રંથોમાં પણ તેનો ઉલ્લેખ છે. આયુર્વેદમાં સરગવાનાં લગભગ બધાં અંગોને ઉપયોગી ગણ્યાં છે. તેના મૂળની છાલ તીક્ષ્ણ સ્વાદવાળી, ઉષ્ણ, મધુર, પરંતુ ક્વચિત્ કડવી હોય છે. તે પાચક, દાહક અને દંશક ગણાય છે. તે વાત, કફ, બધા ત્રિદોષ તાવ, આંખના રોગો, હૃદયની ફરિયાદો, સોજા, અજીર્ણ, બરોળની વૃદ્ધિ, ગાંઠ, ચાંદાં, કાનનો દુખાવો વગેરેમાં ઉપયોગી ગણાય છે. મુંબઈમાં સરગવાના મૂળની છાલનો ઉકાળો તાણમાં શેક કરવા માટે વપરાય છે. કોંકણમાં સરગવાના મૂળની છાલ તથા ચિત્રાનું મૂળ, પારેવાં ને કૂકડાંની હગાર સાથે વાટીને તેનો વાળા પર લેપ કરવામાં આવે છે. સરગવાના મૂળની છાલ ગર્ભપાતક ગણાય છે.

સરગવાનો ગુંદર તલના તેલ સાથે મેળવી શરદીથી થતું શૂળ મટાડવા માટે કાનમાં રેડવામાં આવે છે. આ ગુંદર દાંતના સડાથી થતાં કળતર માટે પણ ઉપયોગી ગણાય છે.

સરગવાનાં મૂળ કડવાં, તીખાં, દાહક અને ઉત્તેજક ગણાય છે. તે મૂત્રલ, પિત્તસ્રાવક અને શ્વાસશામક ગણાય છે તથા શરીર તેમજ ફેફસાં માટે શક્તિવર્ધક મનાય છે. ગળા તથા છાતીના વ્રણો, ઉધરસ, સોજા, હરસ, અજીર્ણ, વાઇ, હિસ્ટીરિયા, લકવો, દમ, તાવ, કેડનો દુખાવો વગેરે તે મટાડે છે. ચરક અને સુશ્રુતના મત અનુસાર સરગવાના મૂળ અને બીજ સર્પદંશ માટે તેમજ સુશ્રુતના મત અનુસાર તે બન્ને વીંછીના દંશ પર ઉપયોગી ગણાય છે. સિલોનમાં તો સર્પદંશ માટે સરગવો ઘરગથ્થુ ઉપાય ગણાય છે: તેનાં તાજાં પાન વાટીને સર્પદંશ પર ચોપડવામાં આવે છે અને તેનાં તાજાં મૂળ, છાલ તથા પાનમાંથી રસ કાઢી ઘેન અગર મૂર્છા આવી હોય તો નસકોરાંમાં રેડવામાં આવે છે; વળી તેનાં તાજાં મૂળ અને છાલનો ઉકાળો પણ પવાય છે.

સરગવાનાં પાન સ્વાદિષ્ટ અને શીતળ છે. તે આંખનાં દરદો, વાત, શરદી, સુસ્તી, દમ વગેરેને મટાડે છે. તેનાં તાજાં પાન વાટીને વાંદરાં તેમજ બીજાં પ્રાણીઓના કરડવા પર ચોપડાય છે. કોંકણમાં સરગવાનાં પાનનો રસ ઉલટી કરાવવા માટે વપરાય છે. 'ગીની'-માં સરગવાની છાલ અને પાન વાટીને માથાના દુખાવા માટે કપાળ પર ચોપડવામાં આવે છે. ફ્રેન્ચ ગીઆનામાં સરગવાનાં પાન વાટી ગરમ કરીને ગાંઠને ઓગાળી નાખવા માટે તે પર ચોપડાય છે.

સરગવાનાં ફૂલ ગરમ, કૃમિનાશક અને પૌષ્ટિક ગણાય છે. તે સોજા, સ્નાયુઓના રોગ કફ, વાત, ગાંઠ ને બરોળની વૃદ્ધિને મટાડે છે.

સરગવાની શીંગ મધુર, તીખી ને કૃમિનાશક ગણાય છે અને તે કફ, પિત્તપ્રકોપ, કોઢ ને ગાંઠને મટાડે છે. હકીમો સરગવાની શીંગનો ઉપયોગ કાળજા તેમજ બરોળના રોગો, સાંધાના દુખાવા, ધનુર, પક્ષઘાત વગેરે રોગો માટે કરે છે. (અનુસંધાન પાછળ)

જંતુનાશક દર્દનિવારક અને આરોગ્યદાયક એક નવો વાયુ ઓઝોન

લેખક · ડૉ. **નરસિંહ મૂ. શાહ** પીએચ. ડી.

સમુદ્રકિનારે એક જાતની વાસ આવે છે એ તમારા ધ્યાનમાં છે? પર્વત ઉપર એક પ્રકારની તાઝગી અનુભવાય છે એ તમે જોયું છે? વીજળીના કારખાનામાં ડાયનેમો ચાલી રહ્યો હોય તેની પાસે એક પ્રકારની ગંધ આવે છે એ તમે અનુભવી છે? એ ગંધ વાતાવરણમાં એક નવા વાયુને આભારી છે, એ જર્મન રાસાયનિક શૉનબાઈને ૧૮૪૦માં પુરવાર કરી બતાવ્યું, અને ગ્રીક શબ્દ 'ઓઝો' એટલે 'હું સૂંઘું છું,' એ ઉપરથી તેનું નામ પાડ્યું ઓઝોન.

ઑક્સિજન પર આલ્ટ્રાવાયોલેટ કિરણોની પ્રક્રિયા થવાથી ઓઝોન પેદા થાય છે. દરિયાના પાણીનાં ફોરાંનું બાષ્પીભવન થવાથી દરિયાની હવામાં ઓઝોન ઉત્પન્ન થાય છે. વાતાવરણના ઉપલા થરોમાં પણ ઓઝોનનું અસ્તિત્વ પુરવાર થયું છે. જૂજ પ્રમાણમાં હોય તો તો ઓઝોન તાઝગી આપે છે; પરંતુ તેનું પ્રમાણ વધી જાય તો ગળું ઝલાય છે અને અંદરની ચામડી ચરચરે છે તથા ઝેરી અસર થાય છે. પ્રવાહી ઑક્સિજનને અલ્ટ્રા વાયોલેટ કિરણોમાં રાખવાથી તેનો રંગ ઘેરો વાદળી થાય છે, કારણકે તેમાં પ્રવાહી ઓઝોન ઉત્પન્ન થાય. છે. વીજળીનો પ્રચાર સામાન્ય થઈ ગયા પછી હવે ઓઝોનનો શ્વાસ લેવા માટે સમુદ્રકિનારે યા પર્વત પર જવાની જરૂર રહી નથી. શહેરમાં દીવાનખાનામાં બેઠાંબેઠાં પણ એક બટન દાબીને હવે ઓઝોન મેળવી શકાય છે.

ગંધક અને ફૉસ્ફરસની માફક ઑક્સિજન વાયુ પણ બહુરૂપતા દાખવે છે. ઓઝોન એનું એક એવું રૂપાંતર છે. ઑક્સિજનમાં વીજળિક ડિસ્ચાર્જ કરવાથી સામાન્ય ઑક્સિજન વાયુમાં એક અણુ વિશેષ ઉમેરાય છે, એટલે ઓઝોન બને છે. ઑક્સિજનમાંથી આમ ઓઝોન બનાવવાનાં યંત્રોને ઓઝોનાઇઝર કહે છે. બ્રોડી અને સાઇમેનના ઓઝોનાઈઝરની રચના સાવ સાદી છે. સાઇમેન ઓઝોનાઈઝરમાં બે કાચની નળીઓ હોય છે, જે નાના મોટા વ્યાસની હોવાથી એકબીજીની અંદર પેસાડી શકાય છે. બહારની મોટી નળીની ઉપર અને અંદરની નાની નળીની અંદર કલાઈનાં પતરાં ચોડેલાં હોય છે. પછી એ બે નળીઓની વચ્ચેની જગ્યામાં હવા યા શુદ્ધ ઑક્સિજન પસાર કરવામાં આવે છે, અને ઊંચા વોલ્ટેજે તણખા ઝર્યા વિના વીજળીનો પ્રવાહ છોડવામાં આવે છે. આ રીતે ઑક્સિજનનું ઓઝોનમાં ૨૫ ટકા રૂપાંતર થઈ શકે છે. જો તણખા ઝરે તો ઓઝોનનું ઑક્સિજનમાં વિઘટન થાય છે. મોટા પાયા પર ઓઝોન બનાવવાનો સિદ્ધાંત પણ ઉપર મુજબ જ છે; માત્ર તેમાં ઓઝોનાઇઝરની રચના વિશાળ પાયાપર કરવામાં આવે છે.

ઓઝોન આછો વાદળી વાયુ છે અને ઑક્સિજન કરતાં દોઢ ગણો ભારે છે. એ ટર્પેન્ટાઈનતેલમાં શોષાઇ જાય છે એ તેની વિશિષ્ટતા છે.

આજે હવે ઓઝોન અજાયબીની વસ્તુ રહી નથી. તેના કેટલા યે મહત્ત્વપૂર્ણ ઉપયોગો થાય છે. તે ખૂબ પ્રક્રિયાશીલ હોવાથી જંતુઓને બાળી નાખે છે, તેથી તેનો ઉપયોગ પાણીના શુદ્ધીકરણમાં થાય છે. એક ઘન મીટર પાણી માટે લગભગ એક ગ્રામ ઓઝોન જોઈએ. ફ્રાન્સ દેશ ક્લોરીનને બદલે આજે ઓઝોનનો ઉપયોગ કરી કૉલેરા, ટાઇફૉઇડ અને એવાં દર્દોમાંથી મુક્તિ મેળવી શક્યો છે. ત્યાંની સીન નદીના પાણીમાં એક ઘન સેન્ટીમીટરમાં ૧૨૭·૪૪૪ સૂક્ષ્મ જંતુઓની હાજરી નોંધવામાં આવી હતી, તે ઓઝોન વડે શુદ્ધ કરતાં એ પ્રમાણ લગભગ શૂન્ય—માત્ર બે જંતુઓ જેટલું તપાસમાં માલૂમ પડ્યું હતું. એક બીજા પ્રયોગમાં લગભગ ૪૪ લાખ સૂક્ષ્મ જંતુઓ પાણીમાં ઉમેરવામાં આવ્યા; અને પછી તેને ઓઝોન વડે શુદ્ધ કરવામાં આવ્યું. તો પરિણામ પ્રથમ મુજબ જ આવ્યું. આ ઉપરથી ઓઝોનની અસરકારકતા સિદ્ધ થઈ ચૂકી છે. જર્મની, રશિયા ને બીજા દેશોમાં પણ હવે ઓઝોન પાણીની શુદ્ધિ માટે વપરાય છે.

ચેપી રોગોની ઑસ્પિટલોમાં પણ હવે ઓઝનનો ઉપયોગ થવા લાગ્યો છે. અમેરિકામાં ઓઝોન વેન્ટીલેશન માટે હવે પ્રચલિત થતું ચાલ્યું છે. લંડનની ભુગર્ભ રેલ્વેમાં અંદરનું વાતાવરણ શુદ્ધ રાખવા માટે ઓઝોન જ વપરાય છે. ખાવાની ચીજો બગડી ન જાય એ માટે તેમને ઠંડીમાં રાખવામાં આવે છે. આવી ઠંડી વખારોનું વાતાવરણ શુદ્ધ રાખવા માટે પણ ઓઝોન સંતોષકારક નીવડ્યું છે, એટલું નહિ પણ સંગ્રહેલી વસ્તુ પર તેથી ફૂગ થતી પણ અટકે છે.

ઓઝોન પ્રબળ જારણકર્તા (oxidising agent) છે, તેથી તેલ, ચરબી જેવા પ્રવાહીઓને સાફ કરવા માટે તેનો ઉપયોગ થાય છે. ઓઝોનમાં રૂપું કાળું પડી જાય છે અને તેની ભસ્મ બને છે. રબર ઉપર તે રાસાયનિક અસર કરે છે. વળી એ પોટાશ્યમ આયોડાઈડમાંથી આયોડીન છૂટું પાડી આપે છે.

દર્દનિવારણ માટે ઓઝોનનો ઉપયોગ હજી પ્રારંભિક દશામાં છે અને એ અંગે સંશોધન ચાલુ છે. પરંતુ એક સફળ પ્રયોગ તો અહીં નોંધી લઈએ. ઓલિવ તેલ અને કૉડલીવર તેલમાં ઓઝોન મેળવીને આપવાથી ક્ષય, પાંડુરોગ, ફેફસાંનાં દર્દો, ન્યૂમોનિયા અને ઇન્ફ્લુએન્ઝા જેવાં દર્દોમાં સરસ પરિણામ આવ્યું છે. આપણા દેશમાં ઓઝોનનો ઉપયોગ પાણીના શુદ્ધીકરણ માટે કરવાનું શરૂ થાય તો અત્યારે વધી રહેલું મરણપ્રમાણ નીચું આવે એમાં શંકા નથી. આપણે આશા રાખીએ કે પ્રજાકીય તંદુરસ્તી અંગે આપણી સરકાર મ્યુનિસીપાલિટીઓને આ દિશામાં યોગ્ય પગલાં લેવા પ્રેરે.

સરગવો

સરગવાનાં બીજ ગરમ, ઉત્તેજક, દાહક અને તીખાં ગણાય છે. તે આંખનાં દરદો, માથાનો દુખાવો, વાત વગેરે મટાડે છે. વળી એ બીજનું તેલ કોઢનાં ચાંદાં પર ઉપયોગી ગણાય છે. બંગાળમાં સરગવાનાં બીજનું તેલ સંધિવા ઉપર પણ વપરાય છે. સિંધમાં સરગવાનાં બીજનો ઉપયોગ ગરમીથી થતા રોગો માટે થાય છે. સિલોનમાં સરગવાનાં બીજ પાણી સાથે વાટી લેનમાં આંખો પર ચોપડવામાં આવે છે.

કાયસ ને મ્હસ્કરના સંશોધન અનુસાર સરગવાનાં બધાં અંગો સર્પદંશ તેમજ વીંછીના દંશ પર બહારથી ચોપડવા માટે કે દવા તરીકે પીવા માટે બીનઅસરકારક જણાયાં છે.

સરગવાના મૂળની છાલનું રાસાયનિક અન્વેષણ થએલું છે ને તેમાં 'મોરીન્ગીન' અને 'મોરીન્ગીનીન' નામનાં રાસાયનિક તત્ત્વો માલૂમ પડયાં છે. 'મોરીન્ગીન' પ્રમાણમાં બીનઅસરકારક છે, પણ 'મોરીન્ગીનીન' કેટલાક સ્નાયુઓ, જ્ઞાનતંતુઓ ને શરીરના ભાગો પર અસર કરે છે.

પચ્ચીસ વર્ષ પહેલાં





અંક ૧૩ · પોષ ૧૯૮૧ (જાન્યુઆરી ૧૯૨૫)

'કુમાર'નો ઉદ્ભવ થયો તે કાળ અસહકારના ઉદ્દગમ પછીનો સમય હતો, જ્યારે બળવાન સલ્તનતની સામે પ્રજાને જાગ્રત કરવાને તપ તથા ત્યાગનું બલ પ્રબોધી, ગાંધીજીથી માંડીને સર્વ લેખકો તેનામાં તેજ પ્રકટાવતા હતા. બીજા વર્ષના પહેલા અંકમાં શ્રી બલવન્તરાય ઠાકોર, રામનારાયણ પાઠક, કાકાસાહેબ કાલેલકર આદિની કલમોની એવી વાનગીઓ હતી.

દુશ્મનોના હલ્લા સામે ટક્કર ઝીલતી નાગા પર્વત ઉપરની એક ગઢીના દિલેર સરદાર તથા તેના શૂરા સૈનિકો સ્વરક્ષણમાં ખપી ગયા છતાં, એમણે પોતાના દુશ્મનોની વીરતાની પણ કેવા ઉદાર હૃદયે કદર કરેલી તેનું નિરૂપણ કરતું કાવ્ય 'શેર-દોરો' શ્રી બ. ક. ઠાકોરે એક અંગ્રેજી બૅલેડ પરથી એ અંકમાં આપેલું.

કાકાસાહેબ કાલેલકરે 'પારકી આંખે' એ મથાળા નીચે ચાર પત્રોના રૂપમાં, અંગ્રેજોને આપણે કેવા દેખાતા હતા, અને તેનો સ્ફોટ એક હિંદીએ કેવી રીતે કર્યો તેનું સરળ સુંદર આલેખન કરેલું. એ આખું આલેખન ઉતારતાં તો બહુ લંબાણ થઇ જાય: પણ એના થોડા ઉતારાથી એનો ખ્યાલ આવશે: સાથે શ્રી રાવળનાં છાયાચિત્રો પણ હતાં:

[અંગ્રેજ બાળકોને એમના પિતાએ હિંદથી લખેલો પત્ર]

વ્હાલાં બાળકો,

અહીં તમારા કાકા સાથે સ્રીઓમાં ફરવાનો મને શોખ છે...

હિંદી છોકરાઓ જલદી પ્રૌઢ થઈ જાય છે. કાચી વયમાં તેઓ કામે ચડે છે; ને આશરે સોળેક વર્ષની ઉમરે તો તેઓ પરણે છે! છોકરી તો એથી યે બેચાર વર્ષ વહેલી પરણે છે! ઘણાખરા છોકરા તો નિશાળે જાય છે; પણ છોકરીઓ કવચિત જ જાય છે. તે બાપડી તો, ચાલતાં શીખી કે ઘરકામ–ઘણે ભાગે ખેતરે જવાનું શરૂ કરે છે. દોલતમંદ પિતા પોતાની દીકરીને ઘરના અંદરના ભાગમાં પૂરી રાખે છે. ઘરનાં માણસો સિવાય બીજું કોઇ તેમના ચહેરા સુદ્ધાં જોઈ શકતું નથી. વળી બહાર નીકળે ત્યારે તેઓ માથાથી પગ સુધી બુરખો ઓઢી લે છે. જે સુંદર સૃષ્ટિમાં તેઓ વસે છે તેને વિશે તેમને ભાન નથી હોતું. તેમના ઓરડાઓ સુંદર હોય છે, તેમની સાડીઓ ભવ્ય હોય છે અને તેમનાં જરજવાહર આકર્ષક તથા મોહક હોય છે; પણ ગમે તેમ તો યે તેઓ આખરે તો કેદી જ ને?

ગઈ કાલે હું તમારા કાકા સાથે એક ગામડી નિશાળે ગયો હતો. ...કેટલાક છોકરાઓએ પોતાની ચોપડી બહુ સારી રીતે વાંચી અને અઘરા અઘરા દાખલાઓ ગણ્યા. તેઓએ 'ગૉડ સેઈવ ધ કિંગ'નું ગીત મને ગાઈ સંભળાવ્યું. એ એમની ભાષામાં રચેલું હતું......

પિતાની આશિષ

[ઇંગ્લંડથી બાળકોએ એમના પિતા પર લખેલા પત્રો]

પ્યારા પિતાશ્રી,

તમારો કાગળ મળ્યો. કાગળ વાંચીને વિલીને થયું કે હિંદુસ્તાની બાળકો કેવાં હોતાં હશે એ એકવાર હિંદુસ્તાન જઇને જોઇ આવીએ. પણ કૅથેરાઇન કહે છે કે હિંદુસ્તાનમાં જબરા જબરા વાઘ હોય છે અને કોકવાર તો ઝેરી સર્પો પણ પથારીમાં આવી ચડે છે! એટલે વિલીનો હિંદુસ્તાન જવાનો ઉત્સાહ મોળો પડ્યો છે. હિંદુસ્તાનના છોકરાઓ વાઘથી બીતા નથી. મને લાગે છે, છોકરીઓ બીતી હશે તેથી જ તેમને ઘર બહાર જવા દેતા નહિ હોય. તમે હિંદુસ્તાનની છોકરીઓને કેમ ન કહો કે તેઓ અહીં આવીને રહે? અહીં તેમને ફરવાહરવાની છૂટ મળશે; અને વાઘ તો અહીં ફક્ત ચોપડીમાં જ જોવાને મળે.

તમારી હમેશની દીકરી

ઓલિવિયા

વ્હાલા બાબા,

ઓલિવિયાએ ગઇ મેલમાં તમને કાગળ લખ્યા પછી આપણા પડોશી રેવરંડ સાઈમનને ત્યાં હિંદુસ્તાનનો એક માણસ આવ્યો હતો, તેને અમે બધા જોવા ગયા. અમે ધાર્યું હતું કે એ એબની જેવો કોઈ કાળો હબસી હશે. પણ તે તો કોઇ ફ્રેન્ચમન કે ઈટૅલિયન જેવો જ દેખાતો હતો! અને અંગ્રેજી બોલે ત્યારે પણ ઇટૅલિયન જેવા પહોળા ઉચ્ચાર કરે. તેને અમે તમારો કાગળ બતાવ્યો. તે કહે છે 'તમે લખ્યું છે એ મોટે ભાગે શહેરો વિષે જ સાચું છે. ગામડાંઓમાં છોકરીઓને છોકરાઓ જેટલી જ છૂટ હોય છે.' મેં તેને હિંદુસ્તાની છોકરી વિષે પૂછ્યું. મેં કહ્યું, તમે કેવા ખરાબ લોકો કે છોકરીઓને ઘરમાં જ પૂરી રાખો છો? મારા સવાલનો જવાબ આપતાં તે માણસ કંઈક મુંઝાયો. એક નિસાસો નાખી એણે કહ્યું, 'તમારા પિતાશ્રીએ લખી છે એ વાત, વાત તરીકે સાચી છે; પણ એનો અર્થ એ નથી કે અમને અમારી દીકરીઓ વહાલી નથી. અમારે ત્યાં છોકરીઓ બહુ નાની હોય ત્યારથી જ તેને તેના પતિને ત્યાં રહેવા જવું પડે છે. વળી પોતાનો પતિ પણ છોકરી પોતે પસંદ નથી કરતી, પણ માબાપો જ પસંદ કરે છે. ખરાબ લોકો પોતાની છોકરી તરફ કે સ્રી તરફ જુએ એ અમારા દેશના મરદો પસંદ કરતા નથી અને તેટલા માટે જ તેમને ઘર બહાર જવા દેવામાં આવતી નથી. હવે એ રિવાજ મોળો પડતો જાય છે અને સ્રીઓને વધુ ને વધુ છૂટ મળતી જાય છે. સ્રીઓને ઘરમાં જ રહેવું પડે એ તેમને માટે કેદ નથી, તેમના ઉપર અણવિશ્વાસ નથી, પણ સ્રીઓને ફૂલની પેઠે સાચવવી જોઇએ એ ખ્યાલથી યોજેલો ખોટો ઉપાય હતો. તુર્કસ્તાન–અરબસ્તાન તરફથી તે હિંદુસ્તાનમાં આવ્યો; પરંતુ તે પણ આખા હિંદુસ્તાનમાં નથી. દક્ષિણ તરફની કાઉન્ટીઓમાં એ રિવાજ છે જ નહિ.' પછી મેં એને 'ગૉડ સેઈવ ધ કિંગ' ગાવાનું કહ્યું. એણે ના પાડી. મેં કહ્યું 'તમને નહિ આવડતું હોય.' એ કહે, 'ના, આવડે તો છે. હું નાનો હતો ત્યારે વિક્ટોરિયા રાણીનું રાજ હતું. એ અમને પસંદ હતું, ત્યારે અમે 'ગૉડ સેઇવ ધ ક્વીન' ગાતા. હવે તમારા રાજ વિષે અમને પ્રેમ રહ્યો નથી.' એ સાંભળી આપણો વિલી લાલચોળ થઈ ગયો અને પૂછ્યું, 'કેમ?' એના જવાબમાં એણે એટલું બધું કહ્યું, કે તે જો સાચું હોય તો, સાચે જ, મને પોતાને અંગ્રેજ ગણાવતાં શરમ જ ઊપજે. તમે જરૂર અમને કાગળ લખી સાચી વિગતથી વાકેફ કરશો. —તમારી આજ્ઞાધારક દીકરી કૅથેરાઇન

પૂજ્ય પિતાશ્રી,

કેટે પોતાનો કાગળ તમને મોકલતાં પહેલાં મને વંચાવ્યો. સાચે જ, તે દિવસે મને થયું કે પેલા હિંદુનું માથું ભાંગી નાખું. રેવરંડ સાઈમન બધી વાત સારીરીતે સાંભળતા હતા. આપણા જુલમની વાતો ચાલતી હતી ત્યારે લાલ થવાને બદલે તેઓ ફિક્કા પડી ગયા. ગઈ કાલે એ હિંદુ મને રસ્તા ઉપર મળ્યો હતો. મેં એને ઊભો રાખી કહ્યું. 'તેં કાલે કહેલી વાત પુરવાર કર, નહિ તો મારી કોમની નાલેશી કર્યા બદલ માફી માગ. તું કાયર નહિ હો તો બેમાંથી એક જરૂર કરીશ.' એ મને ત્યાંથી સીધો બૂકસેલરને ત્યાં લઈ ગયો, અને મને 'અમૃતસર' નામની ચોપડી આપી. તે આપણા એક અંગ્રેજે જ લખેલી છે. મિ. હૉર્નિમન અંગ્રેજ છે અને હિંદુસ્તાનમાં રહી આવેલા છે. રાત્રે એ ચોપડી હું આખી વાંચી ગયો. કેટ પણ વાંચી ગઈ. આવતી કાલે પેલો હિંદુ રેવરંડ સાઈમનને ત્યાં ફરી આવવાનો છે. એણે મને ત્યાં મળવાનું કહ્યું છે. કયું મોઢું લઇને ત્યાં જઇશ એ હું જાણતો નથી. પણ ન જાઉં તો એ મને સામો કાયર નહિ કહે? શું સાચે જ આપણે એવા થઈ ગયા છીએ? મને થાય છે કે હું આઇ. સી. એસ.ને માટે તૈયારી કરું એના કરતાં મિશનરી થઇને હિંદુસ્તાનમાં જાઉં. કાંઈ નહિ તો ત્યાંના લોકોને એટલું તો કહીશ કે અંગ્રેજ કોમ બગડી હશે, પણ ખ્રિસ્તી ધર્મ હજી બગડ્યો નથી. —તમારો ઘવાએલો દીકરો વિલિયમ.

શ્રી રામનારાયણ પાઠકે 'વાત્સ્ય'ની સહીથી, 'રઘુવંશ'માંથી રાજા 'દિલીપના સત્યાગ્રહ'નો એક તેજસ્વી પ્રસંગ આલેખ્યો હતો, જેમાં એ નિઃસંતાન રાજા વસિષ્ઠ ઋષિએ નિર્દેશેલા ઉપચાર અનુસાર પુત્ર-પ્રાપ્તિ માટે એ ઋષિની ગાય નંદિનીની સેવા તથા રક્ષણ કરે છે, તે દરમ્યાન હિમાલયનાં જંગલોમાં ચરતી એ ગાય પર શિવનો ગણ કુંભોદર સિંહ રૂપે આક્રમણ કરે છે અને દિલીપ તેની સામે શરસંધાન કરવા જતાં ફાવતો નથી. તેનું સાચું કારણ જાણી લઈ દિલીપ એ કામધેનુ સુરભિની પુત્રી નંદિનીને બચાવવા, પોતાની જાત સિંહને આપવા તૈયાર થાય છે, એ સમયનો તેજસ્વી સંવાદ શ્રી રવિશંકર રાવળના ત્રિરંગી ચિત્ર સાથે એમાં આપેલો.

કુમારોના વિક્રમ દાખવતી ભેદ અને સાહસભરી જે વાર્તાઓની પહેલ 'કુમારે' કરી, તે પૈકી આ અંકમાંની (કદાચ પ્રથમ) વાર્તા 'બલિદાનની ભૂમિ'ના લેખક (અને 'કુમાર' હસ્તલિખિત હતું ત્યારે તેના એક આદિ તંત્રી) શ્રી ઉપેન્દ્ર ભટ્ટ આજે તો સૌરાષ્ટ્રના વડા એન્જીનિયર છે.

'સામી પર્વતમાળાની પાછળ શું હશે?'

'મૃત્યુ!' ભૂટિયાએ જવાબ દીધો: 'ઘણા એ પર્વતમાળા ઓળંગી ગયા છે, પણ તેમાંથી કોઈ પાછું ફર્યું નથી. બલિદાનની એ ભૂમિમાં જનારને ઝડપી લેવા મૃત્યુ તૈયાર જ બેઠું છે......'

એવા ઉઘાડ સાથે શરુ થતી એ વાર્તામાં, એ ભેદ ઉકેલવા મથતા બે ગભરૂ છોકરાઓના સાહસનું રોમાંચ ખડાં કરતું આલેખન છે.

'પૂછો તંત્રીને' એ મથાળા નીચે, જિજ્ઞાસુઓ તરફથી આવતા પ્રશ્નોના જે ઉત્તરો અપાતા તેનો નમૂનો પણ નોંધવા જેવો છે:

દીવાની જ્યોત ઊંચી કેમ બળે છે? દીવો સળગાવીએ એટલે આસપાસની હવા ગરમ થાય છે, અને તેથી તે હવા પાતળી બની ઊંચે ચઢે છે. આમ ઊંચે ચઢતો હવાનો પ્રવાહ જ્યોતને ઊંચી રાખ્યા કરે છે. પવનનો ઝપાટો આવે તો જ્યોત નીચી નમે.

'બાબુનો પહેલો કાગળ' એ મથાળા નીચે શ્રી શંકર કાલેલકરે, બોર્ડિંગમાંથી એક પુત્રે લખેલા પત્રના રૂપમાં, એનાં ત્યાંનાં પરાક્રમોનું એ જે નિર્દોષ ભાવાંકિત આલેખન કરે છે તે, હાસ્યથી સભર રીતે ઉતાર્યું છે. એવું સાહિત્ય આપણે ત્યાં બહુ જૂજ લખાય છે, એ લાંબા પત્રમાંથી એક વાનગી આપીએ:

'બીજો પણ મોટો અન્યાય મને થયો છે. હું હુન્નર શીખું એવી



તમારી ઈચ્છા હતી. મારા મનમાં આ વાત બહુ દિવસ થયાં ઘોળાતી હતી. બિલાડીઓ ભીંત ઉપર ચાલે છે અને ત્રાસ આપે છે તેનો મેં એક ઉપાય શોધી કાઢ્યો એક દિવસ માસ્તરને નિશાળમાં આવતાં મોડું થયું એટલે મેં મારો એ પ્રયોગ છોકરાઓને સમજાવવાનો નિશ્ચય કર્યો અને પ્રયોગને માટે મેં માસ્તરની ખુરશીમાં બે ટાંકણીઓ ઊભી ખોસી. એટલામાં માસ્તરનો અવાજ આવ્યો અને સૌ ટપોટપ જગ્યાએ બેસી ગયા. પેલી ટાંકણી કાઢવાનો વખત જ ન મળ્યો. માસ્તર હાંફળાફાંફળા આવ્યા એવા ખુરશી ઉપર બેઠા.—બેઠા શેના? તરત જ રાડ પાડતા ઉઠ્યા અને ચિડાઈને મને સારી પેઠે માર્યો. હવે મારી પણ તે જ જગ્યા દુખતી હોવાથી આ કાગળ પણ ઊભો ઊભો જ લખું છું.'

કવિ ત્રિભુવન વ્યાસનાં કાવ્યો તો ચાલુ આવ્યાં જ કરતાં. તે પૈકી આ અંકમાંના કાવ્ય 'કૌમાર'માંના 'કુમાર'ના આલેખનની એક વાનગી:

ઉદિત અરુણની અંદર જેવી ભાસ્કરની જ્યોતિ ચળકે;
આછેરી યૌવનની એવી તન માંહે સુરખી ઝળકે;
કમનીય કાંતિ, હૃદય ઉદાર: વિજયવંત હો ભવ્ય કુમાર.
આશાનો એ અખુટ ખજાનો, અજબ કલ્પનાધનની ખાણ;
જીવનભરની જ્વલંત જ્યોતિ, માનવ-કુલનો રેસ-મ્હેરાણ:
કુસુમાયુધ નવ-ધનુ-ટંકાર: વિજયવંત હો ભવ્ય કુમાર.

કવિશ્રી નાનાલાલની પ્રશસ્તિ સાથે પ્રકટેલી શ્રી પૃથુલાલ શુકલની 'ફુલપાંદડી' 'કુમાર'માં જ પ્રથમ પ્રકટ થએલી. તેમાંની વાનગી:

'મેં જગતમાં કશું યે કર્યું નથી.

જ્યારે તારાથી વેગળો થાઉં છું ત્યારે મારી સર્વ શક્તિઓ અલોપ થઈ જાય છે; અને જ્યારે તું નજીક હોય છે ત્યારે હું તારા સૌંદર્યમાં મુગ્ધ થઈ જાઉં છું.

તું જ કહે કે હું શી રીતે કાંઇ કરું?'

અને, ગાંધીજીએ વિદ્યાર્થીઓને ઉદ્દેશીને એ કાળમાં લખેલાં સંખ્યાબંધ લખાણોમાંથી અવારનવાર ઉતારાતા ફકરાઓ પૈકીનો એક જુઓ:

'વિદ્યાને જે કેવળ આજીવિકાનું સાધન માને છે તેને આજીવિકા પણ મળતી નથી; અને જે વિદ્યાને ખીલવવાની શુદ્ધ બુદ્ધિથી વિદ્યા મેળવે છે તેને આજીવિકા એની મેળે મળી રહે છે વિદ્યાર્થી નીકળે કે તરત તેને ત્રીસનો કે ત્રણસોનો પગાર શરૂ થઈ જાય એવું જે વિદ્યાપીઠ તમને ખત લખી દે તે તો તમને અપંગ બનાવે છે. પછી પુરુષાર્થની શક્તિ તમારામાં નહિ રહે. ખરી વિદ્યાપીઠ તો તમને માત્ર મુસીબત સામે ટકી રહેવાની ને તેમાંથી નીકળી જવાની શક્તિ આપે.'

Our Friends Abroad

[જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ]

આ નીચેના પત્રો 'પત્રમિત્ર'ના નથી પણ પરદેશના તો છે જ
એના લેખક શ્રી હરપ્રસાદ ભટ્ટે એકાદ દાયકો બાલશિક્ષણની સાધના કરી છે અને
પોતાની એ શક્તિઓ માટે, મૅડમ મૉન્ટેસ્સોરી હિંદમાં હતાં ત્યારની એમની પ્રશંસા મેળવી છે. એ ઉપાસનાએ ફલવતી બનીને પરદેશમાં એમને કેવું અગ્રસ્થાન અપાવ્યું છે તેની, તથા ઇંગ્લંડના શૈક્ષણિક અને સામાજિક જીવનની માહિતી આપતા તેમના આ પત્રો રસભર નીવડશે.

મુરબ્બીશ્રી રવિભાઈ,

મૉન્ટેસ્સોરી પરિષદ્‌માં એકવીસ દેશના રાજકીય ને શૈક્ષણિક પ્રતિનિધિઓ હાજર હતા. અનેક ભાષણો થયાં. સૌ ભાષણોનો પ્રધાન સૂર Peace & Education હતો. પદ્ધતિના નિષ્ણાતોમાં મારું ભાષણ 'Observations of a child from six months till six years" ઘણી ઊંચી કક્ષાનું ગણાયું. સર્વ દેશના પ્રતિનિધિઓએ મને ખૂબ જ અભિનંદન આપ્યાં. વળી સમગ્ર પરિષદ્‌ની સમાલોચના કરતાં ડૉ. મૉન્ટેસ્સોરીએ મને બહુમાન આપ્યું. તેમણે સમગ્ર દેશોને ઉદ્દેશીને કહ્યું.'Mr. Bhatt's experience is an exemplary one in the educational world.' મારા અગિયાર વર્ષના કરેલા પ્રયોગનું સાફલ્ય મને મળ્યું. આને પરિણામે મને સ્વિટ્ઝર્લૅન્ડ, ફ્રાન્સ, હૉલૅન્ડ, સ્વીડન અને લંડનથી ભાષણો કરવા માટે નિમંત્રણો મળ્યાં. વળી લંડનની Psychological associationના અધિકારી ડૉ. સ્માર્ટ તરફથી મને આ ભાષણને પુસ્તકમાં વિસ્તૃત કરી આપવા વિનતિ કરવામાં આવી અને પ્રકાશન તેમણે માથે લેવા પણ કહ્યું. આમ યુરોપમાં મારો આખોય કાર્યક્રમ સુંદરરીતે વહ્યે જતો હતો, તેવામાં અત્રેના પ્રતિભાસંપન્ન કેળવણીકારોએ મને બર્મિંગહામ યુનિવર્સિટીમાં Child Psychology અને Educational Psychologyનું દૃષ્ટિબિંદુ વિચારવા સૂચવ્યું. હું તો ગ્રૅજ્યુએટ નહિ તે તો કોઈ જાણે નહિ; બધા જ જાણે કે Ph.D. હશે. સૌએ મારા માટે ભલામણપત્રો આપ્યા. મને વિચાર થયો કે લંડન કેમ ન જાઉં ? આપણી embasseને મળ્યો. તેમણે મને કહ્યું, બર્મિંગહામ Child Psychology માટે વધુ પ્રતિષ્ઠિત છે. પણ આ બધી રૂઢિચુસ્ત યુનિવર્સિટીમાં અમુક સમય પહેલાં અરજી કરવી જ જોઇએ; ગ્રૅજ્યુએટ હોવો જોઇએ. છતાં મારી અરજી સાથે મારું ભાષણ મોકલ્યું. મને interview માટે લંડન અને બર્મિંગહામ બોલાવ્યો. બન્ને જગાએ જે પ્રશ્નોત્તરી થઇ તેમાં selection committeeના penal ઉપર મેં ખૂબ સુંદર અસર કરી. સો ઉમેદવારોમાંથી વીસ જ પસંદ કર્યા. સૌ જુદાજુદા દેશના કેળવણી ખાતા તરફથી મોકલાએલા હતા. બધા પ્રથમ કક્ષાના ને દસદસ વર્ષના અનુભવી શિક્ષકો, ઇન્સ્પેકટરો ને ટ્રેઇનિંગ કૉલેજના લેકચરર હતા. આમાં મને સ્થાન મળતાં મને લાગ્યું કે આ એક સદ્‌ભાગ્યની વાત છે. લંડન અને બર્મિંગહામ બન્ને જગાએ પ્રવેશ મળ્યો. પણ બર્મિંગહામનો કોર્સ ઘણા ઊંચા પ્રકારનો હોવાથી હું અત્રે જોડાયો.

અહીં અભ્યાસ એટલો સખત છે અને એટલા બધા કલાકનું કામ માગે છે કે અભ્યાસેતર કોઇ પણ કામ કરવાનો અવકાશ રહેતો નથી. સવારના આઠથી સાંજના છ સુધી સતત યુનિવર્સિટીમાં કામ રહે છે, અને પછી ઘેર આવી લગભગ પાંચેક કલાકનું કામ રહે છે.

યુરોપ આવ્યો ત્યારે કલ્પના યે ન હતી કે મારે બાર મહિના રહેવું પડશે પણ હવે તો દૃઢ આસન કરી જૂન ૧૯૫૦ સુધી યુરોપમાં જ છું.

લિ. હરભાઈના પ્રણામ

પ્રિય ભાઈશ્રી આચાર્યભાઈ,

હું મૂળ આવ્યો આન્તરરાષ્ટ્રીય મૉન્ટેસ્સોરી પરિષદ્‌માં ભાષણ કરવા. પણ મૉન્ટેસ્સોરી ને અન્ય પદ્ધતિએ ચાલેલી શાળાઓનું અવલોકન કરવા ને એ નાનકડો કાર્યક્રમ વેગળો મૂકી ઘણી મોટી જવાબદારી લઈને અહીં બેસી ગયો. આજે હવે પાંચ મહિના યુરોપમાં ગાળ્યા પછી હું તમને સહર્ષ કહું છું કે જે યાતનાઓ, જે સંયમો અને જે અકથ્ય અનુભવો વેઠવા પડયા છે તેથી તો મને શિક્ષણનો સાચો માર્ગ હાથ લાગ્યો છે. પરમાત્માએ કેવળ કૃપા કરી કે મને રૂઢિચુસ્ત બ્રિટિશ યુનિવર્સિટીમાં અશક્ય એવું સ્થાન અપાવ્યું. અહીં કેવળ ઊડતી સફરથી કે પ્રવાસથી શિક્ષણનું સાચું હાર્દ જાણવા મળે જ નહિ. અહીંની શાળાઓમાં જો પલાંઠી મારીને બેસવાની તક મળે તો જ અહીંના શિક્ષણનો, અહીંના સમાજનો ને અહીંના શિક્ષકો કે માબાપોનો પરિચય થાય...આ દેશના લોકો ઘણા ચતુર છે, દીર્ઘદૃષ્ટિવાળા છે. સાચા democrat છે. આ દેશમાં કૉમ્યુનિસ્ટની સંખ્યા ઘણી હશે, છતાં યે આ દેશમાં કૉમ્યુનિઝમ આવતાં હજી ઘણી વાર લાગશે. તેનાં કારણો નીચે મુજબ: Labourને સંપૂર્ણ સંતોષ આપવા પૂરતો પ્રયત્ન સતત ચાલુ હોય છે. અહીંનો કોઇ પણ માણસ ભૂખ્યો ન રહે, કપડાં વિના કે ઘરબાર વિના ન રહે, તેટલા માટે કોઈ પણ ધંધા માટે—પછી તે બસ કંડકટરનો હોય કે ઘરમાં કામ કરનારી બાઇનો હોય, કે ઝાડુ વાળવાનો કે પોસ્ટમેનનો હોય—તો પણ તેનો સાપ્તાહિક દર (પગાર) ૪ પૌંડ ૧૦ શિ. થી ઓછો હોઈ શકે નહિ. આથી વધારે હોય, પણ આટલો Basic salary તો ખરો જ. અહીંનું જીવન ખર્ચાળ છે, મોંઘવારી પણ છે; છતાં આ પગાર એક વ્યક્તિ માટે પૂરતો છે. જો માણસ એકલો જ હોય તો અને તેને સિગારેટ સિવાય કોઈ વ્યસન ન હોય તો તે આટલી રકમમાં ઘણી જ સંતોષકારકરીતે રહી શકે. એક દાખલો આપું. ધારો કે આવો માણસ કોઇ કુટુંબમાં રહે તો તેણે અઠવાડિક વધુમાં વધુ ૨ પૌંડ ૧૦ શિ. આપવા પડે. તેમાં સવારનો નાસ્તો, સાંજનું ખાણું, રાત્રિનાં ચા ને નાસ્તો, તેમજ રાત્રે રહેવાનું જેમાં તેની પથારી, લાઇટ, બાથ સઘળું આવી ગયું—તથા ઓરડો સમ્પૂર્ણ સજાવેલો Furnish કરેલો મળે. Hall—ઓરડામાં સામાન્યરીતે બે માણસો રહેતા હોય. બપોરનું ભોજન કોઈ પણ હૉટેલમાં કે રેસ્ટોરાંમાં લઈ લે. આ લંચમાં વધુમાં વધુ ૨ શિ.૩ પેન્સનું જ ખાણું મળી શકે; પણ ઘણે ભાગે લોકો ૨ શિલિંગથી વધુ ખરચતા નથી. Working class તો આ ખાણું દોઢ શિલિંગમાં પતાવે છે. વળી શનિ અને રવિવારે તો જે ઘરમાં રહેતા હોય ત્યાં Lunch પણ આપવામાં આવે. આથી વધુમાં વધુ અન્ય ૧૫ શિલિંગ થાય. સિગારેટમાં પૈસા વધારે થાય, પણ તે તો સૌની ઇચ્છા મુજબ છે. રહેવા ખાવાનું ખર્ચ ૨ પૌંડ ૧૦ શિ.+૧૫ = ૩ પૌંડ ૫ શિ. થાય. ગેસ, કપડાં વગેરેનું ખર્ચ અ-

લગ. ડૉક્ટરનું કે દવાનું કાંઇ પણ ખર્ચ આખા રાજ્યમાં નથી. ડૉક્ટ-રોને કેસ પ્રમાણે રાજ્ય પૈસા આપે. વળી દવા માટે કેમિસ્ટની દુકાનો ૨૪ કલાક ઉઘાડી હોય. ડૉક્ટરને ટેલિફોન કરો તો ઘેર આવી જાય. તમે ડૉક્ટરને ગમે તેટલી વખત બોલાવી શકો. દવાખાનાં પણ ઉત્તમ પ્રકારનાં, જ્યાં દરદીને ઘર કરતાં પણ સારી માવજત મળે. ડૉક્ટરને મન પૈસાદાર, મધ્યમ કે ગરીબ સરખા જ, કારણ કે તેને તો દરદી પાસેથી પૈસા લેવાના હોતા જ નથી. આ સગવડથી પ્રજાને ઘણી જ રાહત છે. જોકે આ હજી પ્રાયોગિક દશામાં છે. આમાં જો આ પ્રજા સફળ થશે તો આ પદ્ધતિ ચાલુ રાખશે, પણ જો અગ-વડ જણાશે તો પ્રિસ્ક્રિપ્શન દીઠ ૧ શિલિંગ રાખવા વિચાર કરે છે.

હવે શિક્ષણ સંબંધી: નર્સરી શાળાઓથી માંડી મૅટ્રિક સુધીનું શિક્ષણ તદ્દન મફત. મફતનો અર્થ ફી, ચોપડીઓ ને સ્ટેશનરીનો ખર્ચ નહિ. બધું જ શાળા પૂરું પાડે. પાંચથી ૧૫ વર્ષ સુધી શિક્ષણ ફરજિયાત. ૧૫થી ૧૭માં મફત છે કે નહિ તેની ચોક્કસ માહિતી નથી. વિદ્યાર્થી ૧૭ વર્ષે મૅટ્રિક પાસ થાય છે. પણ અહીંની પદ્ધતિઓમાં ફેર છે.

નર્સરી શાળાઓ બે પ્રકારની છે. 'ડે નર્સરી' અને 'નર્સરી'. જે બાળકોનાં માબાપ કામ ઉપર જતાં હોય તે બાળકોને મા-બાપ સવારના સાત વાગ્યે આવી શાળાઓમાં મૂકી જાય અને સાંજે સાત વાગ્યે લઈ જાય. પણ આવી શાળાઓમાં શિક્ષિકા બાળક-ને મા કરતાં પણ અધિક વહાલથી સાચવે. નર્સરી શાળાઓમાં બાળકો સામાન્યતઃ બેથી પાંચ વર્ષ પર્યંત રહે. પછી ૫ થી ૭ ઇન્ફન્ટ શાળાઓમાં ને ૭ થી ૧૧ જુનિયર કે પ્રાયમરી શાળાઓમાં ને ૧૧+ (પૂરાં થતાં) બાળકો હાઇસ્કૂલમાં જાય. અગિયાર વર્ષ સુધી બાળકને પરીક્ષાનો કોઇ પણ પ્રકારનો બોજો નહિ. આ વર્ષો દરમિયાન તેમને દરેક વર્ષે બુદ્ધિમાપની કેટલીક કસોટીઓથી (બાળક ન જાણે તેવી રીતે) ચકાસવામાં આવે. પણ આ કસોટીમાં નાપાસ થાય તોપણ બાળકને એક વર્ષ પાછળ મૂકવામાં ન આવે. અહીંના સર્વ કેળવણીકારો માને છે કે બાળકને એક જ ધોરણમાં બે વર્ષ રાખવાથી કે ઉતારી પાડવાથી તેને માનસિક ધક્કો ઘણો પહોંચે છે, જે કદી ભરપાઈ કરી શકાતો નથી. ૧૧+ આ ઉમરે સહશિક્ષણ બંધ થાય છે, કારણકે અહીં સૌ માને છે કે ૧૨ વર્ષની ઉમરે બંને જાતિ(sex)ના પ્રશ્નો જુદા પ્રકારના હોય છે. આથી ૧૨ થી ૧૭ છોકરા-છોકરીની નિશાળો જુદી; કૉલેજમાં પાછું સહશિક્ષણ.

હાઇસ્કૂલના ત્રણ પ્રકાર કરવામાં આવ્યા છે. ગ્રામર સ્કૂલ, સેકંડરી મૉડર્ન અને ટેકનિકલ સ્કૂલ ૧૧+(૧૧ પૂરાં થતાં) વિદ્યાર્થીને માત્ર ગણિત અને ભાષાનો જ test આપવામાં આવે. ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન વગેરેનો નહિ. જોકે આ કસોટીમાં સામાન્ય જ્ઞાન-ની પરીક્ષા તો હોય જ; પણ તે ભાષાની test તરીકે, સામાન્ય જ્ઞાન તરીકે પણ નહિ. ગણિત અને ભાષાની કસોટી ઉપરથી વિદ્યાર્થી કયા પ્રકારની શાળામાં કયાં જવા લાયક છે તે નક્કી થાય. આમાં ગ્રામર સ્કૂલમાં જવા માટે ઘણી ઊંચી કક્ષા જોઇએ. કારણકે ત્યાંના વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં બેસવાના. આથી આમાં માત્ર વીસ જ ટકા વિદ્યાર્થી લેવાય. અન્ય વિદ્યાર્થીઓ સેકંડરી મૉડર્ન અને ટેકનિકલ શાળાઓમાં જાય, જ્યાં તેમને શિક્ષણ તો ઊંચા પ્રકારનું જ મળે, પણ પરીક્ષાનો બોજો ન હોય. આથી વિદ્યાર્થી તેની રુચિ અનુસાર વિષયો પસંદ કરે અને પ્રગતિ સાધે. ગ્રામર સ્કૂલના વિદ્યાર્થીઓ મૅટ્રિક પાસ થયા પછી કૉલેજોમાં જાય. આ વિદ્યાર્થીઓ જ શિક્ષણના ધંધા-ને લાયક ગણાય. અહીં પ્રાથમિક શિક્ષણને, માધ્યમિક કે યુનિવર્સિટી શિક્ષણ જેટલું જ મહત્ત્વ આપવામાં આવે છે.

અહીં કોઇ પણ ધંધો કરતાં પહેલાં તેને લગતી કૉલેજમાં તાલીમ લઇ સર્ટિફિકેટ મેળવવું જોઈએ. સેકંડરી શાળાઓ આવા ધંધાની તાલીમને ઘણો અવકાશ આપે છે. વેઇટરો પણ તાલીમ લે. અને આ તાલીમનાં પરિણામ મેં જાતે અહીં જોયાં છે. આવા લોકોની કાર્ય-ક્ષમતા ઘણી હોય છે. વળી અહીં પરીક્ષાનું તત્ત્વ નાનપણથી તદ્દન નાબૂદ થયેલું હોવાથી કોઈ પણ જુવાનમાં અત્યન્ત આત્મવિશ્વાસ આવેલો હોય છે. વિદ્યાર્થીની તંદુરસ્તી પણ એટલી જ સારી રહે છે. ગ્રામર સ્કૂલમાં પરીક્ષાને ઘણું સ્થાન છે પણ ત્યાં જનારા વિદ્યાર્થીઓની કક્ષા સામાન્યતઃ ઊંચી હોય છે, તેથી ઘણે ભાગે આવી શાળાઓમાં ગએલા વિદ્યાર્થીને સ્વલ્પતાનુભવ પામવાનો અવકાશ રહેતો નથી, કારણકે તેની પસંદગી તેના ગુણ ઉપર જ કરવામાં આવી હોય છે.

શાળાઓનો સમય સવારના ૯ થી ૧૨ અને બપોરના બેથી સાડા ચાર સુધીનો સામાન્યતઃ હોય છે. શાળામાં જમવાની વ્ય-વસ્થા હોય છે. આથી વિદ્યાર્થીઓને કે શિક્ષકોને ઘેર જવાની જરૂર પડતી નથી. છતાં આ ફરજિયાત નથી. શાળામાં અપાતા ભોજન માટે પણ ખૂબ જ તકેદારી સાચવવામાં આવે છે. ખૂબ જ પૌષ્ટિક ખોરાક. આ બદલ અઠવાડિયાના દોઢથી બે શિલિંગ લેવામાં આવે. જો વિદ્યાર્થી ગરીબ હોય તો તેને મફત; અને તે કોઈ પણ પ્રકારના ભેદ સિવાય. સવારે સાડા દસે અને સાંજે સાડા ત્રણે દરેક વિદ્યાર્થી-ને શાળા તરફથી અર્ધો અર્ધો રતલ મફત દૂધ મળે.

શાળામાં વિદ્યાર્થી અભ્યાસમાં પછાત પડતો જણાય તો તેને સઘળી રીતે મદદ કરવાના ઉપાય યોજાય. વિદ્યાર્થીનાં પછાત પડ-વાનાં કારણો શોધાય, અભ્યાસની જ કેવળ મુશ્કેલી હોય તો તેને માટેના ખાસ વર્ગોમાં મોકલવાની સગવડ થાય. વળી વિદ્યાર્થી શામાં કાચો છે કે શાથી પછાત છે તે જાણવા થોડીક વિધિ હોય છે તે ખરેખર જાણવા જેવી છે. વિદ્યાર્થી પછાત જણાય એટલે વર્ગ-શિક્ષક તેના વિષે હેડમાસ્તરને રિપોર્ટ આપે. હેડમાસ્તર તપાસ કરી આ વિષે ડૉક્ટરને સમાચાર આપે. ડૉક્ટર તપાસ કરી Psychologistને મોકલી આપે, અને સાથે સાથે Psychiatrists social worker બાળકની સામાજિક પરિસ્થિતિનું અવલોકન કરવા માંડે તથા તેનાં માબાપ સાથે મુલાકાત યોજે. આ સઘળી વિધિ થયા પછી બાળકને માટે યોગ્ય ઉપાયો લેવામાં આવે. આ દેશમાં બાળકને કોઇ પણ પ્રકારે સહન કરવું પડતું નથી. ઉપર જણાવેલી સામાન્ય શાળાઓ ઉપરાંત મૂઢ બાળકો માટે, અનાથ બાળકો માટે, મંદ બુદ્ધિના બાળકો માટે તેમજ બહેરાં મૂંગાં કે અંધ બાળકો માટે પણ ઘણી જ સારી શાળાઓ છે. અહીં માનવધનની છેક નાનપણથી જ કાળજીપૂર્વક સંભાળ લેવામાં આવે છે.

જ્યાં પ્રજાને કેળવણીની અને બાળઉછેરની ઉપાધિ નથી ત્યાં પ્રજા સંતુષ્ટ જ રહે તે સ્વાભાવિક છે. આથી પણ કૉમ્યુનિઝમનો ડર અહીં ઓછો છે. કૉમ્યુનિઝમ ક્યારે આવે કે જ્યારે પ્રજા ગૂંગળાઈ જાય, તેને જીવવાનો પણ કોઈ ઉપાય ન સૂઝે ત્યારે, આથી આ લોકોએ પ્રજાના એકેએક પ્રશ્નોનો ઘણી ઝીણવટથી ઉકેલ આણવા માંડ્યો છે.

હવે શિક્ષકો વિષે. અહીં જોકે હજી શિક્ષકોને પૂરતો સંતોષ નથી, છતાં તેમને સંતુષ્ટ રાખવા ખૂબ જ પ્રયત્ન ચાલે છે. અહીં શિક્ષકોમાં પગારની પરસ્પર સ્પર્ધા બંધ કરતા ઉપાય યોજ્યા છે, જેથી શિક્ષકો જે ક્ષેત્રમાં હોય તે ક્ષેત્રમાં કામ સંતોષકારક રીતે કરે જ. પ્રાથમિક શાળાનો શિક્ષક હોય કે હાઈસ્કૂલનો, તેને વાર્ષિક ઓછામાં ઓછા ૩૦૦ પૌંડ પગાર મળે, અને તે ક્રમશઃ ૫૦૦થી ૫૫૦ પૌંડ સુધી પહોંચે જ. વળી જે હેડ માસ્તર હોય તેનો પણ પગાર તો

૫૫૦ પૌંડ જ; પણ તેને વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે ઍલાવન્સ આપવામાં આવે. આવાં ઍલાવન્સ લગભગ બસોથી માંડી ચારસો પૌંડનાં વધારેમાં વધારે હોય છે. પણ આમાં તેની જવાબદારી અને તેનાં કામ ઘણાં ભારે હોય છે. લગભગ કોઇ પણ વ્યક્તિ મૅટ્રિક પાસ થયા પછી બે વર્ષની ટ્રેઈનિંગ લીધા વિના શિક્ષક થઈ શકે જ નહિ. વળી શિક્ષણનો ઈતિહાસ અને માનસશાસ્ત્ર તેના આવશ્યક અભ્યાસક્રમ ગણાય છે. શિક્ષણને માટે અહીં ત્રણ મહિનાના કે એવા ટૂંકા અભ્યાસક્રમો કદી હોતા નથી. શિક્ષણને અહીં ખૂબ જ પવિત્ર અને જવાબદારીભર્યો ધંધો માનવામાં આવે છે. શિક્ષકોએ પણ પોતાની પ્રામાણિકતા સિદ્ધ કરી બતાવી છે.

મેં અહીંના પ્રાથમિક શિક્ષકોનાં અને પ્રોફેસરોનાં તેમજ શાળાઓના નોકરોનાં ગૃહજીવન જોયાં છે. અમારી યુનિવર્સિટીના એક વિભાગના નોકરને ત્યાં હું ચાર પાંચ વાર ગએલો. તેનું જીવન આપણે ત્યાંના ચારસોથી પાંચસો રૂપિયાનો પગારદાર પણ ન ગાળતો હોય તેવું સગવડવાળું અને વ્યવસ્થિત જોયું. જો કે આ વાત મને મહત્વની નથી લાગતી. પણ તેનો રાજકીય ક્ષેત્રનો અને દૈનિક સમાચારોનો અભ્યાસ જોઈ હું ઘણો જ તાજ્જૂબ થઈ ગયો. તે હમેશ સવાર-સાંજ બે છાપાંઓ પોતાના ખર્ચે મંગાવે છે, તેનો સારી રીતે અભ્યાસ કરે છે. મેં પૂછ્યું ભાઈ અહીં રાજકીય પક્ષો કેટલા છે અને તેમનો મને કાંઈ ખ્યાલ આપી શકશો ? તેણે Liberals, Conservatives અને Labouriteનો મને એટલો સુંદર પરિચય આપ્યો કે હું તેના ઉપર મુગ્ધ થઈ ગયો. મેં પૂછ્યું કયો પક્ષ ચૂંટણીમાં જીતશે. તો કહે કે હું તો Labourite છું અને એ પક્ષ જ જીતે તેમ ઈચ્છું. છતાં યે લિબરલ બન્ને પક્ષોને balance કરે છે. તેથી લિબરલો ઉપર ઘણો આધાર રાખે છે. છતાં યે એટલું ચોક્કસ છે કે અમારી પ્રજાનું માનસ વિચિત્ર છે. મજૂર પક્ષ જ જીતશે, કારણ કે લડાઇ પહેલાં પગારના દર ૨ પૌ. ૧૪ શિ. હતા તેને બદલે હવે તો ઓછામાં ઓછા ૪ પૌ. ૧૦ શિ. અઠવાડિક મળે છે. અને હજી પણ એ પક્ષ ઘણી સગવડ આપશે. આટલી રાહત છે, છતાં જો એક જ અઘટિત બનાવ મજૂર નેતાઓને હાથે બને તો મજૂરો છેલ્લી ઘડીએ રૂઢિચુસ્તોને પણ મત આપે. મજૂર પક્ષના સંતોષથી અહીંયાં ઉત્પાદન ઘણું જ વધ્યું છે. દેશમાં પરચેઈઝ ટેક્સ ભયંકર છે પણ નિકાસની ઘણી જ સગવડો છે. જેમ બને તેમ માલ નિકાસ કરવાનું સૌનું ધ્યેય છે. આ ભાઇનો રસ જીવનચરિત્રો વાંચવાનો ઘણો. વળી માનસશાસ્ત્રનાં ભાષણો થતાં હોય કે Intelligence Tests ચાલતા હોય તો તે વખતે એ અનુભવ લેવા બેસી જાય. આ છે અહીંના એક તદ્દન સામાન્ય મજૂરવર્ગના માણસનાં શૉખ, માનસ અને જ્ઞાન. આ પટાવાળા વિષે જેટલું લખું તેટલું ઓછું છે. આ પટાવાળો માત્ર ૧૪ વર્ષની ઉમર સુધી ફરજિયાત શિક્ષણ પામેલો છે, પણ આજે તે વિજળીનું કામ જાતે શીખ્યો છે, અને સાહિત્યનાં સારાં પુસ્તકો કે માનસશાસ્ત્રને લગતાં ભાષણો સમજી શકે છે, તેમ કહું તો વધારે પડતું નથી.

અહીંની પ્રજાની શિસ્ત ઘણી કડક છે. કોઇ પણ મોટી દુકાનમાં જાઓ, ગમે તે વસ્તુ લ્યો, પછી દુકાનદાર જૂએ કે ન જૂએ, પણ કોઈ પણ વ્યક્તિ કશી જ વસ્તુ ખાનગી ઉઠાવવાની કલ્પના પણ ન લાવે. સિપાઇઓ પણ ઘણા નમ્ર, રસ્તાઓની પૂરતી સમજવાળા અને ગુનો થયો હોય તે જગાએ માનસશાસ્ત્રીની દૃષ્ટિથી ગુનાની તપાસ કરે. ગમે તેવા ગુનેગારને પણ મારઝૂડનો ભય જ નહિ. રૅશન થએલી વસ્તુઓ હોય તે કાળાં બજારથી લાવવા ભાગ્યે જ પ્રયત્ન થાય. પણ આ બધી શિસ્ત શાથી ? ખરેખર, સાચા શિક્ષણથી બાળકો ઉપર જ પ્રજાની સંસ્કૃતિ અને હસ્તિનો આધાર છે તે આ પ્રજા સારી રીતે સમજે છે. નાનપણથી જ બાળકો ગૌરવવાળાં બને તેવા સર્વ ઉપાયો યોજાય છે.

લિ. હરપ્રસાદનાં વંદન

હિંદી પત્રમિત્રો

(442) Thakorbhai G. Patel, 10, Ganpat Bhuvan, Bombay-7–23, Music, Stamps, Coins; (443) Soni Kantilal Jayantilal, C/o Soni Gangadas Ratilal, Gol Bazar, Bhavnagar (Saurashtra)—19, Stamps, Reading, Politics; (444) Priyavadan R. Shah, C/o Ratilal Mohanlal Shah, Masjid Pole, Kadi (N. G.)—18, Stamps, Coins; (445) Chandu, C/o Shobha Engineers, 65, Siyagunj, Main Road, Indor (Madhya Bharat)—19, Stamps; (446) Jagdishkumar R. Desai, Kinariwalla Building, Raikhad, Ahmedabad—15, Stamps, Photography, Music; (447) Rajnikant, C/o Dr. Vardhmanbhai Gulabchand, Brahm Pole, Sanand (Ahmedabad)—18, Singing, Danceing, Photography, Stamps, Sports; (448) Kishorkumar Savailal Shah, 1290, Talia's Pole, Sarangpur, Ahmedabad—19, Corrospondence; (449) Chhibabhai P. Patel, Avda Falia, Matwad, Via Jalalpur, (Surat)—21, Stamps; (450) Ganeshchandra C. Patel, C/o Dayalbai Patel, Vansikra Falia, Matwad, Via Jalapur, (Surat)—18, Stamps; (451) Mahendrakumar Kantilal Shah, C/o B. D. Gandhi, Bazar Gate St., Fort, Bombay-1—17, Cricket, Music, Photography; (452) Shantilal N. Parekh, Jain Balashram, Palitana, (Saurashtra)—20, Stamps, Swimming; (453) Sanatkumar Jorsinh Kavi, Kavi-Niketan, Palitana (Saurashtra)—18, Stamps, Coins, Literature, Photography; (454) Mehta Dhimant, C/o Pramodaray H. Mehta, Engineer, Mankada Pole, Nadiad (Dt. Kaira)—18, Reading, History; (455) Chinu A. Shah, Chodhari Nivas, Sabarmati, Ahmedabad-5—20, Gandhism, Literature, Stamps; (456) Jayantilal Prabhashanker Tolia, Bania St., Vankaner (Saurashtra)—16, Science, Stamps, View-cards; (427) Gajanan Shankar Ghode, Nandarbarkar's wada, Dandiya Bazar, Baroda—18, Astrology, Culture, Stamps, Reading; (458) Chandrakant Shankar Ghode, Nandurbarkar's wada, Dandiya Bazar, Baroda—16, Stamps, Reading; (459) Shantilal Kalyanjibhai, Karansinhji Square, Chhaliapura, Limdi, (Saurashtra)—21, Stamps, Singing; (460) Vaidya Dinkerrai B., Divanpara Rd., Ramchandra Aus., Bhavnagar (Saurashtra)—20, English literature, Chemistry; (461) Dineshchandra L. Shah, Girdhar Gokal's Building, Tower Rd., Mangrol (Saurashtra)—17, Music, Painting, Reading, Touring; (462) Kumudchandra Jeshingbhai Vora, C/o Jeshingbhai Kalidas Vora, Pada Pole, Gandhi Rd., Ahmedabad-17, Stamps. (ચાલુ)

ટિકિટસંગ્રહ આજનો સંસારવ્યાપી શૉખ

એ કેમ કેળવવો તેની તથા બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ





ડાબી બાજુ: દુનિયાની સૌપહેલી ટિકિટ જે 'પેની-બ્લૅક' નામે ઓળખાતી. જમણી બાજુ: ઓછામાં ઓછા દરની ટપાલ-ટિકિટ 'પેની-પોસ્ટ'નો પ્રસ્તાવ કરનાર ને પહેલી ટિકિટનો સર્જક રાઉલૅન્ડ હિલ.

ટિકિટસંગ્રહ વિષે વધુ જાણતાં પહેલાં ટિકિટો ને તેના સંગ્રહના શૉખની ઉત્પત્તિ વિષે માહિતી મેળવવી જરૂરી છે.

સંદેશા અને સમાચારો મોકલવાની જરૂર તો માણસજાતને પોતાની સંસ્કૃતિની શરૂઆતથી જ પડી છે અને તેણે તે માટે અનુરૂપ પદ્ધતિ યોજ્યા કરી છે. ઇતિહાસ પરથી પણ આજની ઢબની ટપાલ-પદ્ધતિ ક્યારથી દાખલ થઇ તેની નિશ્ચિત માહિતી આજ સુધીમાં તો એટલી મળે છે કે ઇ.સ.પૂર્વે ૫૩૬માં ઈરાનના રાજા સાયરસે તે દાખલ કરેલી. રોમન સામ્રાજ્યમાં પણ એ પદ્ધતિ ઘણી પ્રચલિત હતી; અને માર્કોપોલોએ ૧૩મી સદીમાં કરેલા પ્રવાસના વર્ણનમાં તે ચીનની ટપાલપ્રથા બેનમૂન હોવાનું જણાવે છે.

પણ દુનિયાના ઇતિહાસમાં સૌથી પ્રથમ ટિકિટ તો ઈ. ૧૮૪૦માં ઇંગ્લંડે જ બહાર પાડી. તે અગાઉ ત્યાં ટપાલની વ્યવસ્થા તો લગભગ ૩૦૦ વર્ષ પહેલાંથી—ઇ. ૧૫૩૦થી પ્રચલિત હતી જ; પણ તે ફક્ત સરકારી કાગળપત્રો પૂરતી જ. જનસમાજને માટે તો તે ઇ. ૧૬૩૫થી શરૂ થઈ. તે અગાઉ ઇ. ૧૬૦૯માં પાર્લમેન્ટે કાયદો કરીને ટપાલ-વ્યવહાર રાજ્યને હસ્તક લઇ લીધો હતો અને તેની વ્યવસ્થા હરરાજીમાં ઇજારો આપીને ચલાવવામાં આવતી. આ રીતે ઇ. ૧૬૬૦માં તો હેન્રી બિશપ નામના એક માણસે પોસ્ટમાસ્તર જનરલ બનવાનો ઇજારો ૨૧,૫૦૦ પૌંડ આપીને રાખેલો! એ માણસ ખાસ નોંધપાત્ર તો એ માટે છે કે પોતાના હાથમાંથી ટપાલમાં પસાર થતા દરેક પત્ર પર તારીખની પોસ્ટમાર્ક મારવાનું તેણે શરૂ કર્યું. એ વખતે વ્યવસ્થા એવી હતી કે દરેક મુખ્ય ગામમાં એક 'લેટર-ઑફિસ' રહેતી અને સૌ પોતાના કાગળો ત્યાં આપી આવતા. ત્યાંથી ઘોડેસવાર 'પોસ્ટબૉય્ઝ' ગામપરગામ પત્રો પહોંચાડતા. પણ સામાન્ય ગામ તથા નાનાં ગામડાં સુધી આ વ્યવસ્થા પહોંચેલી નહિ, તેથી ત્યાં ખાનગી વ્યક્તિઓ એ ટપ્પાના બધા પત્રો ભેગા કરી નજીકની લેટરઑફિસે પહોંચાડવાનો ધંધો કરી ખાતા. એમાં એક વિલિયમ ડૉક્રા કરીને માણસ ૧૬૮૦માં થઇ ગયો. તેણે તો પોતાની એ હલકારા-પ્રથા એટલી સંપૂર્ણતાએ પહોંચાડી કે તેનાં એવાં ૪૦૦ થાણાં ચાલતાં, જે દિવસમાં દસ વખત કાગળો ઉઘરાવતાં. અને તે માટે માત્ર એક પેનીનું મહેનતાણું તે લેતો. આમ, પાછળથી ટિકિટ શોધાયે જે પેની-પોસ્ટ શરુ થઈ તેનો મૂળ યોજક એ હતો. વળી એ દરેક પેની માટે તે પોતાની ત્રણખૂણિયા પોસ્ટમાર્ક પણ મારતો. એ પોસ્ટમાર્ક આજે ટિકિટસંગ્રાહકોમાં બહુ મૂલ્યવાન ગણાય છે.

પણ એનો આ ધીકતો ધંધો બહુ ન ચાલ્યો. કેમકે એ અરસામાં ચાર્લ્સ બીજાએ ટપાલ ખાતાનો બધો નફો ડ્યૂક ઑવ યૉર્કને મળે એમ ઠરાવ્યું હતું. ને તેનો ધંધો ફાલતો જોઈ ડ્યૂક ઑવ યૉર્કે તેની સામે પોતાની આવકને હાનિ પહોંચાડવા માટે દાવો માંડ્યો, જેમાં ડૉક્રા હાર્યો. પણ પછી ડ્યૂકના માણસો એટલી કાર્યક્ષમ વ્યવસ્થા જાળવી ન શક્યા અને પોસ્ટના દરમાં ઉત્તરોત્તર વધારો થતો ગયો, તેમ બીજી પણ અનેક વિચિત્રતાઓ પેઠી. જેમાં એક તો એવી હતી કે ટપાલના દર, માઈલની સંખ્યા ઉપર ગણાતા! રાણી વિક્ટોરિયા ગાદીએ આવી તે સમય સુધી આ સ્થિતિ પ્રચલિત હતી.

પણ ઇ. ૧૮૩૫માં રાઉલૅન્ડ હિલ નામના એક શાળા-શિક્ષકે આ બધા સામે જબ્બર ઝુંબેશ ઉપાડી અને માગણી કરી કે આખા યુનાઇટેડ કિંગડમમાં માત્ર એક પેનીના દરથી ॰॥ ઔંસ વજનની અંદરનો ગમે તેવડો પત્ર જઇ શકે એ રીતે ટપાલના દર નક્કી થવા જોઇએ. (અગાઉ ૨૦૦ વરસ ઉપર જૉન હિલ નામના માણસે પણ આવી જ માગણી કરતી એક પત્રિકા બહાર પાડેલી.) વળી, આજ સુધી પ્રથા એવી હતી કે ટપાલી કાગળ આપવા આવે ત્યારે તેનું પોસ્ટેજ ઉઘરાવતો. હિલે સૂચવ્યું કે પોસ્ટેજ અગાઉથી લઇને તેના બદલામાં છાપ મારેલાં પરબીડિયાં આપવાં અથવા તો ॥ ઇંચ સમચોરસની એક 'ટિકડી' પત્ર પર ચોડવા માટે આપવી. એ 'ટિકડી'ની દરખાસ્ત તે આજની ટિકિટ. તેની મુખ્ય દલીલ એ હતી કે પોસ્ટેજનો દર જેમ ઓછો હશે તેમ વધારે લોકો તેનો લાભ લેશે અને રાજ્યની આવક ઉલટી તેથી વધશે. પહેલાં તો એનું કોઇએ સાંભળ્યું નહિ અને સૌએ તેને હસી કે ધુત્કારી કાઢ્યો પણ ચાર વરસની સતત ઝુંબેશને અંતે, ૧૮૩૯ની ૧૭મી ઑગસ્ટે, આખા દેશમાં એકસરખું પોસ્ટેજ રાખવાનો કાયદો પાર્લમેન્ટે પસાર કર્યો અને ૧૮૪૦ની ૧૦મી જાન્યુઆરીથી એક પેની પોસ્ટેજ અમલમાં લાવવાનું ઠર્યું. દેશ આખો આથી રાજીરાજી થઈ ગયો.

૧૦મી જાન્યુઆરી તો આવી, પણ હજી ટિકિટો તૈયાર નહતી. એ ટિકિટો કેમ બનાવવી ને છાપવી તેની મૂંઝવણમાં સત્તાવાળાઓ પડ્યા હતા. ઉત્તમ ડિઝાઈનો માટે ઇનામો કાઢવામાં આવેલાં, જેમાં બે હજાર હરીફોએ ભાગ લીધો; છતાં કોઇ સંતોષ ન આપી શક્યું. રાઉલૅન્ડ હિલે પણ એમાં હરીફાઈ કરેલી. તેણે પોતાની કલ્પનાનો કાચો આલેખ દોરીને હેન્રી કૉર્બોલ્ડ નામના કલાકારને આપ્યો. કૉર્બોલ્ડ જાણતો હતો કે વ્યૉન નામના એક કલાકારે પાડેલા ચન્દ્રક ઉપરની પોતાની તસ્વીર રાણીને બહુ ગમી છે. તેણે એ જ તસ્વીર ટિકિટ ઉપર ઉતારી, અને તે મંજૂર થઈ ને છપાઈ. ઇ.૧૮૪૦ની છઠ્ઠી મેએ ૧ પેનીની 'પેની બ્લૅક' (કાળી શાહીથી છાપેલી) અને બે પેનીની 'ટુપેની-બ્લુ' (આસમાની શાહીથી છાપેલી) ટિકિટો પહેલવહેલી બહાર પડી. તે આજની આદ્ય માતાઓ.

તે વખતે ટિકિટો રદ કરવા માટે લાલ પોસ્ટમાર્ક વપરાતી; પણ તેને સહેલાઈથી કાઢી શકાતી હોવાથી કાળી પોસ્ટમાર્ક દાખલ કરી પેની-બ્લૅકનો કાળો રંગ બદલાવામાં આવ્યો.

શરૂઆતમાં નીકળેલી એ ટિકિટોને 'પરફોરેશન' (એકબીજીથી છૂટી પાડવા માટેનાં કાણાં) ન હતાં. એ પ્રકારનો સંચો (પરફોરેટિંગ મશીન) તો ઇ.૧૮૪૭માં હેન્રી આર્ચર નામના માણસે શોધ્યો અને તે પછી યે ઠેઠ સાત વર્ષે—૧૮૫૪ની ૨૮મી જાન્યુઆરીએ પહેલવહેલી પરફોરેટ કરેલી ટિકિટો બહાર પડેલી તે પહેલાં પોસ્ટઑફિસો કાતરથી કાતરીને ટિકિટો આપતી. (ચાલુ)



માધુકરી

અતિફૂલતાને ખબર છે ન તને પ્રતિકૂલતા
તુજ શું રોજ ઘસાય સુતીક્ષ્ણ થે
પ્રખર આ પુરુષાર્થનું શસ્ત્ર તો
ક્ષીણ તને જ અશેષ વિદારશે.—જયન્ત પાઠક

રેડ ક્રૉસ સોસાએટી

કાંઇ પણ બદલાની આશા સેવ્યા સિવાય કેવળ નિઃસ્વાર્થ સેવાભાવે જ માનવ સમસ્તની સેવા કરતી આ સંસ્થાને હજી યે બહુ ઓછા જ તેના ખરેખરા સ્વરૂપમાં ઓળખે છે, એટલું જ નહિ, પણ ફલટી કેટલીક ગેરસમજ પણ તેને વિષે પ્રવર્તે છે. તેની ક્રૉસની સંજ્ઞા જોઈ કોઈ તેને ખ્રિસ્તી ધર્મની જ એકાદ પ્રવૃત્તિ સમજી લે છે; કોઈ વળી તે ક્રૉસના લાલ રંગને લોહીના પ્રતીક રૂપ ઘટાવી લડાઈના મેદાન પર જ કામ કરતી કોઈ લશ્કરી પ્રવૃત્તિ માની લે છે; જ્યારે કેટલાક તો તેને બ્રિટિશ રાજ્યની હિંદ પર સત્તા બેસાડવાની ચાલોમાંની જ એક ચાલ, તેઓના અહીંથી ગયા છતાં વારસા રૂપે રહી ગઇ છે એમ જ સમજે છે.

અલબત્ત, તેનો ઉદ્‌ભવ લડાઈના મેદાનમાંથી થયો છે. પણ તે કેવળ લડાઈ વેળા જ ચાલતી પ્રવૃત્તિ નથી. આજે તો તેની સેવાનાં પુષ્પો સમસ્ત સંસારમાં ફોરી રહ્યાં છે.

ઈ. સ. ૧૮૫૯ના ઇટાલિયન વિગ્રહ વખતે સ્વિટ્ઝરલૅન્ડના એક છાપાનો ખબરપત્રી હેન્રી ડયુનાન્ટ લડાઇના મેદાન સૉલ્ફેરિનોની મુલાકાતે ગએલો. પણ તે આજના ખબરપત્રીઓ જેવો ખડતલ નહિ, એટલે ત્યાં નાહક વેડફાતી જિંદગીની બેશુમાર સંખ્યા જોઈ તે તો ડઘાઈ જ ગયો. તેણે જોયું કે લડાઇમાં જેટલા સૈનિકો જીવલેણ ઘાથી નહોતા મરતા તેના કરતાં મોટા ભાગના તો ઘાયલ થઇને દવા તથા જરૂરી પ્રાથમિક સારવારને અભાવે જ મરણ પામતા હતા. તેના હૃદય પર આની એટલી ઊંડી ચોટ લાગી કે તેણે વતનમાં પાછા જઇને તરત આ ભયંકર ખાનાખરાબીની કરુણ કથા કહી સંભળાવી અને ઘાયલ સૈનિકોની સારવાર અર્થે કંઈ પણ પ્રવૃત્તિ હાથ ધરાવી જોઇએ એવા વિચારો દર્શાવતી એક પુસ્તિકા બહાર પાડી, જેનો પડઘો આખા દેશે પાડ્યો. તેણે સ્વયંસેવકોનો એક નાનકડો સંઘ યોજી તેમને સારવારની તાલીમ આપી અને પોતાની સાથે તેમને લડાઈના મેદાન પર લઈ જઈ ઘણી જિંદગી બચાવી પોતાના વિચારોનો સચોટ અને પ્રત્યક્ષ દાખલો બેસાર્યો. સ્વિટ્ઝર્લૅન્ડ તટસ્થ દેશ હોવાને દાવે બને પક્ષે સહાય કરવાનો તેનો ધર્મ બન્યો. લડાઈના મેદાન પર ગેરસમજથી પોતે ભોગ ન થઈ પડે અને સ્વિસ તરીકે ઓળખાઈ આવે એટલા માટે તેઓ પોતાને બાવડે સ્વિટ્ઝરલૅન્ડનું રાજચિહ્ન—લાલ ભોંય પર સફેદ ચોકડીવાળો પટ્ટો બાંધતા. આથી તેઓ જુદા જ તરી આવતા અને સરળતાથી પોતાનું કાર્ય કરી શકતા.

હેન્રી ડયુનાન્ટ અને તેના બહાદુર સાથીઓના આ નિષ્પક્ષ સેવાકાર્યે જગતને પ્રતીતિ કરાવી આપી કે લડાઈના મેદાન પર વખતસરની સારવાર પહોંચાડવાથી કેટલું ઉમદા પરિણામ લાવી શકાય છે. સ્વદેશ પાછા આવીને ડયુનાન્ટે માનવતાની સેવા પ્રબોધવા માંડી અને પોતાની સરકાર તરફથી યુરોપનાં રાજ્યોની એક પરિષદ યોજાવી, અને તેમાં ભાવિ યુદ્ધો વખતે કોઈ પણ પક્ષ જેના સભ્યોને ઈજા ન પહોંચાડે એવું સર્વમાન્ય મંડળ સ્થાપી શકાય કે નહિ તેની વિચારણા ચલાવી, 'આંતરરાષ્ટ્રીય રેડક્રૉસ સંઘ'ની સ્થાપના કરી જેની પ્રવૃત્તિ અને ધ્યેય ઘાયલોની કે માંદાની માવજત કરી તેમને બચાવવાનું હતું. તેનું સંજ્ઞાચિહ્ન ઠરાવતી વેળા, જે દેશે આ મહાન પ્રવૃત્તિ શરૂ કરી તેની ઉચિત કદર તરીકે એ દેશના રાષ્ટ્રધ્વજનું જ ચિહ્ન ફક્ત ઉલટા રંગ પૂરતો જ



માસ માસના પંખી-૪ બટે

અલેડ ખેતરકે ખારવાળા મેદાનમાં અગોચર થઇ બેઠેલાં તેતરોને ગોત્રવાર બહુ



ઓછા જાણતા હશે. બટેર, તેતરનું જ સગોત્રી છે. તેની આઠેક જાતો પૈકી આપણે ત્યાં આ અત્યંત વ્યાપક છે.

કદ એકાદ ફૂટ લાંબું. પણ તેમાં છ આંગળની તો ફક્ત પૂછડી જ; ચાંચ આછા રેલ રંગની નરમ ને પાતળી,—કણ વીણી ખાવા પૂરતી સબળ; આંખો ઘેરી બદામી અને તેવા જ રંગના પંગ,—દૃઢ અને કઠોર તથા જમીન પર જ નિવાસ કરવાનો હોવાથી દોડવા તથા લડવા માટે પણ અનુકૂળ; નરનો વર્ણ એકધારો રાતા રંગના મિશ્રણવાળો પીતઃરણની રેતી જેવો; પૂછડી અને પાંખોમાંનાં મોટાં પીછાં બદામી; છાતી પર શ્યામ લાંછન ને એની રૂપલી ધાર શ્વેત; પેટ હેઠળનો ભાગ ઘેરો તપખીરિયો, અને પૂછડીનાં વચલાં બે પીછાં લાંબાં, પાતળાં. માદા કપિલવર્ણી, આખા શરીરે છીંકણી રંગની પાતળી રેખાઓવાળી, તેની છાતી પરનો પટો તથા પેટ પણ છીંકણી રંગનાં અને પૂછડી વચ્ચેનાં બે પીછાં લાંબાં ખરાં, પણ નરથી ટૂંકાં.

બટેર તેતર વર્ગનું જ હોવા છતાં તેની ખાસિયતો તે વર્ગથી જુદી પડે છે. તેતર વર્ગ પેઠે તે બહુપત્નીત્વમાં નથી માનતું, અને તેઓની જેમ ટુકડે ટુકડે થાક ખાતું ન ઊડતાં એકધારી ઝડપે, વિસામો ખાધા સિવાય, લાંબો વખત ઊડી શકે છે. શરીરે તે તેતર જેવું ગોળમટોળ ન લાગતાં, પૂછડી બાદ કરતાં બિલકુલ કબૂતર જેવું જ હોય છે: ફેર ફક્ત રંગ અને પૂછડીમાં જ પડે છે.

રાત્રે તેઓ સો-બસોનાં ટોળાંમાં બેસે છે, પણ તેની ખાસ વિશિષ્ટતા એ છે કે સૂર્યોદય બાદ એકએક કલાકે કોઇ તળાવ કે નવાણ પર દરરોજ અચૂક પાણી પીવા મોટી સંખ્યામાં જાય જ; અને શિકારીઓ તે લાભ ઉઠાવી તેનો ઘાણ કાઢી નાખે છે.

જમીન પર ઠીકરાં ખાડો ખોદી તે ઊંચું વરસ ઇંડાં મૂકે છે. ('વનેચર'માંથી)

ફેરફાર કરી રાખવામાં આવ્યું ને ત્યારથી સફેદ ભોંય પર લાલ ક્રૉસ વાળી એ સેવાભાવી સંસ્થા 'રૅડ ક્રૉસ સોસાએટી'ના નામે જાણીતી થઈ.

વિજ્ઞાનનો વિકાસ થતો ગયો અને લડાઈમાં અનેક નવા વૈદ્યકીય ઉપચારો શોધાતા ગયા તેમ આ પ્રવૃત્તિનું લડાઈ પૂરતું જ જે મહત્ત્વ હતું તે ઘટી તેને માટે સેવાના અનેક ક્ષેત્રો ખુલ્લાં થયાં. લડાઇ દરમિયાનેય તે સૈનિકોની સારવાર ને સગવડ માટે ગમે તેવા સંજોગોમાં પણ મદદ પહોંચાડે તો છે જ; પણ તે ઉપરાંત શાંતિકાળ દરમિયાન પણ તે રોગોની સારવાર, રોગચાળાનો અટકાવ, દુકાળની કે એવી કોઈ કુદરતી આપત્તિ વખતે જિંદગીથી હાથ ધોઈ બેઠેલાઓને મદદ કરે છે.

તેના આ સેવાકાર્ય તરફ પ્રજાનું ધ્યાન ખેંચી સહાનુભૂતિ મેળવવા માટે તાજેતરમાં જ હિંદભરમાં તેનું સપ્તાહ ઉજવાવાનું છે.

ઠક્કર બાપાના ચાર ગુરુઓ

આ અંકના ચરિત્ર—નાયક ઠક્કર બાપાએ કેટલાંક વરસ પર ચાર વ્યક્તિઓને પોતાની ગુરુ તરીકે ઓળખાવેલી. એ ચાર પૈકી એમના પિતાનો થોડો પરિચય એમના ચરિત્રમાં આવી જાય છે. એની થોડી પૂર્તિ તથા બાકીના ત્રણ ગુરુઓનો પરિચય અહીં નીચે ટૂંકમાં આપ્યો છે.

પહેલા ગુરુ: પિતા વિઠ્ઠલદાસ લાલજી

ભાવનગરની લોહાણા જ્ઞાતિમાં વિઠ્ઠલ બાપાનો અવાજ હમેશ આદરપાત્ર ગણાતો. સમસ્ત જીવન જ્ઞાતિહિતમાં જ એમણે અર્પણ કરેલું. પોતાની મર્યાદિત આવકમાંથી જ્ઞાતિનાં ગરીબોને, વિધવાઓને અને વિદ્યાર્થીઓને અનાજ, કાપડ, ફી, ચોપડી વગેરેની સહાય આપવા માટે તેઓ હમેશાં તત્પર રહેતા. છપ્પનિયા દુકાળ વખતે વિઠ્ઠલ બાપાએ ભૂખ્યાં જનોની કરેલી સેવાનો ઉલ્લેખ અન્યત્ર આવી ગયો. ૧૯૦૬માં એમની પ્રેરણાથી ભાવનગરમાં એક વિદ્યાર્થીભવનની શરૂઆત થઇ. આ વિદ્યાર્થીભવનના તેઓ નિયામક, સેક્રેટરી, સુપરિન્ટેન્ડેન્ટ, જે કહીએ તે બધું બન્યા. હવેલીમાં દર્શન કરવા જવાનો નિયમ પણ એમણે જતો કર્યો અને વિદ્યાર્થીભવન પાછળ જ સમયનો મોટો ભાગ એમણે અર્પણ કર્યો. રસોડા માટે સીધું કાઢી આપવાનું, સાફસૂફી રાખવાનું, વિદ્યાર્થીઓનાં ફાટેલાં કપડાંઓને થીગડાં મારવાનું, અને જ્ઞાતિજનોને આંગણે સારામાઠા પ્રસંગોએ ઊભા રહીને ભવનના ફંડમાં દાન મેળવવાનું, આ બધું કાર્ય એમણે પોતાનું ગણ્યું. નોકર સાથે ન હોય તો શાક માર્કેટમાંથી શાકની ગાંસડી બાંધીને પીઠ પર ઉપાડી ભરબજારમાંથી પસાર થતાં વિઠ્ઠલદાસ ઠક્કરને કશી હીણપ લાગતી નહિ. પોતાના પિતાનાં આવાં સેવાકાર્યોમાંથી અમૃતલાલભાઇએ જીવનના પ્રથમ તબક્કામાં અનેક પ્રેરણાઓ ઝીલી અંતરમાં સંઘરી રાખી હતી. એમને પોતાના પ્રથમ ગુરુ તરીકે એમણે સ્થાપ્યા.

બીજા ગુરુ: વિઠ્ઠલ રાયજી શિન્દે

હરિજન શબ્દ તો ગાંધીયુગનો છે. એ પહેલાં એ અસ્પૃશ્ય વર્ગ માટે વપરાતો શબ્દ 'અંત્યજ.' મદ્રાસ ઈલાકામાં 'પંચમ' શબ્દ વપરાતો. પંચમ એટલે હિંદુઓના ચાર વર્ણથી યે નીચો, એવો પાંચમો વર્ણ. ઓગણીસમી સદીના છેલ્લા દાયકામાં થીઓસોફિકલ સોસાએટીના એક સ્થાપક અને આદ્ય પ્રમુખ કર્નલ ઑલકૉટે એ વર્ગનાં બાળકો માટે થીઓસોફિકલ સોસાએટીના મુખ્ય મથક અડિયારમાં કેટલીક શાળાઓ સ્થાપેલી. એ 'પંચમ શાળાઓ'ને નામે ઓળખાતી. મુંબઈ ઇલાકામાં એ કાર્યની શરૂઆત કરનાર શ્રી વિઠ્ઠલ રાયજી શિન્દે હતા. એ સમયના અંત્યજોદ્ધારના કામનું માપ આજની વસ્તુસ્થિતિથી નહિ કાઢી શકીએ. કોઇ હિંદુ કાર્ય કરો તો કામ માટે મળતા જ નહિ. એ શિન્દે મરાઠી ગૃહસ્થ હતા. મુક્તિફોજના સૈનિકો જેવો રાતો ફેંટો બાંધતા અને લાંબી કાળી દાઢી એમના વદનને શોભાવતી. તે કાઠિયાવાડની મુસાફરીએ પણ બેત્રણ વખત આવી ગએલા અને રાજકોટ તથા ભાવનગરમાં અંત્યજશાળાઓની સ્થાપના કરાવવામાં ફતેહમંદ થએલા. ઠક્કર બાપા એ શિન્દેના સંસર્ગમાં આવતાં ખૂબ અસર પામ્યા. એમની કાર્યપદ્ધતિનો બાપાએ અભ્યાસ કર્યો, નોકરીમાંથી બચતા સમયમાં એમને સહાય કરવા માટે ઈચ્છા બતાવી, અને એમના કાર્યની મહત્તા તથા મુસીબતો, અને કાર્યક્ષેત્રના વિસ્તારની જરૂરિયાતનો અંદાજ કાઢી લીધો. આ શિન્દે તે બીજા ગુરુ.

ત્રીજા ગુરુ: ગોપાલ કૃષ્ણ દેવધર

ગોખલેજીએ સ્થાપેલી હિંદ સેવક સમાજના આદ્ય સભ્યોમાંના એક શ્રી ગોપાલ કૃષ્ણ દેવધર એ સમાજના મકાનમાં જ વસતા હતા. અર્થશાસ્ત્રના તે ઊંડા અભ્યાસી હતા અને અવિશ્રાંત તથા વેગીલા કાર્યકર હતા. બાર પંદર કલાક સુધી સતત કાર્ય કરવું અને એ દરમ્યાન અનેક સંસ્થાઓની કાર્યવહી તપાસવી, સહકારી મંડળીઓની સ્થાપના કરવી, એક સહકારી બૅન્ક પણ ઉઘડાવી અને દલિત વર્ગને પઠાણો તથા મારવાડીઓના ઋણમાંથી મુક્ત કરવો એવો એમનો વિશાળ કાર્યપટ હતો. પૂનામાં સેવાસદનની સ્થાપના અને ખીલવણી એમને આભારી છે. એક કાર્ય પાછળ જીવન આપવું એનો અર્થ શો એ જેના જીવનમાંથી સમજી શકાય એવા દેશભરમાંથી ગણ્યાગાંઠ્યા મળી આવતા સેવકોમાં દેવધરદાદાનું સ્થાન મહત્ત્વનું રહેશે. અંત્યજ મજૂરોને દેવામુક્ત કરવાના એમના એ કાર્ય માટે ઠક્કર બાપા દેવધરદાદાના સંપર્કમાં આવ્યા અને નોકરી કરતાં કરતાં એમનું કાર્ય સમજવા લાગ્યા. વળી બની શકે એટલા રાતના સમયે ને તહેવારોની રજાઓમાંથી મળતી ફુરસદે એમણે અખિલ હિંદ સેવક સમાજના કાર્યનો અભ્યાસ કરવાનું અને એમાં બની શકે એટલા મદદગાર થવાનું એમણે શરુ કર્યું. સંબંધ વધતો ગયો. કેટકેટલું કાર્ય કરવાનું પડેલું છે એનો ખ્યાલ આવતો ગયો અને આ કાર્યો માટે તો અનેક દેવધરો પણ ઓછા છે એવું મનથી લાગતું ગયું. તે ત્રીજા ગુરુ.

ચોથા ગુરુ: પ્રો. ધોંડો કેશવ કર્વે

પ્રો. ધોંડો કેશવ કર્વે હિંદી સ્ત્રીઓની વિદ્યાપીઠના આદ્ય સ્થાપક તરીકે હિંદભરમાં મશહૂર છે. પણ વરસો પહેલાં એમણે પૂનાની ફરગ્યુસન કૉલેજમાં નોકરી કરતાં, વિધવાઓ અને ત્યક્તાઓ માટે એક આશ્રમ પૂનાથી પાંચ માઇલે સ્થાપેલો. એ એમની મહાન સેવાઓની મૂંગી શરૂઆત હતી. એક વિધવા સાથે લગ્ન કરીને સમાજનો ખોફ વહોરી લેવાની હિમ્મત એમણે કરેલી. દિવસના સમયમાં પૂનામાં નોકરી કરવી અને રાત પડતાં પાંચ માઈલ દૂર ચાલીને આશ્રમે જવું, એવો એમનો વીસ વરસ સુધી નિત્યનો ક્રમ હતો. વિધવાઆશ્રમ રાત્રે અરક્ષિત રહી શકે નહિ. ઘરમાં કોઈ બાળક માંદગીને બિછાને હોય, એની રાત કેમ પસાર થશે એની ચિંતા હોય, તો પણ એનું રક્ષણ ઈશ્વરને સોંપી કર્વેદાદા અચૂક ઘર છોડી જતા. ઠંડી, ગરમી કે વરસાદ એમને રોકી શકતાં નહિ. વિધવાઓને અક્ષરજ્ઞાન મળતાં એમની કેળવણી વિકાસ પામવા લાગી. મુંબઇ યુનિવર્સિટીનો અભ્યાસક્રમ આ સ્ત્રીઓને બંધબેસતો નહિ થાય એવું સમજાવતાં એમણે જુદા જ અભ્યાસક્રમની યોજના કરી આ યુનિવર્સિટી સ્થાપી. પૈસા માટે દેશભરમાં મુસાફરીઓ શરુ કરી. એવામાં મુંબઈના મિલમાલિક ને દાનવીર સર વિઠ્ઠલદાસ ને આ કાર્યની મહત્તા સમજાઈ ને રૂપિયા પંદર લાખની રકમ આપી. પ્રોફેસર કર્વે આજે ૯૨ વરસની ઉંમરે પણ એ સેવકાર્ય બજાવ્યે જાય છે. એ પ્રોફેસર કર્વે ચોથા ગુરુ.

સ્વતંત્ર ભારતનું નવું રાજબંધારણ

આ ૨૬મી જાન્યુઆરી (૧૯૫૦)ને રોજ, આપણા આ પ્રાચીન અને મહાન દેશનું, ઇતિહાસમાં ક્વચિત જ થઈ છે એવી વિશાળ સીમાઓમાં વિસ્તરેલું મહારાજ્ય, આ દેશના ઇતિહાસમાં પહેલી જ વાર, એક મહાન સંઘરૂપે સાર્વભૌમ પ્રજાસત્તાક રાજ્યનું વિધિપુરઃસરનું રૂપ ધારણ કરશે. એ બંધારણ ઘડવા માટે, બ્રિટિશ પ્રધાનમંડળની દરખાસ્તોમાંથી જન્મ પામેલી લોકસભાએ ૧૯૪૬ના ડિસેમ્બરની ૯મીથી કામકાજનો આરંભ કર્યો. તેમાં ૩૮૯ સભ્યો હતા, પરન્તુ લીગના સભ્યો આરંભની બેઠકોમાં હાજર ન રહ્યા.

૧૯૪૭ના ઑગસ્ટથી એક કાયદો કરી બ્રિટિશ સરકારે દેશના બે ભાગલા પાડયા, અને તે સાથે લોકસભા પણ વહેંચાઈ ગઈ. પ્રત્યેક લોકસભાને એને યોગ્ય લાગે તેવું બંધારણ ઘડવાનો અધિકાર મળ્યો. એ પ્રમાણે હિંદની લોકસભાએ હિંદના સાર્વભૌમ પ્રજાસત્તાકનું બંધારણ તૈયાર કર્યું, ને તેના પર ગયા નવેમ્બર (૧૯૪૯)ની ૨૬મી તારીખે તેને કાયદાનું રૂપ આપી સહી-સિક્કા કરી, અપનાવ્યું. આખી દુનિયામાં આના જેટલું લાંબું, વિગતવાર અને વિસ્તારી બંધારણ બીજું એકે નથી. તેની થોડીઘણી માહિતી સૌએ મેળવી લેવી આવશ્યક છે. આ અંકના પૃષ્ઠાની અંદર તે બંધારણ સમજાવતા બે આલેખો આપ્યા છે તે સાથે રાખીને અહીં આપેલી વિગતો સમજીએ.

આ નવા બંધારણ મુજબ બે ગૃહો—લોકગૃહ અને રાજગૃહ—ની એક પાર્લામેન્ટ બનશે. લોકગૃહમાં જનતામાંથી સીધા ચુંટાઈ આવેલા વધુમાં વધુ ૫૦૦ સભ્યો બેસશે. રાજગૃહમાં ૨૫૦ સભ્યો બેસશે, જેમાં ૨૩૮ સભ્યો પ્રાંતીય ધારાસભાઓએ ચૂંટી મોકલેલા હશે જ્યારે બાકીના બાર પ્રમુખ નીમશે. આ બંને ગૃહો, પ્રમુખ બનવા માટેના ઉમેદવારોમાંથી એક પ્રમુખ ચૂંટશે, જે, એ હોદ્દો પાંચ વર્ષ સુધી ભોગવશે—સિવાય કે તે ઉપપ્રમુખ પર લેખિત રાજીનામું પાઠવી છૂટા થાય, યા બંધારણનો ભંગ કરવા બદલ તેમને પાર્લામેન્ટ છૂટા કરે.

પ્રમુખને આટલી સત્તાઓ આપવામાં આવી છેઃ (૧) યુનિયન-(સંઘ)ની કારોબારી સત્તા એમને હસ્તક રહેશે. (૨) રક્ષણ દળોના તે સર્વોચ્ચ અધિકારી ગણાશે. (૩) દેહાંત દંડની સજા માફ કરી શકશે કે ઘટાડી શકશે; પાર્લામેન્ટ બોલાવશે કે મોકૂફ રાખી શકશે; લોકગૃહનું વિસર્જન કરી શકશે અને બન્ને ગૃહોને સંબોધન કરશે. (૪) પાર્લામેન્ટ ચાલુ ન હોય એ સમય દરમિયાન ઑર્ડિનન્સો (વટહુકમો) બહાર પાડી શકશે. (૬) ઑડિટર જનરલ તથા રાજ્યો (પ્રાંતો)ના ગવર્નરોની નિમણૂક કરશે. પાંચ વર્ષ બાદ પ્રમુખ ફરી એક વાર (પણ ફક્ત એક જ વાર) પ્રમુખપદ માટે ઉમેદવારી કરી શકશે.

ચુંટાયા બાદ પ્રમુખ એક ઉપપ્રમુખને નિયુક્ત કરી તેને બંને ગૃહોમાંથી પ્રધાનમંડળ રચવા કહેશે. પ્રમુખની ગેરહાજરી દરમિયાન ઉપપ્રમુખ પ્રમુખ જેટલા જ હક્કો ભોગવશે. ઉપરાંત, તે રાજગૃહના પ્રમુખસ્થાને બિરાજશે.

લોકગૃહ પોતાનામાંથી પોતાના ગૃહના પ્રમુખ અને ઉપપ્રમુખ (સ્પીકર ને ડેપ્યુટી સ્પીકર)ને ચૂંટશે. લોકગૃહમાં હિંદની વસતિના દર ૫,૦૦,૦૦૦ થી ૭,૫૦,૦૦૦ માણસે એક સભ્ય રહેશે. આ બંને ગૃહોની પાર્લામેન્ટ ઓછામાંઓછી વર્ષમાં બે વાર મળશે. બંને બેઠકની મુદ્દત વચ્ચેનો ગાળો છ માસથી વધુ નહિ જ રહે. દરેક પાર્લામેન્ટ વધુમાં વધુ પાંચ વર્ષ સુધી જ રહેશે, સિવાય કે કટોકટીના સમય દરમિયાન આ મુદતમાં એક વર્ષનો વધારો કરવાનો કાયદો કરી શકશે.

બંધારણનું બીજું મહત્ત્વનું અંગ તે વરિષ્ઠ અદાલત. તેમાં સાતથી ઓછા ન્યાયાધીશો નહિ રહે. અપીલ સાંભળી સલાહ આપવાનો, યુનિયન ને રાજ્યો વચ્ચેના કે જુદાંજુદાં રાજ્યો વચ્ચેના ઝગડાઓ નક્કી કરવાનો, પ્રમુખને સલાહ આપવાનો અને અગાઉ ફેડરલ કોર્ટે સાંભળેલા કેસોનો નિકાલ કરવાનો આ વરિષ્ઠ અદાલતને અધિકાર રહેશે. તેના પ્રત્યેક ન્યાયાધીશની નિમણૂક વરિષ્ઠ તથા રાજ્યો (પ્રાંતો)ની હાઇકોર્ટના ન્યાયાધીશોની સલાહ લઇ પ્રમુખ કરશે.

પ્રાંતોનો વહીવટ ચલાવવા પ્રમુખ દરેક પ્રાંત પર એકેક ગવર્નરની નિમણૂક કરશે, જે જનતામાંથી ચુંટાઇ આવેલા ધારાસભાના સભ્યોમાંથી એક પ્રધાનમંડળ નીમશે. પ્રાંતોનો વહીવટ કરનારી આ ધારાસભાના સભ્યોની સંખ્યા ઓછામાં ઓછા ૬૦ ને વધુમાં વધુ ૫૦૦ની રહેશે. (પાછલા પૃષ્ઠામાંના આલેખમાં તે સફેદ અને કાળાં એકમોથી દર્શાવ્યું છે.) જનતાના દર ૭૫,૦૦૦ માણસે એક સભ્ય ચુંટાશે.


૩૫ વર્ષ પૂરાં કર્યાં હોય અને હિંદનો નાગરિક હોય તે જ માણસ ગવર્નરના હોદ્દા પર બેસી શકશે. તે પાંચ વર્ષ સુધી હોદ્દા પર રહેશે. તે દરમિયાન બેઠકનું મંગલ-પ્રવચન કરવાનો, નવા ખરડા અંગે ધારાસભાને સંદેશો મોકલવાનો, રાજ્યના કોઈ પણ કાયદા અંગે થએલી સજા ઘટાડવાનો કે માફ કરવાનો, બંધારણ પ્રમાણે ન વર્તવાની જરૂર જણાતાં પ્રધાનમંડળની સલાહથી પર જઇને વર્તવાનો, ધારાસભાની બેઠક ન મળતી હોય ત્યારે વટહુકમો કાઢવાનો તથા કટોકટીના સમય દરમિયાન બંધારણની અમુક કલમો રદ કરી તમામ વહીવટ પોતાને હસ્તક લેવાનો તેને અધિકાર રહેશે.


આ ધારાસભા, ચિત્રની ચોતરફ આલેખી બતાવેલા તમામ વિષયો પર કાનૂન ઘડી શકશે. ઓછામાં ઓછું વર્ષમાં બે વાર તેની બેઠક થશે, જેની વચ્ચેનું અંતર છ માસથી વધુ નહિ હોય.

આ ઉપરાંત બિહાર, મુંબઇ, મદ્રાસ, પંજાબ, સંયુક્ત પ્રાંતો ને પશ્ચિમ બંગાળમાં એક રાજસભા રહેશે, જેમાં વધુમાં વધુ, ધારાસભાની સભ્ય-સંખ્યાથી ચોથા ભાગના જ સભ્યો રહેશે. તેમાં અરધા ધંધા-વ્યાપારના પ્રતિનિધિઓ, ત્રીજા ભાગના ધારાસભાએ ચૂંટી મોકલેલા સભ્યો, ને બાકીના ગવર્નરે નિયુક્ત કરેલા સભ્યો બેસશે. દર બીજે વર્ષે તેમાંથી ત્રીજા ભાગના સભ્યો નિવૃત્ત થતા રહેશે.

આ નવા બંધારણના અમલથી માંડીને પંદર વર્ષ સુધી સત્તાવાર હેતુઓ માટે અંગ્રેજી ભાષાનો ઉપયોગ થશે. પહેલાં પાંચ વર્ષને અંતે, અને પછી દસ વર્ષને અંતે, રાષ્ટ્રભાષા–હિંદી ભાષા–ને અંગે પ્રમુખ એક કમિશન નીમશે, જે હિંદી ભાષાનો વધારેમાં વધારે ઉપયોગ કેમ થઈ શકે તે અંગે ભલામણ કરશે.

આપણા આ બંધારણથી જગતમાં એક મહાન લોકરાજ્યનો ઉદય થયો છે. જગતનાં બધાં રાજ્યોનાં બંધારણોને મુકાબલે તે મોટામાં મોટું છે. તેમાં ૩૯૫ કલમો અને ૮ પરિશિષ્ટો છે. બંધારણ સભાના ૩૦૮ સભ્યોએ, બે વરસ અગિયાર માસ ને અઢાર દિવસ સુધી બેસીને, ૫૩,૦૦૦ પ્રેક્ષકોની સાક્ષીએ, અને ૬૩,૯૬,૭૨૯ રૂપિયાના ખર્ચે તે ઘડયું છે. [અમેરિકાએ ૭ કલમોવાળા પોતાના બંધારણ માટે ૪ માસ લીધેલા, કૅનેડાએ ૧૪૭ કલમો માટે બે વરસ ને પાંચ માસ, દક્ષિણ આફ્રિકાએ ૧૫૩ કલમ માટે એક વરસ અને ઑસ્ટ્રેલિયાએ ૧૨૮ કલમો માટે નવ વરસ લીધેલાં!] પણ બંધારણનું મૂલ્ય તેની પાછળ ખર્ચાએલાં શ્રમ, સમય અને નાણાં ગણાવવામાં નથી; પણ દેશ પ્રત્યેની ભક્તિ અને લોકશાહી પ્રત્યેની નિષ્ઠાપૂર્વક તેનું પાલન કરવામાં છે. સ્વાતંત્ર્યની કિંમત નિરંતર જાગૃતિમાં રહેલી છે. આ બંધારણ આપણું પોતાનું જ છે, અને તેની દરેક જોગવાઇનો અર્થ સમજી તે મારફત મહાન લોકશાસિત રાષ્ટ્ર ઘડવાનો મહાન હેતુ સરે તે જોવું એ આપણું કર્તવ્ય છે.





વીર ફીડિપિડિસની યાદમાં ગ્રીકોએ રચેલી શિલ્પમૂર્તિ જે મૅરૅથૉનના મેદાનમાંથી મળી આવી છે

મૅરૅથાન-દોડ

ગયા અંકમાં વર્ણવેલી 'મૅરૅથૉન-દોડ'ની ઐતિહાસિક માહિતી એ જ દોડમાં ભાગ લેનાર શ્રી રમણલાલ નાગરજી મહેતા (એમ.એ.) જેઓ પુરાતત્ત્વના અભ્યાસી છે તેમણે લખી મોકલી છે.

ઈ. સ. પૂર્વે ૪૯૦માં પોતાના સામ્રાજ્યના વિકાસ અર્થે, એશિયા માઇનોરના ગ્રીકોને મદદ કરનાર ગ્રીસનાં પ્રજાસત્તાક રાજ્યોને છિન્નભિન્ન કરી, તે પર પોતાનું વર્ચસ્વ સ્થાપવા માટે, ઍકેમેનિય વંશના ઈરાનના શહેનશાહ દરાયસે(ધારયદ્વસુએ) ગ્રીસ પર ચડાઇ કરી.

દરાયસનું નૌકાસૈન્ય ઍથેન્સ પર ચડી આવે છે એ સમાચાર મળતાં ઍથેન્સના પ્રજાસત્તાક રાજ્યે પોતાના બચાવની તૈયારીઓ કરવા માંડી અને પોતાના ચુનંદા દોડવીર ફીડિપિડિસને, સ્પાર્ટાની મદદ મેળવવા રવાના કર્યો. ઍથેન્સના એ જવાંમર્દે ઍથેન્સથી સ્પાર્ટાનો નદી, પહાડ અને જંગલોથી વિકટ માર્ગ સતત બે દિવસ સુધી દોડી, તરી, ટેકરીઓ ચડી-ઊતરી અને જંગલો વટાવી પસાર કર્યો; અને સ્પાર્ટા પાસેથી મદદનું વચન લઈ, ફરી પાછા એ જ પ્રમાણે દોડી આવી તેણે ઍથેન્સવાસીઓને સંદેશ આપ્યો કે 'સ્પાર્ટાનું સૈન્ય પૂર્ણિમાને દિવસે ઍથેન્સની વહારે ચડશે.'

પરંતુ ફીડિપિડિસ સંદેશો લાવ્યો તે સાથે જ સમાચાર આવ્યા કે 'દરાયસના સૈન્યની આગલી હરોળો મૅરૅથૉનના મેદાનમાં ઊતરી છે.' મૅરૅથૉન ઍથેન્સથી ૨૬ માઇલ દૂર આવેલું મેદાન છે. આ સમાચાર મળતાં ઍથેન્સનું સૈન્ય સ્પાર્ટાની મદદ સિવાય ઈરાનીઓનો સામનો કરવા ઊપડયું. સતત મુસાફરીથી થાકેલો હોવા છતાં ફીડિપિડિસ માતૃભૂમિનું રક્ષણ કરવા શસ્ત્રો સજી મેદાને પડયો.

ઇ. સ. પૂર્વે ૪૯૦ના સપ્ટેમ્બરની એકવીસમી તારીખે ઇરાનીઓ અને ગ્રીકો વચ્ચે આ જંગ ખેલાયો. શરૂઆતની હાર પછી ગ્રીકોનાં પાયદળે ઈરાની સૈનિકોને મારી હઠાવ્યા અને ઍથેન્સનો વિજય થયો. પોતાના વિજયથી હરખાઇ ઍથેન્સવાસીઓએ ફરી ફીડિપિડિસ સાથે અગાઉથી પોતાનો વિજય-સંદેશ ઍથેન્સ મોકલ્યો.

ચાર દિવસમાં ત્રણસો માઇલની વિકટ દોડ પૂરી કરી, માદરેવતન ખાતર મૅરૅથૉન સુધીના કૂચ કરી, યુદ્ધમાં ભાગ લઇને વિજયને વરનાર ફીડિપિડિસે ફરી પાછી દોડ શરૂ કરી! બખ્તર ધારણ કરેલ શસ્ત્રસજ્જ ફીડિપિડિસે દોડતાંદોડતાં ઍથેન્સને પાદરે આવી ઍથેન્સવાસીઓને ખુશ ખબર આપી કે 'આપણો વિજય થયો છે!' અને ત્યાં જ પોતાની જીવનયાત્રા સમાપ્ત કરી!

એ વીરની યાદ માટે ઈ. સ. પૂર્વે ૪થી સદીમાં ગ્રીકોએ એનું શિલ્પ બનાવ્યું, જે મૅરૅથૉનના મેદાનમાંથી મળી આવ્યું છે.

ઇ. ૧૮૯૬માં ઍથેન્સમાં 'વિશ્વ ઓલિમ્પિક સ્પર્ધાઓ'ની શરૂઆત થઇ. આ વખતે ફીડિપિડિસની દોડની યાદમાં મૅરૅથૉન નામની ૨૬ માઇલ અને ૩૮૫ વારની દોડ શરૂ થઈ. એ જ વર્ષે લૂઇસ નામનો ગ્રીક ખેડૂત આ દોડમાં પ્રથમ આવ્યો. એના વિજયથી સમસ્ત ગ્રીક પ્રજા આનંદિત થઈ. સ્ત્રીઓએ પોતાનાં આભુષણો, એક વીશીવાળાએ ૩૬૫ દિવસ સુધી મફત ભોજન, અને એક બૂટ-પૉલિશ કરનાર બાળકે જિંદગી સુધી મફત બૂટ-પૉલિશ કરી આપવાનું વચન આપી નવાજ્યો.

ત્યાર પછી થએલી દરેક 'વિશ્વ ઓલિમ્પિક સ્પર્ધાઓ'માં મૅરૅથૉનની દોડ સર્વોચ્ચ સ્થાન શોભાવે છે. એ દોડ સૌથી ઓછા સમયમાં કે. સોન નામના જાપાની દોડવીરે ૧૯૩૬ની વિશ્વ-ઓલિમ્પિકની બર્લિનમાં થયેલી સ્પર્ધામાં ૨ કલાક, ૨૯ મિનિટ ને ૧૯.૨ સેંકડમાં દોડીને પૂરી કરીછે. રશિયા, 'યુવાનીનો વિજય' ('Triumph of youth') નામનાં ચિત્રમાં, રશિયન ઓલિમ્પિકસની સ્પર્ધામાં દોડનાર યુવાને આના કરતાં ઓછો સમય લીધો હતો એમ કહે છે. પણ ૨ કલાક ૨૮ મિનિટનો આંક વિશ્વમાન્ય થયો નથી.

મૅરૅથૉનની દોડ ડામરના જેવા સખત રસ્તાઓ પર દોડાતી હોવાથી 'ટ્રૅક' કે ગ્રામ-વિસ્તાર-દોડ કરતાં વધુ અઘરી છે. લાંબા સમય સુધી દોડવાને માટે મૅરૅથૉન દોડનારના પગ અને છાતી ખૂબ મજબૂત હોવાં જોઇએ. સાધારણ ઊંચાઈવાળો, પાતળા ગણાય એવા મજબૂત પગ ધરાવનાર, ત્રીસ વર્ષથી મોટી ઉંમરનો દોડનાર આ દોડ માટે વધારે લાયક ગણાય છે. ૨૫ વર્ષની ઉંમરના યુવકોને આ દોડ વધારે મુસીબતભરી થઈ પડે છે, છતાં યુરોપમાં તો કોઇકોઈ સ્ત્રીઓ પણ આટલું અંતર દોડી બતાવે છે.

મૅરૅથૉન-દોડ માટે પાંચથી છ માસની પૂર્વ-તૈયારીની જરૂર પડે છે. કાચી તૈયારીવાળા દોડનારને આ દોડ દરમિયાન સ્નાયુની અનેક મુસીબતો ઊભી થવાનો સંભવ હોય છે.

બાલજીવન કાર્યાલય (વડોદરા)નાં પ્રકાશનો

પ્રભુભકત પ્રહ્લાદ, લવકુશ અને ચંદ્રહાસ : 'બાલજીવન'ની ધર્મનીતિ પુસ્તકમાળાની, બાળકોને કથા જ્ઞાન સાથે ગમ્મત આપતી સચિત્ર પુસ્તિકાઓ-સંપાદક : રમણલાલ ના. શાહ; **દાડેમડી-** બાળગીતોનો સચિત્ર સંગ્રહ લેખક : હરિલાલ ગો. પંડયા; **જંજાળનગરી:** બુદ્ધિચાતુર્ય દાખવતી એક સચિત્ર કહાણી; તથા **નવલશા હીરજી :** નવલશા શેઠની જાણીતી એવી જ સચિત્ર વાર્તા—લેખક : રમણલાલ ના. શાહ; **કરોળિયાનો કાળપાશ :** બાળકોને આકર્ષે તેવી સાહસ-કથા. લેખક : ડૉ. મોહનલાલ પાઠક; **કચ્છનો કુળદીપક :** કચ્છની ઐતિહાસિક સચિત્ર કહાણી—લેખક : રસિકલાલ જોષી. દરેકની રૂ. ૦-૬-૦.

અલકા : શ્રી જેઠાલાલ ત્રિવેદીનાં વિવિધ વિષય પરનાં કાવ્યોનો સંગ્રહ—પ્રકાશક : ચંદ્રકાન્ત મહેતા, પીરમશા રોડ, અમદાવાદ, ૩-૦-૦; **શહદ :** મધ ને મીણ વિષે સંશોધનપૂર્ણ વૈજ્ઞાનિક વિવેચન તથા માહિતી આપતું હિંદી પુસ્તક—લેખક : રમેશ બેદી, પ્રકાશક : હિમાલય હર્બલ ઇન્સ્ટીટ્યુટ; ગુરુકુલ કાંગડી, હરદ્વાર, ૩ ૦-૦.

રથસપ્તમી

હિંદુ ધર્મમાં દરેક દેવ પ્રીત્યર્થ એકએક તહેવાર રખાયો છે. જેમ શંકર પ્રીત્યર્થ મહાશિવરાત્રિ, રામચંદ્ર પ્રીત્યર્થ રામનવમી, કૃષ્ણ પ્રીત્યર્થ કૃષ્ણજન્માષ્ટમી, ગણેશ પ્રીત્યર્થ ગણેશચતુર્થી, એમ સૂર્યનારાયણ પ્રીત્યર્થ રાખવામાં આવેલો તહેવાર તે આ રથસપ્તમી. મહા સુદ સાતમે આવતો આ તહેવાર હિંદના ઘણા ભાગમાં પળાય છે. ગુજરાતમાં પણ કેટલાંક મંદિરોમાં તે ઉજવાય છે.

સૂર્યની મહત્તા દર્શાવતું શ્રુતિમાં એક સુંદર સૂક્ત છે:

चित्रं देवं। नामुदगायनीकं चक्षुर्मित्रस्य वरुणस्याग्नेः।

आप्रा द्यावापृथिवी अन्तरिक्षं सूर्य आत्मा जगतस्तस्थुषश्च ।

(મિત્ર, વરુણ અને અગ્નિના ચક્ષુરૂપ એવી દેવોની આશ્ચર્યકારક શક્તિનો ઉદય થયો છે. સ્થાવર અને જંગમ વસ્તુઓનો આત્મા એવો આ સૂર્ય દ્યુલોક, ભૂલોક અને અંતરીક્ષને વ્યાપી રહ્યો છે.) પૃથ્વીથી ૯,૨૮,૩૦,૦૦૦ માઈલ દૂર આવેલા સૂર્યમાં આપણી પૃથ્વી જેવડી ૧૩ લાખ પૃથ્વીઓ સમાઈ જઈ શકે તેમ છે, એટલી જ સૂર્યની મહત્તા નથી. આપણું પૃથ્વી પરનું અસ્તિત્વ જ સૂર્યને આભારી છે. સૂર્યનાં કિરણોને લીધે સર્વત્ર ઉત્સાહ વ્યાપે છે, રોગરાઈ નાશ પામે છે, વનસ્પતિ ખીલે છે, અનાજ પાકે છે ને જીવનમાં પ્રસન્નતા વ્યાપે છે. સૂર્ય, ચંદ્ર, તારા, વાયુ, મહાસાગર ઈત્યાદિ વસ્તુઓ પરથી પરમેશ્વરના મહત્ત્વની કલ્પના મનુષ્યમાં દૃઢ થાય છે, પણ સૂર્યના તેજસ્વીપણાને લીધે તો તેમાં ઇશ્વરનું આરોપણ કરી તેની પૂજા કરવાની મનુષ્યમાં સહજ પ્રવૃત્તિ ઉત્પન્ન થાય છે.

હિંદમાં તો છેક વેદકાળથી સૂર્યોપાસના પ્રચલિત હતી. ઋગ્વેદમાં સૂર્ય એ પાપોનો નાશ કરનાર ગણાયો હોવાથી તેને એવી પ્રાર્થના કરી છે કે, 'તું અમને પાપમુક્ત કર અને અમે નિષ્પાપ છીએ એમ વરુણાદિ બીજા દેવોને જણાવ.' વેદ પછીથી ઉપનિષદ તથા ગૃહ્યસૂત્રોમાં પણ પાપમાર્ગમાંથી બચવા તથા ધનકીર્તિની પ્રાપ્તિને માટે સૂર્યની ઉપાસના કરવાનું જણાવ્યું છે. યુધિષ્ઠિરને સૂર્ય ભગવાને અખૂટ અન્ન આપનારી થાળી આપી ત્યારે તેમણે સૂર્યની પ્રાર્થના કરેલી એમ મહાભારતમાં વર્ણવેલું છે. આ સર્વ ઉપરથી જણાય છે કે આર્યાવર્તમાં સૂર્યોપાસનાનો રિવાજ પ્રાચીન કાળથી ચાલુ હતો. ધનધાન્ય, કીર્તિ અને આરોગ્યની પ્રાપ્તિ માટે તેની પ્રાર્થના કરવામાં આવતી. સૂર્યોપાસના એક કાળે એવી તો પ્રચલિત બનેલી કે સૂર્યને દેવ માનીને તેની પૂજા કરનારો 'સૌર' નામનો પંથ નીકળ્યો. સૂર્ય એ જ સ્થાવર જંગમ સૃષ્ટિનો આત્મા છે એમ પ્રતિપાદન કરનાર આ પંથમાં છ ભેદ છે, જે તેમનાં વિશિષ્ટ બાહ્ય ચિહ્નો તથા આચારભેદથી ઓળખાય છે.

સૂર્યોપાસના પ્રચલિત થયા પછી રામાયણ-મહાભારત કાળમાં તેનાં સ્વતંત્ર મંદિરો બંધાવાં શરૂ થયાં. પુરાણ કાળમાં મૂર્તિપૂજા પ્રચલિત થયા પછી સૂર્યની પ્રતિમા કેવી હોવી જોઈએ એનો પુરાણકારોએ વિચાર કરેલો દેખાય છે. છઠ્ઠા સૈકામાં થઈ ગએલા ભારતના મહાન જ્યોતિષી વરાહમિહિરે સૂર્યની મૂર્તિ કેવી બનાવવી તે બતાવ્યું છે. 'કલ્પતરુ' ગ્રંથમાં મહા સુદ સાતમને દિવસે સૂર્યપ્રતિમાની પૂજા કરવાનું કહ્યું છે. એ ઉપરથી જણાય છે કે આજથી ૧૫૦૦ વર્ષ પહેલાં આપણા દેશમાં સૂર્યનાં દેવાલયો હતાં. સૂર્ય-મંદિરનું અસ્તિત્વ સિદ્ધ કરનાર અનેક શિલાલેખો અને તામ્રપટો મળી આવ્યા છે, એટલું જ નહિ પણ મુલતાનથી કચ્છ સુધી આવાં જે દેવાલયો હતાં, તેમાંનું સૌથી પ્રસિદ્ધ મુલતાનનું સૂર્યમંદિર પરદેશી પ્રવાસી હ્યુ એન સંગ અને અલ-બરૂનીએ જોયું હતું એવો ઉલ્લેખ છે. જોકે ૧૫મા સૈકામાં ઔરંગઝેબે તે મહાન મંદિરનો નાશ કર્યો, તો પણ કાશ્મીરમાં આજે પણ માર્તંડના સૂર્ય-મંદિરના જે થોડાક ભગ્નાવશેષો બચી ગયા છે તે પરથી સૂર્યમંદિરની આપણને કલ્પના આવે છે. (ગયે વર્ષે ૩૦૯ મા અંકમાં તેનું ચિત્ર આવી ગયું.) હાલમાં જોકે મુંબાઈના એક સૂર્ય મંદિર સિવાય બીજે ક્યાંય તેવાં મંદિર જોવામાં આવતાં નથી. તેનું કારણ એમ લાગે છે કે આગળ જતાં જેમ જેમ વૈષ્ણવ અને શૈવ ભક્તિનો પ્રચાર થતો ગયો તેમતેમ સૂર્યોપાસના પાછળ પડતી ગઇ. જોકે ઘણાંખરાં દેવાલયોમાં સૂર્યના નામની એકાદ પ્રતિમા તો હોય જ છે. અને તેના પર ઘરો અને લાલ રંગનાં ફૂલ ચડાવાય છે. એટલું જ નહિ પણ દ્વિજોને જે સંધ્યાવંદન આદિ ક્રિયાઓ કરવાનું શાસ્ત્રમાં કહ્યું છે તેમાં સૂર્યનો અર્ઘ્ય આપવો તથા તેની ત્રિકાલ પ્રાર્થના કરવી એ એક મહત્ત્વનું અંગ છે. ગીતામાં શ્રી કૃષ્ણે गायत्री छन्दसामहम् એમ કહીને જે ગાયત્રી છંદને સૌથી મહત્ત્વનો ગણ્યો છે તથા જે ત્રિકાલસંધ્યાવંદનની ક્રિયાનો સૌથી અગત્યનો ભાગ છે તે ગાયત્રીમંત્ર પણ સૂર્યની જ પ્રાર્થનારૂપ છે.

ॐ भूर्भुवः स्वः । ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धी महि ।
धियो योनः प्रचोदयात्

ઋગ્વેદની એ શ્રેષ્ઠ ઋચાનો અર્થ થાય છે: 'આખા જગતને પ્રેરણા કરનાર સૂર્ય ભગવાનના કમનીય તેજનું અમે ધ્યાન ધરીએ છીએ. તે અમારી બુદ્ધિને પ્રેરણા કરો.'

સૂર્યોપાસનાનો અતિ પ્રાચીન રિવાજ ઇરાન ને એશિયામાઇનોર થઇ છેક ગ્રીસ ને રોમ સુધી પહોંચેલો. આર્યોની માફક બીજા ધર્મવાળાઓએ પણ, સૂર્યને દેવ તરીકે ન માનતા હોવા છતાં, અઠવાડિયાના એક વારને તેનું નામ આપી પોતાની માનની લાગણી વ્યક્ત કરી જ છે.

હિંદમાં આ તહેવારને જુદાંજુદાં નામ અપાયાં છે. બંગાળમાં તે ભાસ્કર સપ્તમી કહેવાય છે. શબ્દકલ્પદ્રુમકારોએ મહા માસને માકરી માસ નામ આપેલું હોઈ તેને માકરીસપ્તમી પણ કહે છે. ઉત્તરમાં એ વળી અચલા અને જયન્તિસપ્તમી તરીકે ઓળખાય છે. મહા સુદ ૭ મન્વંતરોનો પહેલો દિવસ હોવાથી તે દિવસે સૂર્યનારાયણ સાત ઘોડાવાળા નવા રથમાં બેસીને આકાશ માર્ગે ફરવા નીકળે છે એમ મનાતું હોવાથી દક્ષિણમાં તે રથસપ્તમી કહેવાય છે.

આ તહેવારને માટેની શાસ્ત્રોક્ત વિધિ પણ વૈવિધ્યવાળી અને રસમય છે. તહેવારને આગલે દિવસે ઉપવાસ કરી તહેવારને દિવસે પહો ફાટતાં જ માથે દીવો મૂકી સ્વચ્છ અને શાંત પાણીમાં દાખલ થવું અને સૂર્યોદય સુધી સ્નાન કરી ફરી મસ્તક પર દીવો મૂકી સૂર્યનું ધ્યાન ધરી દીવાને પાણીમાં વિસર્જિત કરવો. સ્નાન બાદ દેવતર્પણ કરી તુલસીક્યારા સામે સૂર્ય તથા સાત ઘોડાવાળા રથનું ચિત્ર કાઢવું અને તેની પૂજા કરવી. બાદ માટીના વાસણમાં તૈયાર કરેલી ખીરનું નૈવેદ્ય સૂર્યભગવાનને ધરવું. પછી બ્રાહ્મણોને દાન દક્ષિણા આપી તથા તેમને અને સૌભાગ્યવતી સ્ત્રીઓને જમાડીને પછી પોતે જમવું એવો સમગ્ર વિધિ છે. દ્રાવિડ દેશોમાં આ દિવસે શાસ્ત્રોક્ત વિધિ કર્યા પછી રાત્રે ગાયન, વાદન, દીપોત્સવ તથા રથોત્સવ ઇત્યાદિ ધામધૂમ ચાલે છે. બંગાળમાં તો કાર્તિકી પૂનમ અને દરેક રવિવારે પણ સૂર્યનારાયણની પૂજા થાય છે, જેને 'ઐત(સૂર્ય)પૂજા' કહે છે. ત્યારે માટીના વાસણને લાલ રંગી તે પર કેવડાનું પાન તથા પાનનું બીડું મૂકે છે અને તે પર લાલ રંગનાં ફૂલો ચડાવી ખીર તથા પીષ્ટક અર્પણ કરે છે. બાદ સ્ત્રીઓ હળદરકંકુ વહેંચે છે. મહારાષ્ટ્ર તથા

કર્ણાટકમાં પણ રથસપ્તમીને દિવસે હળદર કંકુ વહેંચવાનો રિવાજ છે.

આરોગ્યસુખની પ્રાપ્તિ માટેના આ તહેવાર માટે પુરાણમાં એક એવી કથા છે કે એક વખત કંબોજ દેશના યશોવર્મા નામના રાજાને વૃદ્ધાવસ્થામાં એક પુત્ર થયો. એ રોગી અને અશક્ત હોવાથી તેને કયા ઉપાયોથી સાજો કરી શકાય એ વિષે રાજાએ કુલજ્યોતિષીઓની સલાહ માગતાં તેમણે નવ ગ્રહના મુકુટમણિ એવા સૂર્યની તેના પર અવકૃપા હોવાથી તેને આરોગ્યલાભ ન હોવાનું જણાવ્યું, અને તે દૂર કરવા મહાસપ્તમીને દિવસે વ્રત પાળી સૂર્યની પ્રાર્થના કરવાનું અને એ રીતે દેવને પ્રસન્ન કરવાનું જણાવ્યું. એ પ્રમાણે રાજાએ વ્રત પાળતાં તેનો પુત્ર નીરોગી ને મહા તેજસ્વી બન્યો

આ તહેવારને દિવસે શાસ્ત્રોક્ત વિધિ સાથે જો સૂર્યનાં બાર નામ બોલી રોજ પ્રાતઃકાળે ઓછામાં ઓછા બાર સૂર્યનમસ્કાર કરવાનો સંકલ્પ કરી તે આચરણમાં લવાય તો સૂર્યની પૂજા થવા સાથે શરીરને પણ સારો એવો લાભ થશે.

આમળાંનું શરબત

આમળાંના ઉપયોગ તરફ આપણું ધ્યાન હજી પૂરું ગયું નથી. ક્યાંકક્યાંક તેનો મુરબ્બો થાય છે ને ક્વચિત ચટણી. બાકી દવા રૂપે તે પેટમાં જાય છે! પણ તંદુરસ્તીની દૃષ્ટિએ તેનો ઉપયોગ બહોળા પ્રમાણમાં થવો જરૂરી છે. લીલાં આમળાં હજી આવતાં હશે, એટલે આ ઋતુમાં તેનો લેવાય તેટલો લાભ લેવો જોઈએ.

પૂરતા પ્રમાણમાં આમળાં ખાવાં હોય તો તેનું શરબત બનાવવું એ જ એક ધોરી માર્ગ છે. બીજી રીતે જ્યારે એકબે આમળાં જ રોજ ખાઈ શકાય ત્યારે શરબત મારફત ૨૦-૨૫ સહેજે ખાઈ શકાય. ઘરનાં નાનાંમોટાં સૌને રોજ આમળાંના રસનું શરબત આપવું. આમળાંને ચટણીના પત્થર પર વાટીને તેમાં પાણી છાંટી રસ નિચોવી લેવો ને પછી તેમાં થોડું મીઠું નાખી શરબત બનાવી પીવું.

વિટામીન 'સી'ની ખાણ તરીકે આમળાં સુપ્રસિદ્ધ જ છે. એ બાબતમાં એક આમળું ત્રણ નારંગીની તોલે આવે છે. પત્તી ભાજી ને લીલાં શાકમાં વિટામીન 'સી' હોય છે, પણ રાંધવામાં તે નાશ પામે છે. લીંબુનો રસ કે ફળનો રોજ કેટલા ઉપયોગ કરે છે? આમ સામાન્યરીતે વિટામીન 'સી'ની ખોટ આપણને સદા રહ્યા કરે છે. વજન ઘટવું, ભૂખ ન લાગવી, પાંડુરોગ, ચામડીના તથા દાંતના રોગ વગેરે અનેક રોગોના મૂળમાં વિટામીન 'સી'ની ઊણપ હોય છે. આમળાંનું શરબત એ આમ જનતા માટે આ ઊણપ ભરી કાઢવાનો રામબાણ ઉપાય છે. આખી ઋતુ દરમિયાન આ શરબત રોજ પીધું હોય તો વર્ષનું ભાથું બંધાઈ ગયું સમજવું. પછી મુરબ્બાની ખટપટમાં પડવાની જરૂર નથી રહેતી.

આ અતિ ઉપયોગી સૂચના વખતસર પહોંચાડી શકાઇ હોત તો સારું થાત, છતાં આવતાં વર્ષની તૈયારી રૂપે પ્રયોગ ખાતર બચેલી ઋતુનો ફાયદો ઉઠાવી લઇએ. —ઝવેરભાઈ પટેલ (લોકજીવન)

આ માસ (જાન્યુઆરી) ઈતિહાસમાં

તા. ૧ પારસીઓ ઇરાન છોડી હિન્દને કિનારે ઊતર્યા, ૭૯૮

તા. ૪ 'સરસ્વતીચંદ્ર'ના કર્તા ગોવર્ધનરામ ભાઇનું અવસાન, ૧૯૦૭

તા. ૬ શિવાજીએ સુરત લૂટી તેની ખાનાખરાબી કરી, ૧૬૬૪

તા. ૭ ગૅલિલીઓએ ગુરૂના ઉપગ્રહો શોધી કાઢ્યા, ૧૭૮૯

તા. ૯ કવિવર નાનાલાલ દલપતરામનું અવસાન, ૧૯૪૬.

તા. ૧૦ ટપાલની ટિકિટોની આદ્ય જનની 'પેની-પોસ્ટ'ની ઇંગ્લંડમાં શરૂઆત થઇ, ૧૮૪૦

તા. ૧૫ અસીમ ખુવારી કરનારો બિહારનો કરુણ ધરતીકંપ, ૧૯૩૪

તા. ૧૮ લૉર્ડ અર્વિનના હાથે નવું દિલ્હી ખુલ્લું મુકાયું, ૧૯૨૭

તા. ૨૧ રશિયન લોકસત્તાવાદના સ્થાપક લેનિનનું અવસાન, ૧૯૨૪

તા. ૨૬ ઑસ્ટ્રેલિયાનું પાટનગર સિડની વસ્યું, ૧૭૮૮



આ માસની વ્યક્તિવિશેષ : મહાદેવ હરિભાઇ દેસાઇ

રાષ્ટ્રસેવાના ઓરસિયા ઉપર ચંદન જેમ ઘસાઈ જઇ સેવામય જીવનની મહેક મૂકી જનાર મહાદેવભાઇથી ગુજરાત અજાણ્યું ન હોય. એમનો જન્મ ૧૮૯૨ના જાન્યુઆરીની ૧લી તારીખે સુરત જિલ્લામાં ઓલપાડ પાસે દિહેણ ગામે થએલો.

શાળાજીવનની શરૂઆતથી તે છેક કૉલેજના છેલ્લા વર્ષ સુધીના સમસ્ત અભ્યાસકાળમાં એમણે તેજસ્વીબુદ્ધિ દાખવી શિષ્યવૃત્તિઓ મેળવેલી. વળી એ દરમ્યાન અંગ્રેજી તથા ગુજરાતી ઉપરાંત બંગાળી તેમજ મરાઠી ભાષા પર પણ સારું પ્રભુત્વ મેળવેલું હોવાથી બી. એ. થયા બાદ તુરત જ એમને સેક્રેટરીએટમાં ઓરીએન્ટલ ટ્રાન્સલેટરની ઑફિસમાં જગ્યા મળી ગઈ. એ નોકરી દરમિયાન તેમણે કાયદાનો અભ્યાસ કર્યો, અને એલએલ.બી. થઇ નોકરી છોડી અમદાવાદમાં બેએક વર્ષ વકીલાત પણ કરી. પરંતુ તે ધંધામાં નહિ ગોઠતાં સરકારના કો-ઑપરેટિવ ખાતામાં ઈન્સ્પેક્ટર તરીકે જોડાયા. આથી એમને ગ્રામ જનતાના પ્રશ્નોનું સાચું જ્ઞાન મળ્યું.

એવામાં ૧૯૧૫માં ગાંધીજી આફ્રિકાથી હિંદ આવ્યા. તેમના સિદ્ધાંતોથી આકર્ષાઈ તેમણે પોતાની ઉજ્જ્વળ આશાઓ આપતી નોકરી છોડી દીધી અને ગાંધીજીની સાથે જોડાઈ, પોતાનું જીવન સર્વસ્વ એમને ધરી દીધું. તે પછી ગાંધીજીના અંતેવાસી તરીકે તેમણે ગાંધીજીની અને દેશની જે સેવા કરી તે સર્વજ્ઞાત છે. એ સેવા કરતાં ગાંધીજીના ને એમના જીવનધ્યેયના એ મૂગા ભક્ત ૧૯૪૩ની ૧૫મી ઑગસ્ટે જેલમાં-આગાખાન મહેલમાં-જ તેઓ મૃત્યુને ભેટ્યા.

આ માસનો પ્રસંગવિશેષ : 'એક્સ' કિરણોની શોધ—જગતની કેટલીક મહત્ત્વની શોધની માફક આ 'એક્સ'-રેની શોધ પણ અકસ્માત જ થઈ છે. એક અંધારી ઓરડીમાં જર્મનીના પ્રોફેસર વિલ્હેમ રૉ(ટ)જન (Roentgen) કાળા કાગળથી વીંટાળેલી નિર્વાત કાચની નળીમાં વિદ્યુત-પ્રવાહ પસાર કરીને પ્રયોગ કરતા હતા, ત્યારે એ નળીમાંથી નીકળતાં કિરણોની અસર, પાસે પડેલી ફોટોગ્રાફીની પ્લેટ પર થતાં તેમને આશ્ચર્ય થયું. વધુ પ્રયોગ કરતાં જણાયું કે એ કિરણો અદૃશ્ય હોઇ કાગળ, લાકડું, ઍલ્યુમીનિયમ આદિ વસ્તુની આરપાર જવાનું સામર્થ્ય ધરાવતાં હતાં. પણ એ કિરણોના ચોક્કસ સ્વરૂપ વિષે તે અજ્ઞાત હોવાથી તેમણે તેનું નામ 'ક્ષ' કિરણો (X-Rays) આપ્યું. આ શોધ તેમણે ઇ. ૧૮૯૬ના જાન્યુઆરીની ૫મીએ જગત આગળ મૂકી. એ નાનકડી શોધમાંથી આગળ જતાં વૈદકશાસ્ત્રમાં ક્રાંતિકારી યુગ શરૂ થયો. હાડકાંની વિકૃતિ શોધવામાં, ક્ષયરોગનું ચોક્કસ નિદાન કરવામાં અને કૅન્સર તથા ચામડીના રોગોના ઉપચારમાં તેનો ઉપયોગ થવાથી માંડી ઉદ્યોગોમાં ધાતુ ઢાળવામાં થતી ભૂલ શોધી કાઢવા સુધી અનેક ક્ષેત્રોમાં આજે તેની મદદ અમૂલ્ય થઇ પડી છે.

ધન જોબન ને ઠાકુરી, તે ઉપર અવિવેક;
એ ચારે ભેગાં થયે અનરથ કરે અનેક.

પોતાનો ધર્મ સાચવવા કાજે માભોમ ઈરાન છોડીને ગુજરાતમાં સંજાણ કિનારે ઊતરેલા પારસીઓના ધર્મગુરુએ સંજાણના રાણા પાસે દૂત મોકલીને પોતાને ગુજરાતમાં વસવા દેવા વિનતિ કરી. નવી વસતિ માટે દેશમાં તસુ યે જમીન ન હોવાથી રાણો વિચારમાં પડ્યો, ને તેના સંકેતરૂપ દૂધનો છલોછલ ભરેલો પ્યાલો ગુરુને મોકલ્યો. તે પર શાંતચિત્તે વિચાર કરી, તેમાં મૂઠી ભરીને સાકર નાખી ગુરુએ પ્યાલો પાછો મોકલ્યો. પાછું આવેલું એ દૂધ ચાખી જોતાં શાણો રાણો ગુરુનો સંકેત સમજી ગયો અને દૂત જોડે સંદેશો મોકલ્યો કે આ દૂધમાં સાકર સમાઇ ગઇ તેમ અહીં ભાઈભાઈ થઇને રહેવા તત્પર છો તો અત્રે ખુશીથી રહો. ને ત્યારથી–આજ સાડા અગિયાર સો વરસથી પારસીઓ ગુજરાતનું ગૌરવ બનીને રહ્યા છે.

અનેકાર્થી શબ્દ: **ચાર**=એક સંખ્યા; લીલું ઘાસ; જાસૂસ; ખેપિયો; થોડુંઘણું દર્શાવવા વપરાતો પ્રયોગ (ચાર પૈસા કમાયો).

કહેવતોના અર્થ: 'રાતે સાડલે રાંડ, ને પાશેર લઇ ગઇ ખાંડ'—છોકરાને દુકાન ભળાવીને વાણિયો જમવા ગયો અને પાછળથી કોઇ ઉધાર લઈ જાય તો તે વિગતવાર ચોપડે લખવા કહ્યું. છોકરો અક્કલનો અધૂરો હતો; એટલે વાણિયો જ્યારે જમીને પાછો આવ્યો ત્યારે તેણે ચોપડામાં નીચે મુજબ નામું લખેલું જોયું: "રાતે સાડલે રાંડ, ને પાશેર લઇ ગઈ ખાંડ; ખૂણામાંથી આવી, ને ખાંચામાં પેઠી. વળતાં વળી, તે લઇ ગઈ તેલની પળી." એ તો સ્પષ્ટ છે કે માલ લઈ જનાર બાઇ સંબંધે આટલી બધી વિગતો લખેલી હોવા છતાં તેનો કશો જ પત્તો તે ઉપરથી મળે તેમ હતું નહિ. આ વાત, કદાચ, જોડી કાઢેલી હશે; પણ બેદરકારીથી અધૂરાં કરેલાં કામો કે અધૂરી માહિતીઓને માટે ઠપકો આપતાં આ કહેવત વપરાય છે.

> ¶ કોઈ એક વખત તમારો વિશ્વાસઘાત કરે તો એ ગુનો તેનો; પણ જો તે બીજી વખત કરે તો પછી ભૂલ તમારી.

ગણિતગમ્મત

કોઈ પણ ત્રણ આંકડાની રકમ લો. તેને ઉલટાવો. એ બંને રકમના તફાવતના પહેલા અંકમાં ૧ ઉમેરીને તે રકમ વડે એ તફાવતની રકમને ભાગો. જવાબ ૯૯ જ આવશે!



વ્યાપાર નિમિત્તે હિંદ આવીને પગદંડો જમાવવા માંડેલી યુરોપિય પ્રજાઓએ શરૂ કરેલા સિક્કાઓની આ પાના પર આવતી માળામાં આ ઉપર આપેલો પાંચમો સિક્કો રાણી ઇલિઝાબેથે હિંદ માટે પાડેલો સિક્કો છે.

ઝાંખો પ્રકાશ આપતી બૅટરીનાં શેલને ફેંકી ન દેતાં, તેની ઉપરનાં કાગળનાં પડ છથી આઠ કલાક સુધી ઠંડા પાણીમાં એવી રીતે બોળી રાખવાં કે ફકત કારબનની લાકડી દેખાય છે તે કાળો ભાગ ઉપર રહે. આવી રીતે તૈયાર થએલા શેલ નવા શેલ જેટલું જ કામ આપશે. (મોરારભાઇ દ. પટેલ)
(પાણી નવસારનું હોય તો વધુ સારું.·તં૦)

કૅપ્ટન પોતાની ટુકડીના માણસોને સવારે કામ સોંપતો હતો: 'હવે, જે આળસુ હોય તેને એક સાવ નીરાંતનું કામ સોંપવાનું છે; તો જે સૌથી આળસુ હોય તે હાથ ઊંચો કરે.'

આ સાંભળીને એક સિવાય બધા જ માણસોએ હાથ ઊંચા કર્યા. કૅપ્ટને પેલા બાકીનાને પૂછ્યું 'તેં કેમ હાથ ઊંચો ન કર્યો?'

'એટલી યે તકલિફ કોણ લે?' જવાબ મળ્યો.

* જગતભરમાં દર વર્ષે બે લાખ નવી શોધ માટેનાં પેટંટ અપાય છે. * ઊડતી વખતે માખી એક સેંકડમાં ૩૩૦ વખત પાંખો હલાવે છે. * ઇંગ્લંડમાં ૫ લાખ સ્ત્રીઓ કેવળ ટાઈપરાઇટિંગ કરીને જીવનનિર્વાહ ચલાવે છે * માણસના શરીરમાં ૨૦૦ ઉપરાંત હાડકાં છે.



કલાકણિકા: (જમણી બાજુ) કંબોડિયાના વિખ્યાત 'મહાદ્વીપ પૅગોડા'માંના એક થાંભલા પરની આ કારીગરી હજી ૧૦૦ વર્ષ ઉપરની જ ત્યાંની વિશિષ્ટ કલાનો નમૂનો છે. એના પરના આલેખનમાંનો મકર-સર્પ (મગરના અંગવાળું સર્પની આકૃતિનું એક કલ્પિત કથાપ્રાણી) ચીન-જાપાન આદિ પૂર્વદેશોમાં શુભ શુકન તથા માનવજીવનને બોધપ્રદ પ્રતીક મનાય છે. એ આકૃતિ ત્યાં એટલી વ્યાપક છે કે રોજિંદા ઉપયોગની વસ્તુઓ પર પણ તેનું આલેખન હોય છે.

(અનુ. પૃ૦ ૪ થી ચાલુ) એ છેલ્લી કડી ગઇ. માતા તો ૧૯૦૯માં જ પ્રભુના ધામે પરવર્યાં હતાં. હવે કુટુંબ જેવું કશું રહ્યું નહિ. તેવામાં પોરબંદર રાજ્યનું રૂ. ૫૦૦ના પગારે સ્ટેટના ઇજનેર બનવાનું આમંત્રણ આવ્યું, પણ એમને હવે તો દરિદ્રનારાયણોના ભંગાર-જીવનની મરામત કરવાની લગની લાગી હતી, એટલે આમંત્રણ પાછું વાળ્યું.

એક દિવસે સાંજે મુંબઇના પાલવા બંદર ઉપર, આજે જ્યાં આલીશાં 'ગેઇટ વે ઑાવ ઇન્ડિયા' ઊભો છે ત્યાં, બેડોળ પતરાંનાં છાપરા તળે બાંકડા ઉપર બેસીને ઠક્કર બાપા પોતાના નાના ભાઈ ડૉ. કેશવલાલની સાથે ગંભીર ભાવે વાર્તાલાપ કરી રહ્યા હતા:

'દેશને આજે આજીવન સેવાવ્રતધારી સાચા સેવકોની જરૂર છે. મારો આત્મા પોકારી રહ્યો છે કે સેવાક્ષેત્રમાં ઝંપલાવ. તેથી આ સુધરાઇની નોકરી છોડવાનો મેં નિર્ણય કરી નાખ્યો છે.'

નાનાભાઇએ સમજાવવા માંડ્યું: 'પણ પાંચેક વર્ષ જાળવી જાઓ તો શું ખોટું છે? પાંચ વર્ષે તમારી નોકરીનાં પંદર વર્ષ પૂરાં થઈ જશે અને પગારના ત્રીજા ભાગનું પેન્શન મળશે. પછી સેવા કરજોને? કોઈના ઓશિયાળા તો ન રહેવાય?'

હસીને ઠક્કરબાપા એ કહ્યું: 'પાંચવર્ષ? પાંચ વર્ષ કોણે જોયાં છે? ને પાંચ વર્ષમાં તો કેટલુંયે સેવા કાર્ય થઈ શકે.' નાનાભાઈ મૌન રહ્યા.

એ સંકલ્પને અંતે મુંબઈ મ્યુનિસિપાલિટીના રોડ સુપરિન્ટેન્ડેન્ટ શ્રી અમૃતલાલ ઠક્કર, ઈ.૧૯૧૪ના ફેબ્રુઆરીની ૯ઠ્ઠી તારીખે, ગોખલે એ સ્થાપેલા ભારત સેવક સમાજમાં જોડાઇને આજીવન માનવ સેવાના દીક્ષિત બન્યા.

અને એ દીક્ષાનો નિર્ણય કરતાં એમને શું શું ત્યાગવાનું હતું? રૂ. ૩૫૦ ના દરમાયાની અમલદારી: પાંચ વર્ષમાં એ નોકરીની રૂ. ૫૦૦ સુધીની બઢતીનો લાભ: તે વીત્યે ઘેર બેઠાં ૧૫૦-૨૦૦ નું પેન્શન: અને કોને ખબર, એથી યે ભારે કોઈ કદરની પૂરી સંભાવના. ભારત સેવક સમાજમાં સભ્ય તરીકે ચુંટાતાં પહેલાં ઉમેદવાર તરીકે સેવા આપવી પડે છે. શ્રી કરસનદાસ ચીતલિયા એ વખતનું સ્મરણ નોંધતાં લખે છે કે બાપાની ઈચ્છા નોકરીમાંથી અમુક મુદતની રજા મેળવીને ઉમેદવાર તરીકે જોડાવાની હતી, જેથી સભ્ય તરીકે પોતાનો સ્વીકાર ન થાય તો નોકરી ચાલુ રહી શકે ને સોસાએટીને પણ આર્થિક લાભ થાય. પણ એમની આ દરખાસ્ત ગોખલેજીએ નામંજૂર કરી તેમણે તો કહ્યું કે નોકરીમાંથી રાજીનામું આપીને તદ્દન મુક્ત થાઓ ને પછી જ ઉમેદવાર તરીકે અરજી કરો. એનો અર્થ એ કે ઉમેદવારીની મુદત પૂરી થયે જો સભ્ય પદની અરજીનો અસ્વીકાર થાય તો સ્થિતિ 'અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ' જેવી થાય. આમ છતાં બાપાએ એ વિચારનો પણ ત્યાગ કરી દઇને તરત નોકરીનું રાજીનામું આપી દીધું.

એ વાતને આજ પાંત્રીસ વર્ષગાં એ પાંત્રીસ વર્ષમાં એ. વી. ઠક્કર નામના એન્જીનીઅર સમસ્ત ભારતવર્ષના ઠક્કર બાપા બની ચૂકયા.

એ દરમ્યાન એમણે જે સંખ્યાતીત સ્થળો ને સંસ્થાઓમાં મૂંગુ ઊજળું સેવા કાર્ય કામ કર્યું તેની નોંધ આપી જાય તેમ નથી. દેશના અભણમાં અભણ, કંગાલમાં કંગાલ, અને સૌથી વધારે પીડિત દસ કરોડ અસ્પૃશ્યો ને આદિવાસીઓ, કરોડો દુકાળિયાઓ ને દુઃખીઓ, લાખો રેલ, ધરતીકંપ, અતિવૃષ્ટિ, આગ ને અકસ્માતોના નિર્દોષ શિકારો, એ ઠક્કર બાપાની ૩૫ વર્ષની નિઃસ્વાર્થ સેવાનાં પાત્રો બની રહ્યાં છે. એ મૂંગી સેવાની એમણે કદી જાહેરાત વાંચી નથી, એનું એમણે કયાંયે ડિમડિમ વગાડયું નથી. દેશનો એક પણ ખૂણો એમણે છાડયો નથી. જનસેવાની પ્યાસથી વ્યથિત બાપા એવાંએવાં કપરાં સ્થળે ગયા છે જ્યાં કોઇ દેશસેવક હજી પહોંચ્યો નથી. એ પાંત્રીસ વર્ષનો એમનો સેવાયજ્ઞ દુનિયાને ચોપડે કદાચ પૂરો નહિ લખાયો હોય, પણ ઇશ્વરને ચોપડે તો અચૂક લખાયો હશે. છેલ્લાં ઘણાં વરસોમાં દેશમાં ઠક્કર બાપાના કરતાં ચડિયાતો કર્મયોગી અને સમાજસેવક થઈ ગયો જાણ્યો નથી.

એમની કાર્યપદ્ધતિ સમજવા માટે, તેઓ શ્રી વિઠ્ઠલભાઇ પટેલને માટે કામ કરવા નીકળ્યા ત્યારનો છેક ઈ.૧૯૧૭નો એક પ્રસંગ નોંધવા જેવો છે. ગુજરાતના એક ગામડામાં રાતના એક વાગ્યાના સુનકારમાં ખડખડ કરતું એક ગાડું ગુજરાતી શાળાને બારણે આવીને ઊભું ને તેનાં મુસાફરે શિક્ષકનું બારણું ખખડાવ્યું. આવે વખતે અજાણ્યા માણસને બારણે ઊભેલો જોઇને શિક્ષક ચમકી ગયો. મુસાફરે તેને કહ્યું: 'માસ્તર, મારું નામ અમૃતલાલ ઠક્કર. મુંબઈથી વિઠ્ઠલભાઈ પટેલે મને મોકલ્યો છે. એમના મફત અને ફરજિયાત કેળવણીના ખરડાને લગતા આંકડા ભેગા કરવા નીકળ્યો છું?' શિક્ષકે કહ્યું: 'ભલે સાહેબ, પધારો. અત્યારે આપ આરામ કરો; સવારે...'

બાપા સ્વસ્થ નિર્બળ અવાજે બોલ્યા: 'ના માસ્તર, અમારે તો રાતોરાત બીજે ગામ પહોંચવું છે. રહેવા જેટલી વેળા નથી.' ફાનસ પેટાવી માસ્તરે જરૂરી આંકડા કાઢી આપ્યા. ત્યારે રાતના બે વાગ્યા હશે. બાપાએ વિનતિ કરી, 'માસ્તર, અત્યારે કોઈ રસોઈ કરી આપે ખરું ? અમે વાળુ કર્યું નથી.' પેલા શિક્ષકે રાંધીને એમને જમાડયા, અને બાપા વધુ આંકડા મેળવવા બીજે ગામ ઊપડી ગયા.

આમ, અગાઉથી ઠરાવેલા કાર્યક્રમ પ્રમાણે એ પ્રવાસ નિશ્ચલપણે આગળ વધે છે. વિધાતાના લેખ જેવો એ કરડો ને અફર છે. કાળી રાત કે બળબળતા બપોર, પેટમાં ભૂખના ખાડા કે અંગની પેશીએ પેશી તોડતો થાક, કશું એમના કાર્યક્રમની એક પણ વિગતને ફેરવી શકતું નથી. આ ગામમાં ખાવાનું તૈયાર ન હોય, બપોરના બે વાગ્યાનો યોગ ધખતો હોય, તો યે જો કાર્યક્રમ સામે ગામ પહોંચી જવાનો હોય તો તેમાં મીનમેખ થઈ શકે નહિ. સાથીઓની ઢીલાશને એ ગણકારે નહિ. ઢીલો માણસ એ ખડતલ કર્મયોગીની તહેનાતમાં ટકે નહિ. આવી ચીવટથી આખા ગુજરાતનાં ગામડાં એમણે ખૂંદી નાખ્યાં, અને એક અખંડ ઉદ્યમી અભ્યાસી તરીકે તથા અડીખમ કાર્યકર તરીકે એમની છાપ બેસી ગઈ.

એક બીજું દૃષ્ટાંત પણ નોંધવા જેવું છે. શ્રી પાંડુરંગ ગોવિંદ વણીકર સેવાવૃત્તિની દીક્ષા સમજવા બાપા પાસે ત્રણ માસ પૂરતા ભીલોમાં કામ કરવા ગયા હતા. બાપા એમને બાર મહિના રહેવાનો આગ્રહ કરતા હતા. શ્રી વણીકરે રામનવમીની મધરાતે પોતાનો આખરી નિર્ણય જણાવવાનું વચન આપ્યું હતું, અને સૌ ભીલપ્રદેશમાં ફરતા હતા. રામનવમી આવી પહોંચી. રાત્રે એક ભીલ ગામડામાં સૌ સૂતા હતા. ત્યાં બાર વાગ્યા કે તરત જ જાગ્રત બાપાએ ટોર્ચથી ઘડિયાળ જોઈ અને શ્રી વણીકરને પૂછ્યું: 'વણીકરભાઇ જાગો છો કે? બાર વાગ્યા: શો નિર્ણય કર્યો?' અને શ્રી વણીકરે પોતાનો બાર માસ રહેવાનો નિર્ણય જણાવ્યો. ૧૯૨૨ની આ ઘટના. તે પછી તો એ વણીકરભાઈ આજે યે ભીલસેવામાં રચ્યાપચ્યા રહ્યા છે.

૧૯૧૯-૨૧માં દાહોદ-ઝાલોદના પ્રદેશમાં દુષ્કાળ રાહતકાર્ય કરતાં નાગાંને વસ્ત્ર ને ભૂખ્યાંને અન્ન સાથે તે ઉદ્યોગ આપતા હતા ત્યારે પંચમહાલના ભીલ લોકો એમને 'ચીથરાં વહેંચનારો બાબો' કહેતા. અને એમને 'બાપા'નું બિરુદ સ્વ. ઝવેરચંદ મેઘાણીએ આપેલું.

એમની ૭૦મી વર્ષગાંઠ વખતે ગાંધીજીએ એમનાં વિષે લખ્યું હતું: 'ઠક્કરબાપા એક વિરલ લોકસેવક છે. તેમનું કામ એ જ તેમનો એકમાત્ર સંતોષ ને એકમાત્ર મનોરંજન છે. ઘડપણે એમના ઉત્સાહને

મેળો પડયો નથી. તેઓ પોતે જ એક સંસ્થા જેવા છે. મેં એક વાર એમને લખ્યું કે 'તમે જરા આરામ લો તો સારું.' તરત જ તેમનો જવાબ આવ્યો: 'આટલું બધું કરવાનું પડયું છે ત્યાં મારાથી આરામ શી રીતે લઇ શકાય? મારું કામ એ જ મારો આરામ હોવો જોઇએ.'

સવારના ૬ થી રાતના ૧૦॥ સુધી હમેશાં એમના જીવનચક્રની સેવાચક્રી ચાલુ જ હોય છે. આ બધાની સાથે જીવનમાં ઈજનેરી ઢબની વ્યવસ્થા: જે દિવસે પત્રો મળે તે દિવસે જ એના જવાબો આપવા જ જોઇએ: તે કાલ ઉપર રખાય જ નહિ. દરરોજનો હિસાબ દરરોજ ચોકસીપૂર્વક લખાવો જ જોઇએ: એમાં દલીલ ન ચાલે. પોતાની નિત્યનોંધ લખવા-લખાવવામાં પણ નિયમિત. દરરોજ કરવાનાં કાર્યોની સવારમાં જ નોંધ કરી લેવાની ને તે પ્રમાણે વ્યવસ્થિતરીતે કામોનો એક પછી એક નિકાલ કરવાનો. આંકડા-હકીકતોની બાબતમાં તો એ પૂરતી ચિકાશ રાખે છે. એમની સત્યોપાસનાની પ્રતીતિ તેમાંથી મળી રહે છે.

જાહેર જીવનમાં પાઈપાઈની કરકસર કરવી ને પાઇએ પાઇનો હિસાબ રાખવો, એ બાબતમાં ઠક્કરબાપા ગાંધીજીના સમોવડિયા બને તેમ છે. એક ભીલ સેવકે તારમાં બેચાર નિરર્થક શબ્દો લખી થોડા આના વધુ બગાડેલા, તેને ટૂંકામાં તાર લખવાની કળા બતાવીને બાપાએ લખ્યું હતું: 'બાર શબ્દથી ૧૩ આનામાં કામ સરે, પણ તમે તો ૨૦ આના ખર્ચ કર્યો હશે. આમ પૈસા બગાડવા નહિ.'

એમના હાથમાં જાહેર સેવા માટે ખર્ચવા માટેની જે રકમો આટલાં વરસોમાં આવી હશે તેનો સરવાળો કરોડોથી થઇ શકે તેમ છે. એમાંથી એક કોડી પણ ગેરવલ્લે ન જાય ત્યાં સુધી તો ઠીક, પણ વગર જરૂરી ખર્ચમાં પણ ન વપરાય એ માટેની એમની ચીવટ ભલભલાને તોબા પોકરાવે છે. ૧૯૨૧માં સ્વ. દેવધર મલબાર સંકટ-નિવારણની મોટી પ્રવૃત્તિ ચલાવી રહ્યા હતા. લાખો રૂપિયાનું એ માટે ઉઘરાણું થએલું. એમાંથી જે કચેરીખર્ચ ચાલતું તેમાં સ્વયંસેવકો માટે ચા થતી તેનો પણ સમાવેશ થતો. એક દિવસ બાપા બહારગામથી આવી ચડયા ત્યારે તેમને પણ એ ચા પાઈ. પાછળથી જ્યારે એમને ખબર પડી કે એ ચા તો જાહેર ઉઘરાણાના પૈસામાંથી થતી, હતી ત્યારે મહેતાજીને જઇને એ એક આનો આપી આવ્યા!

આંખો સાબૂત હતી ત્યાં સુધી મુંબઇમાં પણ એમણે ટ્રામ સિવાય બીજા વાહનનો ઉપયોગ જાહેર ફંડ-ફાળાનાં નાણાંમાંથી કર્યો નથી. કાયદેસર એમને ઊંચા વર્ગોનું ખર્ચ કરવાનો હક્ક હોવા છતાં એ નીચામાં નીચા વર્ગમાં ફરતા ને સ્ટેશનેથી બહાર નીકળી ટ્રામમાં બેસીને સોસાયટીને મકાને જતા.

સર્વંટ્સ ઑવ ઇન્ડિયા સોસાયટી એમને શરૂઆતમાં રૂ. ૬૦)નું ખર્ચ આપતી. એમાંથી વીસ-પચીસનું ખર્ચ કરી બાકીની રકમ હમેશાં સખાવતમાં આપી દેતા. આજે એમને બંધારણસભામાંથી રોજના રૂ. ૪૦)નું ભથ્થું મળે છે, છતાં જીવનની સાદામાં સાદી ને જૂજમાં જૂજ જરૂરિયાતો પાછળ આજે પણ ૪૦-૫૦ રૂપિયા જેટલા માસિક ખર્ચમાં ચલાવી લઇ બાકીની એમની એ તમામ આવક તેઓ છૂપાં દાનમાં વાપરી નાખે છે. શિસ્ત, નિયમિતતા અને હદ બહારનું પ્રામાણિકપણું એ એમના ત્રણ મોટામાં મોટા ગુણ એટલી હદે બીજા કોઈનામાં હજુ જોયા નથી. વ્યવસ્થિતપણું તો એમના સ્વભાવમાં એટલી હદ સુધી ભર્યું છે કે, ઘરમાં દાખલ થતાંની સાથે જ ઉંબર બહાર જોડા ચંપલ વગેરે ગમે તેમ પડેલાં હોય તે એકસરખાં ગોઠવી દે. એમના ભત્રીજા શ્રી રામુ ઠક્કર લખે છે કે 'એકવાર હું બોરીબંદર સ્ટેશને એમને વળાવવા ગએલો ત્યારે મારા ડગલાનું એક બટન તૂટેલું હતું. પુનાથી એમણે મારી પત્ની ઉપર એક પોસ્ટકાર્ડ લખીને જણાવ્યું કે પુરુષો કામકાજમાં આવી વાતો ભૂલી જાય, પણ તેમના ડગલાનાં તૂટેલાં બટનો ટાંકી દેવાનું કામ સ્ત્રીઓનું છે.'

આપણી સાથે વાતો કરતા બેઠા હોય ત્યારે તકિયાના કવરની કસ ખુલ્લી હોય તો તે બાંધી દે. આજુબાજુમાં કાગળની કરચ કે કોઈ નકામી ચીજ પડેલી હોય તે ઉપાડીને નાખી આવે. બધી વસ્તુઓ બરાબર ઠેકાણાસર, સારી દેખાય એવી રીતે ગોઠવેલી છે કે નહિ તે જોયા કરે, અને ન લાગે ત્યાં જાતે જ સરખું કરી લે. એમનામાં એ ગુણ એટલો સ્વાભાવિક થઈ પડયો છે કે કોઈને ઉપદેશ આપ્યા વગર જાતે કરી લઈને આવી નાનીનાની ચીજો તેઓ સાથીઓને શીખવતા જ રહે છે.

૪૦ વરસ થયાં તેઓ પોતાની રોજનીશી એટલી ચોક્કસાઇથી લખે છે કે એમાં એક દિવસનો પણ ખાડો પડયો નથી. હજુ પણ (પોતે લખી શકતા નથી એટલે) એ રોજનીશી કોઈ પાસે લખાવે છે. ૪૦ વરસની એમની એ રોજનીશીઓ જ્યારે દેશના હાથમાં આવશે ત્યારે એમાંથી કોઈ અજબ સાહિત્યધન દેશને સાંપડી રહેશે.

ઠક્કરબાપાનું પ્રિય સાહિત્ય, બીજા ઘણાઓને વાંચતાં કંટાળો અને અણગમો આવે તેવા વસતિપત્રકોના અહેવાલો, સમિતિઓના તથા પંચોના વૃત્તાંતો અને કાર્યાલયની માથું પકવી નાખનારી ફાઇલો જ છે.


આટલા કઠોર કર્મયોગી હોવા છતાં એમના જીવનમાં નીરસતા કે શુષ્કતા ક્યાં યે જણાતાં નથી. સેવાકાર્યની તલ્લીનતા એમને મધુરતા તથા સુરસતા આપી રહે છે. બાપા એકલા હોય ત્યારે કોઈકોઈ વખત લહેરથી ગાય છે: 'મન મેરા લાગા યાર ફકીરી મેં'; કે 'મોં સમ કૌન કુટિલ ખલકામી'.

એમની પાચનશક્તિ આ ઉંમરે પણ અજબ છે. મિષ્ટાન્ન કે ફરસાણ પ્રત્યે એમને ઉદાસીનતા નથી: મળે, ત્યારે એનો ઇન્કાર કરતા નથી. પણ ભીલોની વચ્ચે ફરતા હોય ત્યારે બંટી કે મકાઇનો રોટલો પણ એટલા જ સ્વાદથી ખાઇ લે છે. એ કહે છે કે શરીરને કામ કરતું રાખવા માટે બે ટંકનું ભોજન જોઇએ, પણ એ ભોજન કઈ ચીજોનું બનેલું છે એ વાત મહત્ત્વની નથી. ખાનારને નુકસાન ન કરે એવું ગમે તે ભોજન ચાલે. આજે ૮૦ વરસે એમના મોંમાં કુદરતના આપ્યા ૩૨ માંથી ૨૮ દાંત સલામત છે અને આ વયે પણ ટટ્ટાર માથું રાખીને લાંબી ફાળ ભરતા ચાલી શકે છે.

એમના પાંચ ભાઇઓમાંથી એમનાથી નાના બે ભાઈઓ ૧૯૦૬ પહેલાં ભર યુવાવસ્થામાં ચાલ્યા ગએલા. એકના મરણ વખતે તો પોતે યુગાંડામાં હતા. ત્રીજા નાના ભાઇ ૧૯૧૯માં જ યુવાવસ્થામાં જ ગયા. એક હમણાં ૧૯૩૯માં ચાલ્યા ગયા. હવે તેમના એક જ નાના ભાઇ હયાત છે: ડૉ. કેશવલાલ ઠક્કર, ભાવનગરના પ્રખ્યાત ડૉકટર ને સમાજસેવક.


દુનિયામાં દુર્લભ એવા આ નરરત્નને પામીને ગુજરાત ધન્ય બન્યો અને હવે તો એ ધન્યતા દેશભરની બની છે. યોગીઓને પણ અગમ્ય એવા ગહન સેવાધર્મના ભવ્ય ઉદાહરણ સમા બાપાની યશઃકાયાને જરાવસ્થા જીર્ણ કરી શકે તેમ નથી. અને બાપાનું સેવાભૂખ્યું હૃદય પણ આજ એકાશી વર્ષે યે નવજુવાન જેવું પ્રાણવાન છે. એમનું એ ચૈતન્ય શતશત વર્ષનું થાઓ અને દેશના દીનહીન માનવો ઉત્થાન પામી સ્વાધીન ભારતના ગૌરવવંતા નાગરિક બનો.

(શ્રી ઝવેરચંદ મેઘાણી લિખિત પુસ્તિકા તથા બીજા લેખકોના લેખો ઉપરથી સંકલિત)



આપણા નવા બંધારણમાં પ્રાંતોના વહીવટ માટે કેવી રચના છે તે સ્પષ્ટ કરતો ચિત્રરૂપ આલેખ ઉપર આપ્યો છે. એની વિગતવાર સમજણ આ અંકની માધુકરીમાં આપી છે તે, આ આલેખને સાથે રાખીને વાંચતા જવાથી વિશદરીતે સમજાશે. ઉપરના ચિત્રમાં, વચ્ચેના ચોકઠામાં ગવર્નર, પ્રધાનમંડળ, ધારાસભા અને રાજસભાની રચનાઓ તથા તેના પરસ્પર સંબંધો દર્શાવ્યા છે. અને એ ચોકઠાની ત્રણે બાજુએ, પ્રાંતોને કઈ કઇ બાબતો ઉપર વહીવટનો અધિકાર છે તે સંજ્ઞાઓ રૂપે ચીતરી બતાવ્યું છે.

KUMAR Reg. No. B. 1808



અમદાવાદની સમૃદ્ધ શિલ્પકલાનો ઉત્કૃષ્ટ નમૂનો

હિંદુ અને ઇસ્લામી સ્થાપત્યના સુંદર સમન્વય સમો, અમદાવાદના શાહ-આલમના રોજાનો મનોહર દ્વાર-પ્રદેશ: એની ઉપલી કમાન ઇસ્લામી અને નીચલી(બારણાં ઉપરની) કમાન હિંદુ સ્થાપત્યની ઢબની છે. એની જાળીઓની ડિઝાઈન, ઇસ્લામી આદેશ મુજબ કોઈપણ જીવંત પ્રાણીના આલેખન વિનાની છે,-છતાં એ જાળીઓની ડિઝાઈનની ઢબ હિંદુ પરંપરા ઉપર છે, અને પિત્તળની જાળીવાળાં એનાં કમાડ અમદાવાદના જ કારીગરોના અદ્‌ભુત પિત્તળકામનો સુંદર નમૂનો છે. અમદાવાદનાં શિલ્પ અને સ્થાપત્યના આવા ચુંદા નમૂનાઓના બાવન ફોટોગ્રાફોના સુંદર આલ્બમમાંની આ એક વાનગી છે.

અમદાવાદ

ગુજરાતનું પાટનગર

❡ દેશના ધોરી વ્યાપારમાર્ગ ઉપરની પોતાની કેન્દ્રવર્તી ભૌગોલિક સ્થિતિથી, અને અદ્યતન ઉદ્યોગનગર હોવા છતાં એતદ્દેશીય સંસ્કૃતિનાં વહેણનો જીવંત ને પ્રબળ સ્રોત ધરાવવાને કારણે, અમદાવાદ જ ગુજરાતનું પાટનગર રહ્યું છે, રહેવાનું છે અને આગામી યુગમાં સોળે કળાએ વિકસવાનું પણ છે.

❡ છતાં એને વિષે આપણે કેટલું સાચું જ્ઞાન ધરાવીએ છીએ? એનો વિવિધરંગી ઇતિહાસ, એનાં ઊંડાં સંસ્કારવહેણ અને એની પુરાણી શિલ્પ–સ્થાપત્યની સમૃદ્ધિથી ખુદ અમદાવાદીઓ પૈકી પણ સંપૂર્ણ જાણકાર કેટલા હશે? માત્ર એની શિલ્પ–સ્થાપત્યની સમૃદ્ધિની જ વાત કરીએ તો, એ શહેરના સ્થાપક બાદશાહ અહમદશાહના ખુદના અવશેષ સંઘરતા મકરબાથી માંડીને છેક હઠીભાઇની વાડી અને સ્વામીનારાયણના મંદિર સુધીનાં હજી એક જ સૈકા ઉપરનાં મંદિરોમાં આપણી પરંપરાગત વાસ્તુકલાનો જે સમૃદ્ધ વારસો સિલસિલાબંધ રીતે જળવાયો છે તે પોતે જ એક મૂક પણ રસભર ઇતિહાસગ્રંથ છે.

❡ જગતમાં બેનમૂન પથ્થરી કોતરકામવાળી ગણાએલી સીદી સૈયદની મસ્જિદની જાળીઓ અને સપ્રમાણ શિલ્પના અનન્ય નમૂનારૂપ રાણી રૂપમતિની મસ્જિદથી માંડીને જલાગારો તથા ગરનાળાંઓમાં પણ છૂટે હાથે વેરાએલી કળાલક્ષ્મીના અવશેષો ધરાવતી અડાલજની વાવ તથા કાંકરિયા તળાવ સુધીનાં અમદાવાદનાં શિલ્પ–સ્થાપત્યો હજી યે આપણા એ પાટનગરની પુરાતન જાહોજલાલીની વાચા બનીને ઊભાં છે.

❡ તમે એ બધું નજરે ન જોયું હોય, કે ન જોઈ શકો તેમ હો તો એનું એક સચિત્ર આલ્બમ બહાર પડ્યું છે. એમાં, 'ગુજરાતનું પાટનગર–અમદાવાદ' નામના મહાગ્રંથના લેખક શ્રી રત્નમણિરાવ ભીમરાવે ખુદે આલેખેલી એ નગરની ઇતિહાસરેખા રૂપ પ્રસ્તાવના સાથે, બાવન ચુનંદા ફોટોગ્રાફો તે તે સ્થળનાં વર્ણનો સાથે-આર્ટ પેપર ઉપર સુઘડ છપાઈ સાથે સંઘરાયા છે. કિંમત માત્ર બે રૂપિયા [પોસ્ટેજ જુદું]. કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર, અમદાવાદ.